
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું સામયિક શ્રાવણ ૧૯૯૧ તંત્રી: રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત

૧૪૦



ગયા મહીનાનો વાચકો સં-
ભારીને અહીં જુઓ છોને ?
વારૂ, આ અંકને પાછલે પૂઠે
વાંચો.

કુમાર

શ્રાવણ ૧૯૯૧ · અંક ૧૪૦

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહા-
શંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક
લવાજમ રૂ. ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ;
તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



વીણાનો મૃગ

ચિત્રકાર • સોમાલાલ શ

વર્ષ બારમું · અંક આઠમો કુમાર શ્રાવણ · ઓગણીસ સો એકાણુ

ગઢ શિવનેરી

· વસંત ·

મેં તો નિહાળી દૂરની પથબંકિમાનાં
વૃક્ષો પૂંઠેથી, નભમેઘનું વત્સ કલ્પ્યો;
તું તો પરંતુ અહીં જુન્નરમંદિરો પે
ઝૂમી રહ્યો અટળ કાળની મુક્કી જેવો!
કલ્પ્યો હતો પ્રકૃતિના પ્રિય પારણા શો
જ્યાં ઝૂલવી વિહગ હાલરડે વનશ્રી
પોષી રહી વિમલ મુક્તિપ્રભાનું બાળ.
તું તો અરે ખડક કટ્ટર કાળમીંઢ!

આ જન્મમ્હેલ, પગલી શિશુવીરની આ,
એની હવે કરવી ફોગટ કલ્પના ના.
ને તો ય કોઇ રીત હૈયું નમે તને; તેં
લાવાથી જામી, કરી કોટિયુગો પ્રતીક્ષા,
દીધો શિવાજી, બજવ્યું ઇતિહાસકાર્ય;
છોને હવે ઇતર શો તું ય શૈલરાશિ.

ઉમાશંકર જોષી

¶ શિવાજીનું જન્મસ્થાન શિવનેરી કિલ્લો જોઇ આવેલા વિચારો સૉનેટબંધમાં . . . સામાન્યતઃ ભૂતકાળના અવશેષ જોઇને કવિનું તરંગપટુ (clever in fancies) માનસ એની આસપાસ આસમાનીમય (full of romance) વાતાવરણ રચી દે છે. આ કાવ્યમાં એવા સસ્તા તરંગપાટવને બદલે સમગ્રતાવાળી ઐતિહાસિક દૃષ્ટિ નાખીને ગઢના અસ્તિત્વની હકીકત ઉપર જ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે . . . છતાં કવિત્વની જરૂરી ચમકવિહોણું એ નથી; અને 'અટળ કાળની મુક્કી' જેવી કલ્પના તેમજ ચોક્કસ ભાષા વૈશિષ્ટ્ય શ્રી ઉમાશંકરની હથોટી સ્પષ્ટ દર્શાવે છે.

આપણી નજરે

આબીસીનીઆ અને ઈટલીના મોરચા

● થોડા માસ પહેલાં જેનું નામ ભાગ્યેજ કોઇ જાણતું તે આબીસીનીઆની આસપાસ આજ દુનિયાનો ઈતિહાસ ફેરા મારી રહ્યો છે. નકશો જુઓ તો જણાશે કે તેની ચારે બાજુ યુરોપનાં સમર્થ રાજ્યોની હકુમતવાળા પ્રદેશો છે. તેને દરિયા-માર્ગ સાથે સંબંધ આપનાર માત્ર જિબૂટીનું બંદર છે અને તે પણ ફ્રેંચ હકુમતનું છે. જિબૂટીથી આબીસીનીઆના પાટનગર આડીસ અબાબા સુધી એક રેલવે છે જેમાં અરધો ભાગ ફ્રાંસનો છે વળી જિબૂટી બંદરેથી ચડઊતર થતા બધા માલ ઉપર ફ્રાંસ જકાત લે છે. ફ્રાંસને આબીસીનીઆના વેપાર ઉપર આમ કબજો ભોગવતું જોઈ ઇટલીએ નજીકમાંનું પોતાનું અસ્સાબ નામનું બંદર આપી દીધું હતું.

આ આખા યે ખંડમાં આબીસીનીઆ એકલું જ ખ્રિસ્તી સામ્રાજ્ય છે અને યુરોપનાં રાજ્યોની ચુંગાલમાંથી આજ સુધી સ્વતંત્ર રહી શક્યું છે; પણ હવે તેના અધિકારો અને આબાદી પર તરાપ મારવા ઇટલીએ આફ્રિકામાં પોતાનું લશ્કર ઉતાર્યું છે.

ઇ.સ. ૧૯૦૬માં ઈટલી, ફ્રાંસ અને બ્રિટને આબીસીનીઆ જોડે એક સંધિ કરી હતી જેમાં તે દરેકે આબીસીનીઆની સ્વાધીનતાનો સ્વીકાર કર્યો હતો. તેનો અંદરનો હેતુ તો એવો હતો કે ઇટલી અને બ્રિટન પોતાનાં સ્વાર્થ-સગવડ પ્રમાણે આબીસીનીઆની વહેંચણી કરી લે. આથી ૧૯૨૩માં આબીસીનીઆએ લીગ ઑફ નેશન્સના સભ્ય થવાનું જાહેર કર્યું ત્યારે ઈટલી અને બ્રિટને તેને રોકવા બનતું કર્યું, પણ ફ્રાંસ વચ્ચે પડવાથી એમનું ચાલ્યું નહિ. ૧૯૨૫ના ડિસેમ્બરમાં ઇટલી અને બ્રિટન વચ્ચે ખાનગી કરારો થયા જેમાં આબીસીનીઆના બે ભાગ કરી તે બંને સત્તાઓનું શાસનક્ષેત્ર નક્કી કરી નાખ્યું. એનો સાર એ હતો કે બ્રિટિશના સુદાન મુલકને ફળદ્રુપ કરનારી નાઇલ નદીનું મૂળ જે રાના સરોવર આબીસીનીઆમાં આવેલું છે તેના પાણી પર અંગ્રેજોનો અધિકાર રહે તેમાં ઇટલી વાંધો ન લે, અને આબીસીનીઆની વચ્ચે થઈ ઇરીટ્રિયાથી ઇટાલિયન સોમાલીલૅન્ડ સુધી ઇટલી રેલગાડી નાખે તેમાં બ્રિટન આડું ન આવે. એ વખતે આબીસીનીઆમાં રાણી જેતીદુ ગાદી પર હતી અને રાસ તફારી (હાલના શહેનશાહ હેલ સિલાસી) રાણીના રીજન્ટ (મુખત્યાર) હતા. તેણે એ કરારની ચાલબાજી સમજી લીધી અને મદદ માટે જાપાન તથા અમેરિકા પર નજર નાખી. અમેરિકાની મદદથી તેણે સાના સરોવર પર મોટો બંધ બાંધવાનું ઠરાવ્યું અને જાપાન સાથેની સંધિથી તેને વ્યાપારની સરળતા મળી. જાપાને મોટે પાયે આબીસીનીઆમાં ખેતી શરૂ કરી અને એક નવી સંધિ એવી કરી કે ૧૦૦૦ જાપાનીઓ આબીસીનીઆમાં વસે અને બંને સરકારે એવું પણ કબૂલ કર્યું કે બંને જાતિઓને અંદર અંદર વિવાહ કરવામાં પ્રોત્સાહન દેવું ઇટલીની આંખમાં આ બધું ખૂંચ્યું. ૧૯૨૭માં ઈટલીએ તફારી સાથે મૈત્રી સ્થાપવા પ્રયત્ન કર્યો ને એક લડાયક ટૅંક તેને ભેટ મોકલી જે તેને તો રાણી સાથેના વિગ્રહમાં બહુ ઉપયોગી થઇ. છતાં તે ઇટાલીની જાળમાં તો ન ફસ્યો. ૧૯૩૦માં તે સમ્રાટ બન્યો કે તરત તેણે રાજકીય સુધારા હાથમાં લીધા. લશ્કરને નવી ઢબની તાલીમ આપી, દેશમાં નિશાળો, ઇસ્પિતાલો ને સડકો બનાવી, જાપાનથી લશ્કરી તોપો ને મશીનગનો મંગાવ્યાં. જાપાની માલ સાથે અસ્ત્રશસ્ત્રો પણ આવતાં જોયાં એટલે ગોરી પ્રજા ચમકી ઊઠી. ઘણા અનુભવીઓનું કહેવું છે કે આબીસીનીઆમાં જાપાનનો વધતો પ્રભાવ જ ઇટલીના ક્રોધનું મુખ્ય કારણ છે. ઇટલીને આબીસીનીઆનો સરોવરપ્રદેશ જોઇએ છે અને પોતાની સલાહ તળે આબીસીનીઆ અધીન રહે એમ તે ચાહે છે. આથી આબીસીનીઆની હદ આગળ પોતાના પ્રદેશમાં ફોજો ઉતારવા માંડી છે.



આબીસીનીઆના શહેનશાહ હેલ સિલાસી



આફ્રિકામાં આબીસીનીઆનું સ્થાન

આબીસીનીઆ ઇટલીથી ત્રણગણું મોટું છે. તેનો પહાડી પ્રદેશ યુરોપના જેવા તંદુરસ્ત હવામાનવાળો છે. પહાડ નીચેની જમીન ભૂબ ઉપજાઉ છે. ત્યાં સોનાની ખાણો હોવાનો પણ પાકો સંભવ છે. તેને આફ્રિકાનો તિબેટ કહીએ તો ખોટું નથી. એ બંને દેશો નવા યુગથી અસ્પૃષ્ટ છતાં પહાડોને લીધે સ્વતંત્રતા જાળવી રહ્યા છે. બંને પ્રદેશોના લોકો સરખા લડાયક

અને રૂઢિચુસ્ત છે અને ઘણી જાતિઓનું સંગ્રહસ્થાન છે. અહીં મોટે ભાગે ગિરાસનો અંશ વધારે છે. પણ ત્યાંનો દરેક રહેવાસી બંદૂક કે કોઇ પણ હથિયાર વિનાનો નહિ રહેવાનો. લડાઇના તેઓ હોંસીલા છે. તેમને હાલની પદ્ધતિએ તાલીમ આપવા શાહે ફ્રેંચ-બેલજીઅન અમલદારો રોકયા છે. ભવિષ્યની ઈટલી સાથેની લડાઇ આ જ કારણે ઇટલીને ભારે પડી જાય એવો સંભવ છે.

લડાઇ અટકાવીને કોઇ પણ વાટાઘાટથી આ સવાલનો નિર્ણય લાવવા રાષ્ટ્રસંઘ મથે છે, પણ ઇટલી ધુંવાફુંવા રહે છે તેમજ રાષ્ટ્રસંઘનો અનાદર કરે છે. એટલે એક બે માસમાં લડાઇનાં દુંદુભિ કે ધડાકા થવાના એમ સૌ માને છે. ઇટલીની માગણીઓ એવી છે કે: (૧) ઈરીટ્રિયા અને ઇટાલીઅન સોમાલી લૅન્ડ વચ્ચે રેલવે બાંધવા દેવી. (૨) એ રેલવે માટે જોઇએ તેટલો મુલક ઇટલીને સોંપવો અને તેની બંને બાજુના પ્રદેશો પર ઈટલીની હકૂમત રહે. (૩) આર્થિક છૂટછાટો (૪) આબીસીનીઆના શાહે ઈટાલીઅન સલાહકારો રાખવા અને તેમને પૂછીને જ રાજ્ય ચલાવવું. આબીસીનીઆ તેનો અસ્વીકાર કરી કહે છે કે 'અમને અમારા દેશના છેલ્લા પ્રજાજનના છેલ્લા લોહીના બુંદ સુધી લડતાં આવડશે. અમારે અમારી સ્વતંત્રતા ગુમાવવાની જ હોય તોપણ અમે એ ચૂપચાપ નીચી મૂંડીએ નહિ ગુમાવીએ. અમે અમારી આઝાદીને માટે લડીશું અને એ લડાઇમાં હું પણ મારા સૈન્યની વચમાં જ હોઇશ.'

● બલુચિસ્તાનના ભૂકંપનો ભોગ ભયંકરતાની પણ જાણે હદ વટાવી ગયો છે અને ગુલચમન જેવા એ મુલકને હજારોનું વેરાન કબ્રસ્તાન કરી નાખ્યું છે. ૩૧મી મેએ સવારે ત્રણ વાગ્યે એક આંચકા સાથે આખું કવેટા શહેર જમીનદોસ્ત થઈ ગયું. દીવાલોનાં તૂટેલાં ભીંતડાં ઊભાં રહ્યાં અને લગભગ બે ત્રતીયાંશ વસ્તી જમીને ગળી ખાધી. પછી પાછા બીજા બે આંચકાએ બાકીનું કામ પૂરૂં કર્યું. અંદાજે ચાલીસ પચાસ હજારની મૃત્યુસંખ્યા ગણી શકાય. બિહારને પણ ભૂલાવે એવો ભયંકર ભોગ આ પૃથ્વીપ્રકોપે લીધો છે જાનમાલની નુકસાની તો કરોડોની અંકાય છે.

● જુલાઇની ૧૯મીએ કાશ્મીરના મહારાજાએ ગિલજીત વઝારત બ્રિટિશ પોલિટિકલ એજંટને સોંપી દીધી છે. માત્ર ત્યાં કાશ્મીરની સરહકૂમતની નિશાનીરૂપે કાશ્મીરનો વાવટો ફરકતો રહેશે. કાશ્મીર રાજ્યનું લશ્કર તે હદમાંથી ઉઠાવી લેવામાં આવ્યું છે અને તેની જગ્યા સાચવવા સરકારે હંગામી ગિલજીત સ્કાઉટ્સનું થાણું નાખ્યું છે.

● મુંબાઇ યુનિવર્સિટીના કૉન્વોકેશન વખતે ગ્રેજ્યુએટોને સંબોધતાં મુંબાઇના ગવર્નર ના. બ્રેબોર્ને કહ્યું હતું કે યુનિવર્સિટીનો



ખરો હેતુ ફક્ત પરીક્ષાઓ પસાર કરાવવામાં જ સમાતો નથી, પણ ખરૂં જ્ઞાન મેળવવા અને તેને પરિણામે મનને કેળવવા માટે વિષયના ગાઢ અભ્યાસ સારૂ ઉત્તેજન આપવાનો છે. યુનિવર્સિટીની પરીક્ષાઓ એ પણ જરૂરી બની છે, તેની જગા અભ્યાસમાં ગૌણ અને સહાયભૂત થાય એમ રાખવી જોઇએ. ડિગ્રીની પરીક્ષાઓનું ધોરણ ઉંચુ રાખવા માટે આગ્રહ કરવો જોઇએ જેથી ડિગ્રી એ જ્ઞાન અને સ્કોલરશીપની નીશાની બની રહે.

● ૨૯ વર્ષનો કાશ્મીરી જુવાન ખાન ખુદાબક્ષ પાટા બાંધેલી આંખે ગમે તે વાંચી બતાવી લંડન શહેરને ચકિત કરી રહ્યો છે. મોટા ડાકટરોએ તેની પાકી પરીક્ષા કરવા આંખ પર લોટના લોચા મૂકી ઉપર રૂની જાડી ગાદીઓ રાખી અને બેવડા પાટા બાંધ્યા; ઉપર ત્રણ ટેબલ નૅપકિન વીંટયા, છતાં ખાને સીલબંધ આણેલી ચોપડીનાં પાનાં વાંચી બતાવ્યાં, ચિત્રોનું વર્ણન આપ્યું અને પોતે લૅટિન ભાષા જાણતો નહોતો છતાં પાટીઆ પર લખેલા લૅટિનની નકલ લખી બતાવી!

● વડોદરાથી ગઇ તા. ૨૦મીએ એમ.એસ. સોનાલકર, એમ. એસ. મઝુમદાર અને જી જી. ગંભીરે જગતની યાત્રાએ નીકળ્યા છે. તેઓ સાયકલ ઉપર ફરશે અને રસ્તે ફોટોગ્રાફો વેચીને કે લેખો લખીને મળેલા પૈસાથી નિર્વાહ ચલાવશે અને બે વર્ષ પછી અમેરિકા પહોંચી આગળ અભ્યાસ કરીને પાછા આવશે.

સુધારો

ગયા અંકના પૂઠા ઉપર આવેલા 'વાંસ' નામના વૂડકટ ચિત્રનાં કોતરનાર ભાવનગરનાં શ્રી સોનુબ્હેન શામજી શાહ છે; તેમને બદલે અમે ભૂલથી શ્રી વનવિહારી ઘોષનું નામ આપ્યું છે તે માટે દિલગીર છીએ વાચકોને એ ભૂલ સુધારી લેવા વિનંતિ છે.

ડૉ. શંકરરાવ આબાજી ભિસે

જેણે પશ્ચિમની પ્રગતિમાન પ્રજા પાસેથી 'હિંદના એડિસન'નું માનભર્યું બિરૂદ મેળવીને દુનિયાના વૈજ્ઞાનિકોમાં હિંદની પ્રતિભા ઝળકાવી



આ છોકરો ભણતરમાં કશું ધ્યાન આપતો નથી. આખો દહાડો એની ધૂન, એનાં લોઢાં-લાકડાં, હથિયાર કે રસાયણનાં પડીકાં ને બાટલા! આપણા જેવા ભદ્ર લોકને આ ધૂનીવેડા શા? મજૂરી શી?'

ધૂળિયાના સબજજ આબાજી ભિસેને ત્યાં એમના અંગત મિત્ર અને કોલ્હાપુરના માજી દિવાન શ્રી રઘુનાથ વ્યંકોજી સબનિસ મળવા આવેલા. તેમની આગળ આબાજીએ પોતાની વરાળ કાઢી. બુદ્ધિમાન દીકરાને પોતાની માફક ન્યાયખાતાના માનવંતા હોદ્દે ચડાવવાના એમને કોડ હતા; પણ કોડના એ વત્સલ પ્રવાહમાં પુત્રની પ્રતિભાની સાચી પરખ તણાઇ જતી હતી.

પરંતુ રઘુનાથરાવે આબાજીનું સાંત્વન કર્યું અને કહ્યું કે 'આ તમારી ભ્રમણા ખોટી છે. ડાહ્યા હો તો એના માર્ગની આડે ન આવશો. એને પ્રોત્સાહન મળશે તો એની પ્રતિભા ખીલીને શોધક જગતમાં ઊજળું નામ કાઢશે.'

અને ખરેખર . . પંદર વર્ષના જે કુમાર શંકરરાવની વિચિત્ર ધૂનો એના વત્સલ પિતાની ચિંતાનો વિષય હતો તેને વિષેની ઉપલી આગાહી સાચી પડી. પછીનાં પંદર વરસમાં તો એ શંકર આબાજી ભિસે નામના અલૌકિક પ્રતિભા ધરાવતા હિંદીએ પોતાની આશ્ચર્યભરી શોધોથી પશ્ચિમના જગતને મુગ્ધ કરી દીધું. અને બીજાં પચીસ વરસમાં તો કેવળ સાંચાશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર જ નહિ પણ વૈદકશાસ્ત્રમાં એણે આપેલી ઉપયોગી શોધે દુનિયાને દંગ કરી મૂકી; પશ્ચિમની પ્રગતિમાન પ્રજાએ પણ એની અદ્ભુત શક્તિ પર આફ્રીન પોકારી એને 'હિંદનો એડિસન' કહ્યો; એની આખર વયમાં એને નોબેલ ઇનામ આપવાની ભલામણો થઇ.

આજથી ૬૮ વરસ પર ૧૮૬૭ના એપ્રિલની ૨૯મી તારીખે મુંબાઇમાં એમનો જન્મ થયો. એમનું કુટુંબ સુખી ને વસીલાદાર હતું. પિતા આબાસાહેબ ભિસે ફર્સ્ટક્લાસ સબજજ હતા, કાકા રામચન્દ્રરાવ જી.આઈ.પી. રેલવેમાં પાંચસો રૂપિયાના મોટા ઇજનેરી અમલદાર હતા. એમના એક ભાઇ પણ સબજજ હતા.

જન્મ પછી એક દાયકાની આ વાત છે. આબાજીની બદલી ભુસાવળના સબજજ તરીકે થએલી. ત્યાં એક જમીનદારને ત્યાં કોઈ જાદુગરે ખેલ કર્યો તેમાં માણસનું માથું ટેબલ ઉપર મૂકી ધડ એનાથી અલગ મૂકેલું દેખાડ્યું.

ખેલ જોઇ પ્રેક્ષકવર્ગ તાજુબ થઇ ગયો. દસ વરસના શંકરરાવ પણ ખેલ જોવામાં હતા. એની પાછળ કોઇ જાદુગરી નહિ પણ બુદ્ધિચાતુર્ય અને હાથચાલાકી હતાં એ જાણી લીધું એટલે એનું નાનું મગજ નવાઇ પામવાને બદલે એ ખેલનો ભેદ ઉકેલવા પાછળ મચ્યું. બીજે દહાડે તો અહીંતહીંથી થોડી ચીજો એકઠી કરી કુટુંબનાં માણસો આગળ એ ખેલ કરી બતાવ્યો!

જૂની પ્રણાલિને અનુસરનારા એ કુટુંબમાં પંદરમે વરસે તો શંકરરાવનું લગ્ન થઇ ગયું. તે જ વરસે પિતાની બદલી પણ થઇ, એટલે અભ્યાસ માટે મુંબાઇ વધારે અનુકૂળ લાગવાથી શંકરરાવ મુંબાઈ રહ્યા. એ કાળે એડિસનની શોધનાં વિગતવાર બયાનો 'સાયન્ટિફિક અમેરિકન' પત્રમાં આવતાં. એ લખાણોએ શંકરરાવને ખૂબ પ્રેરણા આપી.

એ અરસામાં એમણે ગૅસ બનાવવાનું એક નાનકડું યંત્ર તૈયાર કર્યું! લાગટ ચાર દિવસ સુધી સળગ્યા કરે એટલો ગૅસ એમાં બનતો અને શુદ્ધ થઇને મળતો.

૧૮૮૩માં આબાસાહેબની બદલી ધૂળિયે થઇ અને શંકરરાવ હવે ત્યાં ગયા. ત્યાં પણ એમના પ્રયોગોની આ ધમાલ ચાલુ જ હતી. પિતાને કંટાળો આવતો; એથી કદાચ ક્વચિત્ કડવો સુખન પણ કહ્યો હશે. પણ શંકરરાવ તો એક અમેરિકન પત્રમાં લખેલા પોતાના આત્મવૃત્તાંતમાં કૃતજ્ઞપણે પિતાની સહાનુભૂતિના ગુણ ગાતાં લખે છે કે 'એ જમાનામાં જિલ્લા ન્યાયાધીશ જેવા અમલદારનો પુત્ર સામાન્ય લુહાર જેવું કામ કરે તે

અણુત્રટતું ગણાતું. તેથી મારું આવા કામ પ્રત્યે વલણ જોઇ મારા પિતા ખૂબ નાસીપાસ થતા; છતાં મારા પ્રયોગના કામમાં કદી વચ્ચે આવતા ન હતા.'

૧૮૮૭માં વીસ વરસની વયે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી એમણે સાયન્સ કૉલેજમાં જવાનો ઇરાદો કર્યો, પણ પિતાની આતુરતા દીકરાને ન્યાયાધીશ બનેલો જોવાની હતી. અંતે શંકરરાવે કોઇ પણ કૉલેજમાં ન જતાં એકાઉન્ટન્ટ જનરલના ખાતામાં હિસાબી નોકરી સ્વીકારી! છતાં પોતાના શૉખ અને ધ્યેય પ્રત્યેની તેમની નિષ્ઠા લેશમાત્ર ડગી નહિ.

૧૮૮૯માં એક ઇટાલિયને મુંબાઇમાં આવી 'પુનર્જન્મ'ના ખેલો કર્યા. લોકોની જંગી મેદની એ જોવા મળેલી. શંકરરાવ તો ત્યાં હોય જ. ખેલ આખો અંધારામાં થતો હતો, એટલે પ્રેક્ષકોને શંકા થઇ. શંકરરાવે તેને અજવાળામાં કરવાનું કહેતાં પ્રોફેસરે કહ્યું કે નજરબંધીના ખેલો ઝાઝા અજવાળામાં થઇ શકે નહિ.

અરે ન શું થઈ શકે? બીજે જ દહાડે શંકરરાવે, એ વખતના લોકપ્રિય મરાઠી પત્ર 'ઇન્દુપ્રકાશ'ના છાપખાનામાં જઇ એના માલેક સમક્ષ એ પ્રયોગ કરી બતાવ્યો! એ લોકો તો દંગ જ થઇ ગયા અને જાહેરમાં એ પ્રયોગો કરવાનો ભિસેને આગ્રહ કર્યો. માત્ર એક જ આનો ફી રાખીને મુંબાઇમાં નવી વાડીમાં શંકરરાવે એ પુનર્જન્મનો તેમજ પોતાના બીજા ઘણા ખેલો જાહેર જનતા સમક્ષ કરી બતાવ્યા. જેમાં એક 'આજ્ઞાપાલક ઘડિયાળ'નો પ્રયોગ હતો. ઘડિયાળ શંકરરાવના હુકમ પ્રમાણે ચાલતી અને બંધ પડતી!

૧૮૯૩માં આબાસાહેબ અવસાન પામ્યા. પિતાના જવાથી કુટુંબપોષણનો ભાર શંકરરાવ પર આવ્યો.

હવે એમણે જાહેર જનતામાં વિજ્ઞાનનાં જ્ઞાન તથા શૉખનો પ્રચાર કરવાના ઇરાદાથી 'ધ સાયન્ટિફિક કલબ' નામની સંસ્થા સ્થાપી અને તેના મુખપત્ર તરીકે 'વિવિધ કલા સંગ્રહ' નામનું એક માસિક શરૂ કર્યું. એ પત્રમાં સંસ્થા તરફથી થતી શોધો ઉપરાંત વૈજ્ઞાનિક શાસ્ત્રીય વિષયો પણ ચર્ચવામાં આવતા.

પણ એવામાં ૧૮૯૫ના ઑક્ટોબરમાં શંકરરાવને ઈંગ્લંડ જવાની તક મળીગઇ. એથી ઘણા વખતની એમની ઉત્કંઠા પાર પડી, પણ એમનું માસિક બંધ પડયું

ઈંગ્લંડના છ માસના વસવાટ દરમ્યાન એમણે દૃષ્ટિ-વિભ્રમના, 'વિચાર વાચન'ના અને બીજા વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા. એથી ત્યાંની જનતા મુગ્ધ થઇ ગઇ. ઇંગ્લંડનાં અગ્રગણ્ય પત્રોએ વિસ્તારપૂર્વક તેની નોંધો લખી અને શંકરરાવની શક્તિની જાહેર પ્રશંસા કરી.

૧૮૯૬માં પાછા સ્વદેશ આવીને એમણે 'વિચારવાચન'ના એ પ્રયોગો પૂના, મુંબાઈ, વડોદરા વગેરે શહેરોમાં, પ્રતિષ્ઠિત મેદની સમક્ષ અને સ્વ. ગોખલે તથા મહારાજા ગાયકવાડ રૂબરૂ કરી બતાવ્યા. ગાયકવાડ સરકાર તો એ જોઈ એટલા પ્રસન્ન થયા કે એમને ખાસ દરબાર ભરીને હીરાની કિંમતી વીંટી ભેટ આપી.

ઇ. ૧૮૯૮માં એમને જાપાન જઇને કોઇ પણ મનપસંદ હુન્નરકળાનું શિક્ષણ લઇ આવવા સારૂ સ્કૉલરશિપ આપવાની બે વખત માગણી આવી, તે તેમણે નકારી. ઇંગ્લંડમાં હતા તે દરમ્યાન એમણે કાગળ બનાવવાનો ઉદ્યોગ શીખી લીધો હતો. હિંદમાં તેનું કારખાનું કાઢવાનો ઇરાદો હતો, પણ તે પાર પડયો નહિ. છેવટે ૧૮૯૮માં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી ગિરગામ ઉપરની 'ઑમ્બે પેપર મિલ'માં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે જોડાયા, ઉપરાંત, આગ્રાના ચામડાના કારખાનાના ડાયરેકટર પણ થયા. પણ બીજે જ વરસે તેમને કાગળની મિલના માલેક સાથે મતભેદ પડયો એટલે એ જગ્યા એમણે છોડી અને લેધર ફૅકટરીની જગ્યાનું પણ રાજીનામું આપી એ ફરી ઇંગ્લંડ ગયા.

આ બધી વૈજ્ઞાનિક અને માનસિક પ્રગતિની સાથોસાથ નાનીનાની શોધોનું એમનું કારખાનું તો ચાલ્યા જ કરતું હતું. વિચારવાચનના પ્રયોગો કરવા એ વડોદરે જતા હતા ત્યારે ટ્રેનમાં કોઇ એમના સામાનમાંથી એક પાકીટ ચોરી ગયું! આથી એમણે એક એવી 'સેફ્ટી ટ્રાવેલિંગ ટ્રંક ઍન્ડ બેડ'ની રચના કરી કે જેમાં માલિકનો બધો કિંમતી સામાન બિછાનાની સાથે જ જોડાએલો રહે, અને માણસ સામાનની જરા પણ ચિંતા વિના તેમજ પૂર્ણ આસાનીથી મુસાફરી કરી શકે.

ઇંગ્લંડ જતાં પહેલાં એ કુટુંબ સાથે ઉત્તર હિંદની યાત્રાએ ગયા હતા. ત્યાં એ અજાણ્યા પ્રદેશમાં પરપ્રાંતના મુસાફરોને કયા સ્ટેશન પછી કયું સ્ટેશન આવે અને ગાડીઓ કયાં બદલવી તેની માહિતી ન હોવાથી બહુ અગવડ પડતી જોઇને એ ત્રાસ દૂર કરવા એમણે રાતોરાત એક એવા યંત્રની યોજના ઘડી કાઢી કે સ્ટેશન

છોડીને ગાડી ચાલવા માંડે કે તરત ડબ્બે ડબ્બે એ યંત્રમાં પછી આવનારા સ્ટેશનનું નામ આવી જાય!

એક વાર પૂનાથી મુંબાઇ આવતાં કલ્યાણ સ્ટેશન પર એક જણનો હાથ ડબ્બાના બારણામાં આવી ચગદાઇ ગયો. જનતાના આ દુઃખનું નિવારણ કરવા તરત શંકરરાવનું મગજ કામે લાગ્યું અને મુંબાઇના બોરીબંદર સ્ટેશને ઊતરતાં પહેલાં તો એમણે એવી એક યુક્તિ યોજી કાઢી કે ગમે તેટલી બેદરકારીથી ગાડીનું બારણું બંધ થાય છતાં કોઇને ઇજા ન થાય! આ શોધોનાં એમણે હિંદી સરકાર પાસેથી પેટંટ લીધેલાં છે.

લંડનની 'સોસાએટી ઑફ સાયન્સ, લેટર્સ ઍન્ડ આર્ટ્સ' નામની એક સંસ્થાએ ૧૮૯૬માં એક એવા યંત્રની શોધ માટે જાહેરાત આપેલી કે જેમાં ખાંડ, લોટ વગેરે કોઇ પણ ચીજ ગ્રાહકને જોઇએ તેટલા નાના-મોટા પ્રમાણમાં બરોબર જોખાઇને આપોઆપ મળી જાય! આને માટે દસ પાઉન્ડનું ઇનામ હતું.

જાહેરખબરનો સમય પૂરો થવા આડા ગણ્યાગાંઠ્યા દિવસો બાકી રહ્યા હતા એવામાં એ ખબર ભિસેના વાંચવામાં આવ્યા. તરત જ મગજ પોતાને કામે લાગી ગયું; રાતોરાત તે યંત્રની યોજના તૈયાર થઈ ગઇ અને બીજે દહાડે જતી વિલાયતની ટપાલમાં તો એ યંત્રની આકૃતિ અને સંપૂર્ણ વિગતવાર માહિતી આપતું લખાણ એ સોસાએટી ઉપર રવાના થઇ ગયાં!

ઇનામ તો માત્ર દસ જ પાઉન્ડનું હતું, પણ તેને માટે યુરોપના વિખ્યાત વૈજ્ઞાનિકો અને યંત્રશોધકોએ હરીફાઇ કરી હતી. એ બધાની વચ્ચે શંકરરાવના યંત્રે ફતેહ મેળવી. એમના યંત્રમાં માણસને જોઇતા વજનમાં વસ્તુ આપોઆપ તોળાઇ તો જતી જ, પણ સાથે બીજી બાજુ તે વજનની નોંધ પણ થતી! આ યંત્રથી એ સસ્થા એટલી ખુશ થઇ કે પોતે જાહેર કરેલા દસ પાઉન્ડના ઇનામ ઉપરાંત બીજા દસ પાઉન્ડનું ઇનામ ભિસેને આપ્યું. આ યંત્ર શંકરરાવે ઇંગ્લંડ–અમેરિકામાં પેટંટ કરાવ્યું છે. વૈજ્ઞાનિક શોધખોળના જગતમાં આ વિજય પછી ભિસેનું નામ ઇંગ્લંડ–અમેરિકામાં જગજાહેર થઈ ગયું. લંડનની 'સોસાએટી ઑફ સાયન્સ' નામની વિખ્યાત શાસ્ત્રજ્ઞોની સંસ્થાએ એમને ૧૮૯૭માં પોતાની સોસાએટીના સન્માનિત 'ફેલો' તરીકે ચૂંટ્યા અને તેમની પ્રતિભાની કદર તરીકે સુવર્ણચન્દ્રક આપ્યો.

આ પ્રસંગને ઉદ્દેશી ડૉ. ભિસે પોતાની આત્મકથામાં લખે છે કે 'વિલાયતમાં આવી હરીફાઇમાં એક હિંદી આટલો વિજય પ્રાપ્ત કરી શકયો એ પ્રથમ જ દાખલો હોવાથી આવી શોધક બુદ્ધિ માટે મારી ઘણે સ્થળે પ્રશંસા થઇ. તે પછી સોળ વર્ષ જેટલી લાંબી મુદત ઇંગ્લંડમાં રહી મેં આ કામમાં જ મન પરોવ્યું. એ દરમિયાન દાદાભાઇ નવરોજી, સર રતન તાતા અને ગોખલેજી મને ઘણીવાર પ્રોત્સાહન આપતા અને મારા કામમાં અંગત રસ લેતા. એવામાં છાપખાનામાં બીબાં ઢાળવાના નવા યંત્રની મેં શોધ કરી, તથા કેટલાક કોયડા જે યુરોપિયન શોધકો ઉકેલી શકતા ન હતા તે મેં ઉકેલી આપ્યાથી મને કેટલાક વિદ્વાનોએ 'હિંદનો એડિસન' એવા બિરૂદથી નવાજ્યો. ૧૯૦૮ની મદ્રાસની હિંદી રાષ્ટ્રીય ઔદ્યોગિક કૉંગ્રેસે પણ મારા કામની કદર કરી.'

છાપખાનાનાં બીબાં ઢાળવાનું આ યંત્ર જે 'ભિસેટાઇપ'ના નામથી ઓળખાયું, તેની શોધના વિચારો તો એ હિંદમાં હતા ત્યારના ઘોળાતા હતા. એ કામમાં એમના સાક્ષી અને સાથી શ્રી મણિલાલ ઇચ્છારામ દેસાઇ 'નવી રોશની' પત્રમાં ડૉ. ભિસેની અવસાન-નોંધમાં પોતાનાં થોડાં સ્મરણો નોંધતાં લખે છે કે 'લગભગ પાંત્રીસેક વર્ષ પર ડૉ. ભિસે ભુલેશ્વર–કૅથેડ્રલ સ્ટ્રીટ અને દાદીશેઠ અગિયારી લેઇનના નાકા પરના મકાનમાં રહેતા હતા ત્યારે આ લખનારને તેમની સાથે પરિચય થએલો. સાયન્ટિફિક અમેરિકન નામના માસિકમાં અમુક પ્રકારની ચીજો જોઇએ તેની જાહેરાતો આવતી અને તેના ખુલાસા–વસ્તુ મેળવી આપનારને ઇનામો અપાતાં. ડૉ. ભિસેએ તે રીતે કેટલાંક નાણાં મેળવેલાં. તેમની શોધક બુદ્ધિ તે દિશામાં ઘણી ખીલેલી હતી. એક દવાવાળાએ એવી જાહેરાત આપેલી કે ખાલી બાટલીમાં બીજા નકલિયાઓ દવા ભરી ન શકે માટે એકવાર ખાલી કર્યા પછી ફરીને દવા ભરી ન શકાય તેવી બાટલી જોઇએ છે. સોનીએ સોનામાં ભેળસેળ કરી હોય તો તે પકડી કાઢવા માટે વજનથી ગ્રેવીટીથી પકડવાનું પણ શોધેલું. તે વેળા આ લખનાર ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી ઊભી થતી હતી તેમાં કામ કરતો હતો. ઇંગ્લંડમાં તે વેળાએ રોટરી ટાઇપ કાસ્ટિંગ મશીનની શોધ થએલી અને તેમાં પાડેલા ટાઇપ લંડન ટાઇમ્સે વાપરવા માંડેલા. ઝડપથી ટાઇપ કેમ પાડવા,

સારી ધાતુમાં કેમ પાડવા, અખંડ અક્ષરો–ટાઇપોને લીધે ભારે રોકાણ કરવું પડે છે તો તે ઓછા અક્ષરોથી કાર્ય કરી શકાય તે માટે કયાકયા સુધારા કરવા આવશ્યક છે ઇત્યાદિ પ્રશ્નોની ચર્ચા ખૂબ થતી. કંઇ ને કંઇ શોધવું, વિચારવું, ઘડવું અને તોડવું એ પરંપરા નિત્ય ચાલુ હતી. અમારી આ જ ચર્ચામાંથી મિ. ભિસેનું ભિસે ટાઇપનું મશીન જન્મ્યું. તે ઇંગ્લંડ ગયા અને ત્યાં આર. પી. બૅનરમૅન નામના એક કાસ્ટિંગ મશીન બનાવનારના કારખાનામાં અખતરા પણ કર્યા.

૧૯૧૦માં લંડનમાં તેણે ટાટા–ભિસે કંપની ઊભી કરી અને એક એક ટાઇપ સંપૂર્ણ પડે તેવું યંત્ર બનાવ્યું, પણ એનો હેતુ તો ટાઇપોની મોટી ફોજ વીજળીના વેગે ચાલી આવે તેવો મોલ્ડ બનાવવાની હતી; અનેક જાતના નાનામોટા અક્ષરો કોતરી શકાય અને સીરીઝ બનાવાય તેવી શોધો કરવાની હતી. અંતે ડૉ. ભિસેએ લંડનથી મુકામ ઉઠાવી સહકુટુંબ ન્યૂ યૉર્કમાં વસવા માંડ્યું. ત્યાં શોધો કરી અને કંપની ઊભી થઇ અને તે કંપની, જો આ લખનારની ભૂલ ન થતી હોય તો, વિખ્યાત મોનોટાઇપવાળાઓના હાથમાં ગઇ.'

સ્વાર્પણ

છોને તમે અંતર કોઇને ના
ઊગ્યાં અહીં જંગલમાં સુદૂરે,
જ્યાં કોઇ ના ટીપું ય પાણી મૂળે
સીંચે, છતાં પોષણ સ્વપ્રયત્નથી
જમીનથી મેળવીને પ્રફુલ્લી
લીળી, મીઠી, સુંદર છાંય અર્પી
દો પ્રેમનો સ્વાર્પણ-પાઠ સૌને
ના કીર્તિ કે કો અમરત્વ કારણે.

એ ઓછું શું ? અંતરમાં મને યે
એ ઝંખના, આપબળે હું ક્યારે
મોટો થઇ સ્વાર્પણ-તત્ત્વ પામી
જીવીશ એ જીવન ઊર્ધ્વગામી ?
છો કોઇના અંતરમાં હું ના રહું
કિંતુ જીવું જીવન એવું તો ઘણું.

સોમાભાઇ ભાવસાર

પણ એમની પ્રતિભાનો દિગંત ડંકો વગાડનારી શોધ તો ઍટૉમિડીન નામની દવાની છે. વૈદકશાસ્ત્રનો આંકડો પણ ન જાણવા છતાં એ ક્ષેત્રમાંની એમની આ શોધ એમની સર્વદેશીય બુદ્ધિશક્તિનો પ્રબળ પુરાવો છે.

ઍટૉમિડીન એટલે ઍટૉમ-આયોડીન. આયોડીનના બારીક ઍટૉમ–ઍટમ (પરમાણુ)ને શોધી શુદ્ધ કરી તેમાંથી તેનું ઝેર કાઢી નાખી, તેને ખાવાલાયક બનાવેલાં આ ઔષધિ જગતની જનકલ્યાણકારી દવાઓમાં પહેલી હરોળમાં આવે છે. એની શોધની કથા ડૉ. ભિસેના જીવન જોડે અજબરીતે સંકળાએલી છે.

૧૯૧૦માં શંકરરાવ સર રતન તાતા સાથે ઇંગ્લંડ જવા નીકળ્યા. ઊપડતી વખતે તો તબિયત સારી હતી, પણ માર્સેલ્સ પહોંચી ટ્રેનમાં બેઠા કે એમને તાવ શરૂ થયો. એ એટલો આકરો હતો કે પારીસ ઊતરી જવું પડ્યું અને સફર પણ અટકાવવી પડી. ત્યાં ફ્રેન્ચ ડૉક્ટરની દવા શરૂ કરી પણ કાંઇ ફેર પડ્યો નહિ. દહાડેદહાડે ભિસેની તબિયત નંખાતી જ ચાલી. ડૉક્ટરોએ ઘણી દવાઓ આપી જોઇ પણ કાંઇ વળ્યું નહિ. છેવટે તેમને લોહીની ઉલટીઓ થવા માંડી; તેમની જિંદગીનો પણ ભય લાગવા માંડ્યો.

શંકરરાવની આ માંદગીના સમાચાર હિંદ આવતાં અહીંથી એમના એક બંગાળી મિત્રે પોતાના એક બ્રહ્મી મિત્ર પાસેથી ઘરગથ્થુ તૈયાર કરેલી તાવની દવાની બાટલી મોકલી અને મજબૂત ભલામણ કરી કે એ અકસીર છે. ફ્રેન્ચ ડૉક્ટરોએ તો આ વાતને હસી કાઢી, પણ શંકરરાવના આગ્રહને વશ થઇ લાચારીથી તે લેવાની છૂટ આપી. માત્ર ચોવીસ જ કલાકમાં શંકરરાવનો તાવ નાસીગયો! પછી તો ડૉક્ટરોએ એ દવાનું પૃથક્કરણ કર્યું. પરિણામમાં જણાયું કે એમાં આયોડીન હતું. આલ્કૉહૉલ અથવા બ્રોમાઇડની મદદ વિના આયોડીન પાણીમાં કેમ પીગળી શક્યું એ જોઈ સૌ આશ્ચર્યચકિત થઇ ગયા.

શંકરરાવે બહુ જ આગ્રહને અંતે પેલા બ્રહ્મી ગૃહસ્થ પાસેથી જોઇતી માહિતી મેળવી અને તેના પર રાસાયણિક પ્રયોગો કરી, તેમાંનાં કેટલાંક બીનજરૂરી દ્રવ્યો કાઢી નાખી ઉપયોગી ઉમેર્યાં અને નવી જ અસરકારક દવા તૈયાર કરી. એનું નામ તેમણે બેસેલીન પાડ્યું.

(અનુસંધાન આગળ પાન ૨૯૬મે)

ધુડાકિયો બાણ

એક વધુ અભિપ્રાય

...આ પ્રકાશન એક સિદ્ધહસ્ત સાહિત્યકારની કલમથી લખાય છે. કોઈ પણ જાતના લોકજીવનનું જો જીવન્ત પ્રતિબિમ્બ પાડવું હોય તો એના નિત્યજીવનના રીતરિવાજ, બોલીચાલી, ધંધાધરા તેમજ એનો માનસિક વિકાસ, એની વિશિષ્ટ ટેવો આદિને એ ચિત્રમાં પૂરું સજીવ સ્થાન મળવું જોઇએ. આ દૃષ્ટિએ રા. સુકાનીનો આ પ્રયત્ન સફળ થશે એમ લાગે છે. જેના ચારે કિનારાને આદિકાળથી જ દરિયે ઘેર્યા છે અને જેમાં વહાણવટાનો ધંધો સર્જનજૂનો છે એવી ભૂમિ(કચ્છ)ના રા. સુકાની મૂળ વતની છે. જેણે આ જમાનામાં ભારતીય વહાણવટાનો વાવટો ઊંચો રાખ્યો છે એવી વહાણવટાની કંપનીના એ પ્રતિષ્ઠિત હોદ્દેદાર છે; ઉચ્ચ યુનિવર્સિટી શિક્ષણ એમણે મેળવ્યું છે વેગવતી આલંકારિક શૈલીએ એમનાં લખાણ કીર્તિવંતાં થયાં છે; અને દરિયાઈ જીવનને લગતો એમનો પુસ્તકવિભાગ ગુજરાત–મહાગુજરાતના કોઇપણ ઘરમાં કે સંસ્થામાં નહિ હોય એટલો સમૃદ્ધ છે. આ બધું એમનાં લખાણોમાં દેખાય છે.... — ઊર્મિ


અજાણી સાંકડી પાણીપંથારમાં દંગી વહેવા લાગી. મોટાં પાણી મૂકી રળિયામણી ભેખડો વચ્ચે આવતાં એ વાંકાચૂંકા વાટમાં લાંબા દોલ એક પછી એક ઝડપથી આવતા હતા, કારણ આ સાંકડી પંથારમાં પણ ઊંડા તાગ હતા. આ દોલ દંગીને પહાણભર કુદાવતા જતા હતા. બેએક ઘડી સુધી ઘટવધ વાવડાએ હેરિયાં કરતાં સારો જેવો પંથ કપાયો; પણ છેવટે વાવડો સાવ પડી ગયો, એટલે મકનાએ હલેસાં કાઢયાં. માંજીના હાથમાંથી બેડીકલ્લાં કાઢયાં અને એને હલેસાં આપ્યાં. મને કમને પણ મકનાની નજર નીચે સંકોરાઇ જતા માંજીએ દંગીને હડસેલવા માંડી.

એ માંજરી આંખોના ખૂણા મકના તરફ કોઇ કોઇ વાર ખુન્નસભર્યાં ચમકી ઊઠતા હતા, પણ મકનાને તેની પરવાહ નહોતી. એ નજરમાં મકનાના જાન માટેની ભૂખ સ્પષ્ટ દેખાઇ રહેતી હતી, પણ ઘડીપળમાં મોતનો સામનો કરવાના હેવાયા નાયકને એની કશી અસર થાય એમ નહોતું. મકનાની શકરા જેવી નજર, ઉભરાતી દોલપરંપરાને, તરફડતા સઢને, તાલ લેતાં હલેસાંને, વધતીઘટતી ભેખડિયા કંઠારને અને ઓર્લામિયાં માંજીને બધાંને હર મીટમાં સમાવી લેતી હતી, છતાં ઈશારાભર પવનને પણ સઢમાં ભરી લેવા માટે વીણાને આમતેમ બદલાવવા સિવાયનો બીજો કોઇ વિચાર એને હોય તો તે એના ચહેરા ઉપરથી જાણવો અસંભવિત હતો. વચમાંવચમાં થોડો પવન ઉપડયે માંજી હલેસાં આરિયાં કરતો હતો, અને મકાર થયે મકનો નજર ફેરવે તે પહેલાં જ ફરી ચલાવવા માંડતો હતો. એવા નામર્દોમાં જેટલી બદદિલની હિંમત હોય છે તેટલી હિંમત આવા ભયંકર દુશ્મનનો સામનો કરવાની નથી હોતી. મકનો ધારે તો એક જ મુક્કીએ પોતાના માળખાની ભંગાર બનાવી દે એ વાત એને સારી પેઠે સમજાઇ ગઇ હતી, છતાં પોતે ગોઠવી રાખેલા છટકામાં આ રાક્ષસી બદનનો છતાં બાળકબુદ્ધિનો નાખવો બેધડક ચાલ્યો આવતો હતો એ જોઇ અંતરમાં તો માંજી ખૂબ ફુલાતો હતો.

આખો દિવસ દંગી હંકારી ભાણ બુડયે મકનાએ એને ઊંડા તાગમાં નાખી. કંઠારની છીછરી ચર પાસે દંગીને નાંગરવી એમાં માંજીની સોબતમાં નાયકને ખાસ ભય દેખાતો હતો. દરિયાના ખેડૂને અગોચર જમીનનો હમેશ ભય લાગે છે, જ્યારે પાણી ગમે એવાં લાહોલા હોય, તોપણ દરિયાના મિસ્કીનને અગોચર પાણી પણ ઘરકાં ખોયડાં જેવાં સલામત લાગે છે.

ઊંડા તાગમાં લોલી પેટ પકડે એમ નહોતું, એટલે મકનાએ મોરો દોલ સોતો (Head to the Sea) રાખવા કંતાનની તરિયા લોલી (Sea-anchor) ફગાવી અને દંગી ઠેકડા દેતી થિર થઇ ગઇ. પછી વીણો બાંધી મકનાએ રોટલા કાઢયા. રોટલાની ફાડ અને નવાલાભર

જરાપણ હાલેચાલે તો પેલો નિઠુર તમંચો એની ખોપરી-ના ચૂરા ઉડાડી દે એવું જંતર મકનાએ બનાવ્યું હતું.



પાણી માંજી પાસે મૂક્યું, ખારિયા કોગળા કરી ડૂબતા ભાણને નમસ્કાર કર્યા અને માંજી તરફ કોર વાળી નાયકે વાળુ કરી લીધું. કંદિલિયો વિસાઈ જાય એટલી ઝડપે અંધારાં ઊતરવા માંડ્યાં, એટલે મકનો ઊઠ્યો. એના હાથમાં પિસ્તોલ હતી. માંજી ફાટે ડોળે જોઇ રહ્યો. મકનાએ બારૂદ ધરણી અંદર દાટો તસતસાવ્યો, અને સીસાની ગોળીઓ નાખી ઉપર ફરી થોડો બારૂદ ને ચૂંથા દાબ્યા. પછી દંગીના ડોલ ભેળો ડોલતો ડોલતો નાયક ખુવા પાસે આવ્યો અને પિસ્તોલના કુંદાને ખુવાના અડ્ડા-થી થોડેક ઉપર મજબૂત બાંધ્યો. એની નાળ મોરા તરફ સહેજ ઢળતી રાખી. ઘોડા સાથે લાંબી વાધરી બાંધી, કાન ઉપર ટોટી બેસાડી અને વાધરીનો છેડો લઇ મકનો વાંઢાર તરફ વધ્યો. માંજીનો તો જીવ ઊડી ગયો. ઘડી પહેલાં જ ઢૂકતી કંઠાર જોઇ નાસી છૂટવાના જે મનસૂબા એ ઘડીભર કરતો'તો, મકનાને જે બીપણ છટકામાં પોતે લઇ જતો'તો એની વાત ભૂલી જઇ ઘડીભર પોતાનો જીવ બચાવવાના જે ખ્યાલ એને થોડીથોડી વારે આવ્યા કરતા'તા, એ બધા તરંગ હવે નકામા થઇ ગયા. આ ભયંકર તમંચો આખી રાત અળખામણે ડાચે પોતાના તરફ વકાસતો રહે એ વાતથી એ ગભરાઇ ઊઠ્યો અને તેના મનમાં અનેક વિચાર આવવા માંડ્યા. મકનાએ એના હાથ પાછળ બાંધ્યા. એની મૂંડી બે

હેરિયાં કરવાં : પરમણને ખુવાની એક બાજુથી બીજી બાજુ એવી રીતે ફેરવવું કે જેથી સઢમાં વધુ પવન ભરાય. અને એ રીતે સઢની જ મદદ વડે વહાણ હંકારવાની કળા તે હેરિયાં. એને લગતું એક વિગતવાર ચિત્ર તૈયાર થાય છે તે આવતા અંકમાં આ જ લેખકના એક ઉપયોગી લેખ સાથે આવશે.

વધતીઘટતી કંઠાર : દૂર જતો અને ઢૂકડાતો કાંઠો

આરિયાં કરતો'તો: બંધ રાખતો હતો


મઠાર થયે : પવન મોઠો થયે, પવન બંધ પડે ત્યારે

લોલી : લંગર

મોરો દોલ સોતો : વહાણનો આગલો ભાગ દરિયાના હીલોળા તરફ રાખવો.

તરિયા લોલી : તરતું લંગર (જુઓ પાછળના પાના ઉપર ચિત્ર તથા વર્ણન)

ઢૂકતી : નજીક આવતી



તરિયાલોલી

આ લોલી મધદરિયે જ્યાં લંગર તાગ ન પકડે ત્યાં જહાજને થંભાવી દેવા માટે વપરાય છે. લંગર તૂટી જાય કે ડૂબી જાય ત્યારે પણ એ વપરાય છે. એનો ફાયદો એ કે એથી જહાજનો મોરો તાણ સામે રહે છે અને જહાજ મોટાં મોજાં ઉપર મોરો કુદાવી સલામત રહે છે

બર્બર ચાંચિયો આવી લોલી વાંઢાર ફગાવી શિકારની પૂઠ પકડતો. સામાન્ય રીતે આ ચાંચિયાઓની ચાલ અતિ તેજ હોતાં, પૂરા સઢે, ધીમી ચાલના વેપારી બગલાનો દેખાવ કરવામાં આવી લોલી ખપ લાગતી. રાતના અંધારામાં લોલી ઉપાડી તે શિકાર પર ધસી આવતો.

આ તો તરિયાલોલીનો અસાધારણ ઉપયોગ. સામાન્ય ઉપયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. આજના કાયદા પ્રમાણે દરેક મોટા જહાજ ઉપર લાઇફબોટના સરંજામમાં આવી એક કંતાનની લોલીનો સમાવેશ(ફરજિયાત) કરવો પડે છે.

ગુડા વચ્ચે બાંધી લીધી અને એના બદનને વાંદાર અડા સાથે મુશ્કેટાટ કર્યું. મકનાના રાખસિયા પંજા હેઠળ માંજી લીલા વાંસ પેઠે બેવડાઇ ગયો. પછી મકનાએ પિસ્તોલના ઘોડા સાથે બાંધેલી વાધરીનો બીજો છેડો માંજીના ગળામાં માળા પેઠે પરોવ્યો. માંજી તો હેબતાઇ ગયા જેવો થઇ ગયો! જરા પણ હાલેચાલે તો પેલો નિઠુર તમંચો એની ખોપરીના ચૂરા ઉડાડી દે એવું જંતર મકનાએ બનાવ્યું હતું!

એકાદ પળ પોતાના શિકાર તરફ જોતા વાઘ પેઠે મકનો માંજીના કોથળા જેવા બદન તરફ જોઇ રહ્યો; પછી આસ્તેથી પાછળ હટ્યો અને ખુવા પાસે આવી પિસ્તોલના કાન ઉપરથી ટોટી હળવેકથી કાઢી લીધી. માંજીને એ પ્રમાણે મારી નાખવામાં એની મુણસાઇને હીણપત લાગે. પિસ્તોલની બીક જ માંજી જેવા નામર્દને સવળો રાખવા બસ હતી એની મકનાને ખાતરી હતી, એટલે થોડી વારે તો એ ઘસઘસાટ ઊંઘવા માંડ્યો.


સાતેસરી સીમ તરફ ઝોંક ખાય ત્યાં તો મકનો ઊઠ્યો. માંજી લોચો વળી ઊંઘમાં ઢળી પડ્યો હતો. પિસ્તોલ કાન ચાટી ગઇ હતી! માંજીના હાલ જોઈ મકનાને હસવું આવ્યું. એણે એના બંધ છોડ્યા; પણ સરખો થવાની જહેમતમાં માંજી ચિલ્લાવા લાગ્યો. મકનાએ ડોલ ભરી ઠંડું પાણી એના ઉપર રેડ્યું અને તરિયા લોલી ચડાવવા માંડી. આ પ્રમાણે બીજા દહાડાની સફર શરૂ થઇ.

સાંજ પડવા માંડી હતી. આકાશ ઘેરાઈ ગયું હતું. દૂરદૂરની પર્વતમાળ જાંબુડી વાઘા પહેરવા માંડી હતી. સીમ પાસે કાળા મેઘ પાણીમાં ડૂબી રહ્યા હતા. ઝાંખા નીલ ઉજાસ પછવાડે સૂરજ અદૃશ્ય થઇ ગયો હતો. થોડી વારે મેઘના કડાકા થવા માંડ્યા. વચ્ચેવચ્ચે અછની જેવી વીજળી રૂપેરી ઝબાકા દેતી જતી'તી. પાણી ઉપર લીલા, જાંબલી રૂપેરી ને શ્યામ રંગો પલટા લેતા જતા'તા. મકનાની નજર ઘડીમાં તંગ સઢમાં તો ઘડીમાં આકાશમાં ફર્યે જતી'તી. થોડીવાર થયાં ઉગમણ દિશમાં મોટા પટ ચીરતી ફાંગ દેખાવા માંડી હતી; મકનો વારંવાર એ તરફ જોયા કરતો હતો.

હવે માંજીએ જબાન ખોલી. પોતાની બોલીમાં એ સડસડાટ બોલવા માંડ્યો. એની આંગળી ફાંગની ઉતરાદિ દિશ તરફ ચીંધી રહી હતી. મકનાએ નાળિયા દૂરબીન લઇ એ તરફ જોયું. પાણીના મેલા ખદબદાટ ઉપરથી ત્યાં કોઇ માતબર નદમુખ હોવાનું એણે અનુમાન કર્યું.

આ પળે જ મેઘગર્જનામાં ચોખ્ખી ભાત પાડતો એક ઘેરો ધડાકો થયો! મકનાના અચંબાનો પાર ન રહ્યો! નાળ નીચી કરી એણે તીણી આંખે





માંઝી તરફ જોયું. માંઝી ઝડપથી કંઈ ગોતવે જતો હતો અને એ દિશ તરફ ચીંધ્યે જતો હતો. ફરી બીજો ધડાકો થયો અને મકનાએ ફરી નાળ આંખે માંડી. એ ખદબદાટ જાણે ઊભરાતો—શમતો હોય એમ લાગ્યું, પણ ઘણી ગે વાર જોવા છતાં ફરી ઊભરો દેખાયો નહિ. મકનાને ઝડપથી વિચાર આવવા લાગ્યા. કોઇ અગમ્ય રીતે માંઝીએ દુશ્મનને ચેતાવ્યા તો ન હોય? અથવા કાંસોલાંનના ગુમ થવાથી એને શોધતું કોઇ ફોજી જહાજ તો ફરતું ન હોય? પણ ચોર શોધનાર આમ ગાજતી તોપે ન આવે. વળી આ ધડાકા તોપ જેવા હતા, પણ તોપના ન હતા. તોપોની સુરાવટ અને સરગમ તો મકનાના કાનમાં એ સમજણો થયો ત્યારની ઊતરી ગઇ હતી. મકનાને ખાતરી હતી કે આ અવાજ તોપના ન હતા;—એ અવાજનો ભેદ એને ન સમજાયો.

કોઇ પણ વાતનો ભેદ ન સમજાય તો તેનો પાર ગોતવામાં મકનો જીવ જોખમાવે, પણ અણઉકેલ્યો ભેદ એ સહન કરી શકે એમ નહોતું. ઘડી પણ વિચાર કરવા ન થોભતાં મકનાએ સાર ઘટાવી, સઢ લફાવ્યો, પરમાણ ફેરવ્યું, સાર વધાવી, વીણો દાબ્યો અને પછાડા મારતી દંગી ઇશાન તીરે વધવા માંડી.

ઓલિમિયાંની ઉમેદ બર આવી. મકનાને આ તરફ લેવા એ ક્યારનો ઉદ્દ્યા રહ્યો હતો, પણ આસાનીથી મકનો આ કાળમુખમાં પ્રવેશ કરશે એમ એણે નો'તું ધાર્યું. આ કોઇવાર ધેરા, કોઇવાર ભીષણ, એવા ધડાકા એણે આગળ પણ સાંભળ્યા હતા અને એ અવાજથી એ દૂર નાઠો હતો. એ ધડાકા શાના છે તે વિષે એને કાંઇ ખબર નો'તી, કારણ એ ધડાકાની દિશામાં સપડાઇ જનાર કિશ્તી કે ઇન્સાન કોઇ આજ સુધી પાછાં ફર્યાં ન હતાં. એના અનેક નાખવા શાગિર્દોએ અનેક રોમાંચક કિસ્સાઓ તેને વિષે એને કહ્યા હતા, છતાં એ કિસ્સાઓ કોઇએ જાતે અનુભવેલા નો'તા. એ અનુભવનાર સેંકડો કિશ્તીના ખેડનારાઓ પાતાલમાં ગરક થઇ ગયા હોય તેમ હસ્તીમાંથી નાબૂદ થઈ ગયા હતા. મકનાના ફેજ વિષે માંઝીને હવે અંદેશો ન રહ્યો. સાથે પોતાનો પણ કદાચ નાશ થશે એ વાત એ કિન્નાના હવસીને બહુ મોટી નો'તી લાગતી. છતાં મકનાને મોતના ડાચામાં ધકેલી છેવટની ઘડીએ પણ કોઇ ઉપાયે પોતે બચી જવાની એને ઉમ્મીદ તો હતી જ.

કિશ્તી, નદમુખ પાસેની ફાંગ ઢૂકડી આવી પહોંચી. પાણીમાં ભયંકર ખદબદાટ થઇ રહ્યો'તો. મકનાએ સઢનો કારસો કાંધો, પરમાણ આરિયાં કર્યું. માંઝીને હલેસાં આપ્યાં, સુકાન હોબેશ કર્યું અને બે હલેસાં પોતે

અડો: જુઓ ઉપરનું ચિત્ર
નિઠુર: નિષ્ઠુર
મુણસાઈ: માણસાઇ
સાતેસરી: ઋક્ષ, સપ્તર્ષિનું તારામંડળ
ફાંગ: નદીના મુખ આગળનો ઘણા ફાંટાવાળો ભાગ, Delta.
પરમાણ ફેરવ્યું: પરમાણ=સઢ બાંધવા માટે લાકડાના કટકા ભેગા કરી તૈયાર કરેલું લાકડું
સાર ઘટાવી: સાર=ખુવાની જે બાજુ પરમાણ હોય તેની સામી બાજુએ ખુવાને સતાણ બાંધી રાખવાનું દોરડું
ઇશાન તીરે: ઇશાન ખૂણે, ૧૧ અંશે
આરિયાં કર્યું: નીચે ઉતાર્યું
હોબેશ કર્યું: ઊંચે ચડાવ્યું

રાંગભર: વહાણના કઠેરા ઉપર

ખામોખા: સાક્ષાત

વરસાદ માઠો થઇ ગયો હતો: બંધ પડી ગયો હતો.

ભરતિયો ભમરબાણ : જુવારિયો ભમરબાણ (Flood Maelstrom) એની ઉત્પત્તિનું કારણ એ છે કે અનેક વાંકીચૂકી નાળોમાંથી ઘોડાપૂર (Bore-Tidal waves) ત્રાટકે ત્યારે એક ઠેકાણે બધાં પૂર ભટકાવા માંડે છે અને અગ્રજુવારથી ભાંગ લાગે ત્યાં સુધી ભમરબાણ ચક્રાવા મારે છે. જુવારિયા ભમરબાણ વિષે બીજી હકીકત જાણવા જેવી એ છે કે પાણીના તાગ જેમ છીછરા તેમ ભમરનું જોશ વધારે!

જેના ઉપર આ વાર્તાનું મંડાણ છે તે આલરિયા ભમરબાણ (Ebb Maelstrom) વિષેની વિસ્તારી હકીકત સામેના પાના ઉપર જુઓ.

લીધાં. પાછોતરા લોદમાં વાંદાર ડુબાવતી કિશ્તી ઝડપથી વધવા માંડી. મેઘ ઘેરાઇ રહ્યો હતો. ગર્જના વધતી જતી હતી. નીલું આકાશ કાળું થઇ ગયું હતું. દર હડસેલે કિશ્તીને વામ વામ ઠેલતો મકનો પૂરપાટ ઉપડયે જતો હતો. થોડી વારે નદરાજે દખણાદો વળાંકો લીધો અને એની બેય પાસ તથા ખુદ પટ વચ્ચે નાનામોટા ડુંગરાઓ દેખા દેવા લાગ્યા. સાથે વરસાદ ધોધમાર તૂટી પડ્યો. સૂરજ મહારાજે કોર વાળી હોય તેમ કાળોતરાં ઊતરી આવ્યાં. કિશ્તી થંભી ગયા જેવી થઇ રહી. ઘડીભર નાંગરવાનો વિચાર કરી મકનાએ હલેસાં રાંગભર થંભાવ્યાં, પણ એ જ પળે એક ગહનઘેરો પણ પ્રચંડ ધડાકો થયો. મકનાએ એ દિશામાં કિશ્તી ધકેલી.

હવે માંઝીની હિંમત ન રહી. કિશ્તીને ખામોખા મોતના ડાચામાં ધસતી જોઇ એની કિન્નાખોરી ઓસરી ગઇ. મકનાને અહીં સુધી લલચાવી આવવાની એની મકસદ વિસરાઇ ગઇ. એના પગમાં બેડી હતી એટલે કિશ્તીમાંથી બહાર કૂદી પડવામાં તો નિશ્ચય જ મોત હતું. મકનાને ધડાકાની દિશામાં કિશ્તી વાળતો જોતાં જ એણે નકામી ચીસ પાડી. જવાબમાં એના બદન ઉપર જાડા રસ્સાનો ફડાકો બોલ્યો.

અચાનક, હજાર હલેસાંએ જાણે હડસેલો દીધો હોય એટલી ઝડપે કિસ્તીએ ધસારો કીધો. કોઇ ઊભા ખાડામાં ઉથલી પડી હોય તેમ કિસ્તી ઊંડે ઊતરી ગઇ. આગથી તેમ રાંગ પછાડતી તે પહાણભર થંભી ગઇ અને એનો મોરો બેચાર ઘુમરી ખાઇ ફરી જોરથી આગળ ધસવા માંડ્યો. આ ઓચિંતા હલ્લાથી મકનો મુંઝાઇ ગયો. અંધારામાં નજર કરવા એ ઊભો થવા ગયો; પણ કિશ્તીની ધમાચકડીએ કોઇ અજબ જોરથી એને પછાડ્યો. પાણીના પીપાને બથાવી એ ગુડાભર બેસી ગયો. વરસાદ માઠો થઇ ગયો હતો, ગર્જના કયારની બંધ થઇ ગઈ હતી, પણ કયાંય ઊંચેથી હજારો ધોધ પડતા હોય એવો જબ્બર ઘોંઘાટ ચારે દિશાને ભરી દેતો હતો.

વાદળાં આછાં થતાં, ઝીણાંઝીણાં ટપકાં જેવા તારાઓ અહીંતહીં ડોકિયાં કરવા લાગ્યા. એના પડછાયા ઝીલતાં પાણીમાં મકનાએ જોયું તો કોશભરના વિસ્તારમાં ભાંગતાં મોજાંઓનું એક અજાયબ ચક્કર ફરી રહ્યું હતું. એ ગોળાઇનાં ફીણની ફુમકિયાંળી જાડી ધારમાં તારાઓ હીરાકણી પેઠે ચમકતા હતા.

વિશાળ ગોળાઇમાં ઉકળતી એ ફીણની ધાર વચ્ચે, જાડો રસ ઢોળાતાં થિર થઇ જાય એવાં થિર પાણીનો પટ પથરાઇ રહ્યા હતો. એ પટ કોઇ જલાસુરના નિઠુર વાજુનો થાળ હોય એમ, થિર પાણીની આસપાસ ઉભરાતી ફીણની ધાર એ થાળની કોર જેવી લાગતી હતી. વળી જાણે કોઇ અદ્દભુત બાજીગરની ગેબી લાકડીએ થાળ ફરતો હોય તેમ એ આખી ગોળાઇ અને વચલો પટ ઝડપથી ગોળગોળ ફર્યે જતા હતા, અને આ ઝડપ દર પળે વધતી જતી હતી. ધારથી વચલા ખાડા સુધીની સપાટી વેગ વધવા સાથે નમતી જતી હતી અને આ ઝૂકયે જતા જલવિસ્તારમાં અનેક નાના મોટા ઓળાઓ ચક્કર ફરતા ધસ્યે જતા હતા. મકનાની કિસ્તી ધારથી થોડેક નીચે આ જંતરમાં ફર્યે જતી હતી. એનો

મોરો સહેજ ખાડા તરફ ઢળી પડ્યો હતો ને વાંઢાર ઊંચે હતું. કિસ્તીનો ડોલ તો ક્યારનો ય વામી ગયો'તો તેની મકનાને ખબર પણ નો'તી પડી. વધતા જતા ઢોળાણમાં દોઢેક વામ નીચે ઊભું ઊભું થતો ડોલ ઘૂમતો જતો'તો. કિસ્તીનું સુકાન બેએક હાથ પાછળ અને ચારેક હાથ ઊંચે કિશ્તી પછવાડે ઘસ્યે આવતું'તું. ઉપલી ધાર કુહાવી જેવું કિશ્તીએ આ જંતરમાં પડતું મૂક્યું તેથી જ તે ઢોળાણમાં ઊંડી ઊતરી ગઈ હતી, પણ જ્યારથી ચક્રગતિના સૂસવતા વેગમાં કિસ્તી ઘસવા માંડી ત્યારથી ખાડા તરફની એની ગતિ બહુ ધીમી થઇ ગઇ હતી. આ ચક્રાવાના વેગથી જ જાણે કિસ્તીનું પઠાણ પાણી ઉપર ચોંટી ગયું હતું!

આ ભયંકર બનાવની શરૂઆતમાં તો મકનો વ્યાકુળ બની ગયો હતો, પણ મોતના જંતરમાં થિર થયા પછી એના દિલમાં અજબ સ્વસ્થતા આવી ગઇ અને ચાંદાના ઝાંખા પ્રકાશમાં એ ચોતરફ જોવા લાગ્યો.

આ ઘુમરીમાં મકનાની કિશ્તી એકલી જ ભોગ નો'તી બની. કિસ્તીની ઉપર, નીચે, પાછળ અને આગળ અનેક ઓળાઓ ઘૂમતા હતા. નાના-મોટા ખુવા, સુકાન, આડિયા, પાટિયાં, પીપાં, પેટીઓ, રસ્સા વગેરે ભંગાર, મોતની ગરબી રમતી, એકબીજા પાછળ ગોળગોળ ફરતી ઘસ્યે જતી હતી, અને એમ ઘસતાં ઘસતાં વચ્ચે ઊંડા બનતા ખાડા તરફ સરકતી જતી હતી. આમાં કેટલાંક વળી ધીમેધીમે સરકતાં હતાં તો કેટલાંક ઝડપથી સરકી ખાડામાં ગરક થઇ જતાં હતાં. વારાફરતી દરેક આકાર ઉપર મકનાની નજર ઠરતી જતી હતી, અને કયો આકાર ક્યારે ખાડા પાસે પહોંચશે એ વિષે તર્ક સુદ્ધાં એના મગજમાં આવતા જતા હતા.

સાત સાયરના ભોંયા મકનાએ અનેક ભરતિયા ભમરબાણ (Tidal Maelstrom) જોયા હતા. તેમાંના કેટલાકે તો એને માંડ જીવતો છોડ્યો હતો. એક જુવારિયો ભમર આધન (એડન) અને શાહબંદર વચ્ચેની ધોરી વાટમાં ઘૂમે છે. એકવાર એક ફરાસી (પર્શિયન) સોદાગરની પૂઠે પડતાં એ ભમરની ઢૂકડેથી જતો'તો ત્યારે વીસવીસ કોશ ઉપર એનાં પઠાણ ધણ-ધણી રહ્યાં'તાં. પણ પોતે આજે જેમાં સપડાયો હતો તે આ ભમર એવો જુવારિયો (Tidal) નો'તો. મકનાએ થિર મગજે વિચારવા માંડ્યું. ચાંદા-નો અરજાંશ (Lattitude) તો મપાય એમ નો'તું, પણ ક્યાસ કરતાં એને લાગ્યું કે આલર લાગ્યે અધપોર તો જરૂર થયો હશે. તરત એને આલરિયા બાણ (Ebb Maelstrom–જુઓ બાજુની હકીકત) વિષે સાંભળેલી વાતો યાદ આવી. આ ભમરબાણ નીચે ધરતી ન્હોય! આ તો હજારમુખા શેષનાગની જલાધારી! આ તો ભભૂતધર મહાકાલના ત્રીજા લોચનના પ્રલયના ભડકા વિસાવનાર દરિયાલાલનાં પાતાલપૂર! જે દહાડે મરજાદા તોડવાની ભેરી બાજે તે દહાડે એક જ ઉબાકે પૃથ્વી જલાકાર કરવા માટે દરિયાલાલે સંઘરી રાખેલાં આ પૂર! મરજાદા મૂકવા આડે આણુ હોય ત્યાં સુધી ક્યાંક ક્યાંક છુપાવી રાખેલાં આ પૂર! પેટમાં અસેવાતા વડવાનળના ભડકા બળે ત્યારે કોઇવાર મહાભક્ષનાં ખપર ભરી લે એ આ પૂર!

આલરિયો ભમરબાણ: ઓટિયો ભ-મરબાણ. એ, જુદીજુદી દિશામાંથી દોડી દોડી ભટકાતાં મોજાંને લીધે નથી થતો. દરિયાની ભીતરમાં ભૂકંપ કે જ્વાળા-મુખીના જોરે ધરતી ફાટે અને રસાતલનાં ઢાંકણાં ઉઘડી જાય ત્યારે એ અતલ-કૂપમાં દરિયા ઠલવાય છે. ભરતી ટાણે એ કૂપ ભર્યાંમાં ભર્યો બનતો હોતાં છુપાએલો રહે છે; પણ ઓટ વખતે, જ્યારે મહાસાગર પોતે દીધેલાં ભરતીનાં પાણી પાછાં માગે છે ત્યારે, આસપાસનાં પાણી આ પાતાલકૂપને પૂરવા ધસે છે. પૃથ્વીની નાભિએથી જાણે કુમ્ભક પ્રાણ-ચૂસ મારતી હોય તેમ, આસપાસની વસ્તુજાતને એ કૂપ પોતામાં ખેંચે છે.

પૃથ્વીની ભીતરમાં ધખધખી રહેલા વડવાનળને લીધે ઊંડેઊંડે પાણી નીચેની મોટી બખોલોમાં વાયુમંડળ ઘેરાય છે. એની ગરમીથી 'વૅક્યૂમ'ની બખોલો પણ બને છે. વાયુ ઉપર દબાણ થતાં પાણીમાં ખદબદાટ બોલાવતો એ વાયુ બહાર નાસી છૂટે છે, પણ 'વૅક્યૂમ' તો પાણીને નાની મોટી બખોલોમાં આવતું અટકાવી દે છે. પાણીના બોજને ટકાવી રાખતું આ આકાશ, ભારેલા ડાઇનેમાઈટ જેવું, બખોલની છત ઉપરની સેંકડો હાથની જમીનને આધાર વિનાની બનાવી દે છે. જ્યાંસુધી આ બખોલ નાની હોય છે ત્યાં સુધી આ જમીન આસપાસની જમીનને ટેકે ટીંગાઇ રહે છે; પણ જ્યારે વખત જતે આ બખોલ વિશાળ ગુફા બની રહે છે ત્યારે, પૂનમ અમાસનાં મોટાં પાણી વખતે કે આખરની ઋતુમાં દરિયા ગરમ થવાને વખતે ગુફાની છત ભાર નથી ઝીલતી. આસપાસ ઊડતા વાયુના પરપોટાઓનું એકાદ બુંદ એ 'વૅક્યૂમ'માં નાનકડું ગાબડું પાડે છે ને પાયો નીકળી જતાં જમીન ગરક થવા માંડે છે. 'વૅક્યૂમ' ભેદાતાં જબરદસ્ત ધડાકો કરતાં પાણી પણ તૂટી પડે છે.

દૂરદૂરથી લોકો કોઈ ગામને, કોઇ શહેરને આગ ગરક થતું જોઇ રહે છે અને નાનકડાં ઝૂંપડાંઓ પાછળ છોડી

કંઠારથી વળી કોશ છેટા જઈ રહે છે.
આવાં મેલસ્ટ્રમ નૉર્વેમાં લોફોડન ને મોસ્કો (Moskoe) વચ્ચે થાય છે અને એનું (વાસ્તવિક પણ કાર્યકારણ મીમાંસામાં શંકાસ્પદ) વર્ણન અમેરિકન લેખક એડગર ઍલન પોએ પોતાના એક પુસ્તક (ટેઇલ્સ ઑફ મિસ્ટરી ઍન્ડ ઇમૅજિનેશન)માં કર્યું છે.



આવા ભમર બાણ વિષે નાનપણથી સાંભળેલી અનેક વાતો મકનાના મનમાં તાજી થવા માંડી. એની નજર તો જુદાજુદા આકારોને ગરક થતા જોવામાં ગુંથાઇ હતી, પણ એનું મન ક્યાંય ને ક્યાંય ફરવા માંડ્યું. એને પોતાના સાથીઓ યાદ આવ્યા; એનો કોટિયો, ઘર ખોયડાં, બુઢ્ઢી મા, નાનાં છોકરાં—બધાં સ્વપ્ન પેઠે એની નજર સામે સરવા લાગ્યાં.

એટલામાં એનું મન જાગ્યું. એની નજર ક્યારની એક ચક્કર મારતા આકાર ઉપર થંભી ગઈ હતી. જ્યારે બીજા બધા આકારો આસ્તેઆસ્તે પણ નીચે ને નીચે સરતા છેવટે ગરક થઇ જતા દેખાતા હતા, ત્યારે આ આકાર ખાડાથી અને ધારથી એક જ અંતરે ફર્યા કરતો હતો;—જાણે પેલા પાતાલકૂપની ભયંકર ચૂશની એ આકાર ઉપર અસર જ નો'તી થતી. એ આકાર એક પીપનો હતો.

મકનો આ અજાયબી જોઇ રહ્યો. નાખવાની જિંદગીમાં અનેકવાર એણે પીપાંના આકારની અદ્ભુત શક્તિ જોઈ હતી, અને આજે તે શક્તિની પરાકાષ્ઠા એ જોઈ રહ્યો હતો. તરત એના મનમાં એક સખત આંચકો આવ્યો. એની પોતાની જ બાથમાં ક્યારનું કિસ્તીનું પીપું જડાઇ રહ્યું હતું! મૃત્યુને ડાચું વકાસતું જોઇ મનને આંચકો લાગે છે; મૃત્યુની દાઢમાં ચંપાયા પછી બચવાની આશાનું નાનકડું કિરણ જોતાં પણ એવો જ આંચકો લાગતો હશે.

આવા આંચકાથી મકનાનું બ્હેર માર્યું જતું મગજ ફરી હુશિયાર થઇ ગયું. કિસ્તીથી ધાર જેટલી છેટી હતી તેટલો ખાડો છેટો નો'તો. કિશ્તીનો મોરો તો ક્યારનો ખાડા તરફ ઢૂરી રહ્યો હતો. જેમ વખત જાય છે તેમ કિશ્તી ખાડા નજદીક ઢૂરતી જાય છે એ મકનાએ જોયું. મોત તો હાથ લંબાવી રહ્યું હતું, છતાં છેલ્લો દાવ અજમાવી લેવાનો મકનાએ નિશ્ચય કર્યો. આ પ્રલયચક્રાવામાં પીપાના બદનને ગરક કરવાની શક્તિ નો'તી. પીપાને કિશ્તીથી છૂટો કરી, એને આધારે કિશ્તીમાંથી બહાર એ ભમરિયા મોતના ખોળામાં કૂદી પડવાનો એણે નિશ્ચય કર્યો.

આ વખતે એ દિલાવર દિલના નાખવાને પોતાના લાચાર દુસ્મનનો પણ ખ્યાલ આવ્યો. સામે ચડેલા દુસ્મનને ઘડી પળમાં ધૂળ ચાટતો કરનાર આ જવાંમર્દ નાખવાના લોખંડી સીના પાછળ ધર્મયુદ્ધની અમોલી ભાવનાએ નીંગળતું હૈયું ધડકી રહ્યું હતું.

ઉલાળ ટીંગાઇ રહેલા વાંઢારેથી એણે નીચે જોયું. મોરાનો આડિયો બથાવી માંજી મડદા જેવો પડ્યો હતો. એનું માથું ઢળી પડ્યું હતું. એનો ચહેરો ફિક મારી ગયો હતો. એક બાવડાએ પીપાને વજ્રચૂડ ભરાવી મકનો કાચબાની ગતિએ નીચે સરવા લાગ્યો. કાચ જેવી આંખોએ માંજી ઢુકડાતા મકનાને જોઇ રહ્યો. મકનાનો હાથ એના પગને લાગ્યો. ગાંડા જેવા માંજીએ પગ ખેસવવાની કોશેશ કરી. ક્યારનું ભમરી ખાતું એનું માથું ફરી ગયું. આડિયો હાથમાંથી છુટી ગયો અને માંજી કાળચક્રાવામાં સરી પડ્યો! મકનાએ એને જતાં જોયો. એના જવાના હડદોલાથી કિસ્તી થોડી નીચી સરી ગઈ.

હવે પળ એ પળનો મામલો હતો. બીજો હાથ પણ પીપ પર ભરાવી જોગમાયાને સાદ કરી મકનાએ પાણીમાં પડતું મૂક્યું. ગાંજના આંચકાથી અસ્થિર બનેલી કિસ્તી મકનાના હડદોલાથી વધારે અસ્થિર બની ને બેચાર ચક્કર જોરથી મારી મોરાભર ખાડા તરફ ધસીને તેમાં ગરક થઇ ગઈ!

માંજી લોચો વળી બીજી ભંગાર પેઠે ચકાવામાં ફરવા માંડ્યો અને નીચો ને નીચો સરવા લાગ્યો. મકનાનું પીપ, જરાક નીચે સરી, ચકરડી ફરતું એક જ અરજાંશમાં ચક્રાવો લેવા લાગ્યું.

ચક્રાવાનો વેગ ધીમો પડવા માંડ્યો. ફીણની ઊભી ધાર જરાક ઢળવા લાગી. ખાડાની ચૂશ વધી અને એક ભયંકર ધડાકો થયો!

મકનાના માથા પર જાણે સેંકડો મોજાં ઉથલી પડ્યાં હોય એમ પાણી ઉલટ્યું. પીપ થોડી વાર ઝપાટાભેર નીચે ઊતરવા માંડ્યું. પાણીમાં હજારો મણ ડહોળાતો કાદવ એને ઘટ્ટ બનાવી રહ્યો. મકનાનો દમ ઘુંટાઇ ગયો. એના મોંમાંથી લોહી વહેવા લાગ્યું. એ બેહોશ થતો લાગ્યો. પીપ ઉપરથી એના હાથ સરતા લાગ્યા. એટલામાં નીચેથી વળની તાણ ઊપડી અને થોડી વારે એનું માથું પાણીની બહાર આવ્યું.

શીતળ ચાંદનીના પ્રકાશમાં દરિયો હસુંહસું થઇ રહ્યો હતો. ઘડી પહેલાં-ના પ્રલય ઘમસાણની ક્યાં યે નિશાની સરખી પણ નહોતી. આટલો વખત દૂર રહેલો ભય હવે મકનાને જાણે કંપાવી રહ્યો. એને થયું કે પોતે કોઇ ભયંકર સ્વપ્ન જોતો હતો. પણ આસપાસ નજર કરતાં મકનાના અચંબા-નો પાર ન રહ્યો. સાંજે જ્યાં એણે ઊંચી ભેખડો જોઇ હતી ત્યાં બધું જલાકાર વરતી ગયું હતું. કંઠાર કેટલે ય દૂર ચાલી ગઇ હતી. ઓટ પૂરી ઊતરી રહી હતી અને નદમુખ તરફથી જુવારની પહેલી રેંક પાણી ઉપર હીલોળા લેતી અંદર વધ્યે આવતી હતી.

દરિયાલાલની આ લીલા જોઇ દુનિયાનો ખાધેલ આ નાખવો પણ ડઘાઈ ગયો. આસ્તે આસ્તે વો ભેળો તરતો મકનો કંઠારે ઊતર્યો.

ત્રીજે દહાડે ભવાન તંડેલ અને બાર હથિયારબંધ ખારવાઓ આશા-પુરાની મોટી દંગી લઇ આ તરફ આવી પહોંચ્યા. મકનાના દિદાર જોઇ બધા તાજુબ થયા. એના ચહેરા ઉપર કોઇ ઊંડી ગંભીરતા છાઇ રહી હતી.

કોટિયા ઉપર પહોંચી મકનાએ મોટે દરિયે જઇ મોરો ચોકી ફેરવ્યો. વતનનાં પાણી સૂંઘતો કોટિયો ગેલમાં આવી દોડવા માંડ્યો.

કેટલેક દહાડે કાનજીને એણે માંડીને બધી વાત કહી. વખત જતાં કોટિયાના બધા ખારવાઓએ પણ એ વાત જાણી અને તે દહાડેથી ખારવી દુનિયામાં મકના નાયકનું નવું નામ પડ્યું: **ધુડાકિયો બાણુ**

(સંપૂર્ણ) **'સુકાની'**

[શ્રી 'સુકાની' અમને લખે છે: 'હવે લાખો માલમ, મકનો નાયક ઉર્ફે ધુડાકિયો બાણ, કાનજી માલમ એ બધાનાં સાહસો ટૂંકી વાર્તાઓરૂપે ગૂંથવા ઇરાદો છે. અલ્લા બેલી તો બર આવશે'.. હિંદના વહાણવટા ઉપર શ્રી 'સુકાની'નો ઉપયોગી લેખ આવતા અંકમાં.]

આલર લાગ્યે: ઓટ શરૂ થયે

અસેવાતા: ન સહેવાતા

આડિયો: પાન ૨૯૨ ઉપરનું ચિત્ર

રેંક: ભરતીનો હીલોળો

વો: પાણીના હીલોળાનું જોર

મોરો ચોકી ફેરવ્યો: ચોકી=સધર્ન ક્રૉસ–ત્રિશંકુ તારામંડળ;—એ તરફની દિશા. South South by East; દખણાદી દિશા; એટલેકે એ દિશાને રસ્તે વહાણ હંકાર્યું.



ડૉ. ભિસે . . . અનુસંધાન પૃ. ૨૮૭થી

૧૯૧૪માં ડૉ. ભિસેએ એસેલીન કંપની કાઢી અને મોટા પાયા ઉપર તેની બનાવટ અને વેચાણ શરૂ કર્યાં. સંજોગવશાત તરત જ મહાયુદ્ધ સળગ્યું અને તેમાં રણક્ષેત્રનાં દવાખાનાંઓમાં તો એ તાવ તેમજ ઘા ઉપર એટલું અકસીર નીવડ્યું કે એ જગવિખ્યાત થઇ ગયું.


૧૯૧૬માં શંકરરાવની અમેરિકા જવાની લાંબા વખતની ઝંખના બર આવી. ત્યાં ૧૯૧૭માં દક્ષિણ અમેરિકાની એક વનસ્પતિનો એમણે એસેલીનમાં ઉમેરો કર્યો. એસેલીન પેટમાં જતાં જે સહેજ બળતરા રહેતી હતી તે પણ આથી બંધ થઇ અને તે સંપૂર્ણ બની. ભિસેએ હવે એ નામ બદલી એને ઍટોમિડીન નામ આપ્યું.

જનકલ્યાણમાં ઉપયોગી થઇ પડે એવી આ ઍટોમિડીનની શોધથી એમને ઘણો સંતોષ થયો. એ દવા લગભગ એકવીસ જાતના રોગો ઉપર કામ કરે છે અને પંચાણું ટકા દરદીને તો ફાયદો કરે જ છે. અમેરિકાની એક કંપનીએ એની બનાવટનો હક ખરીદી લીધો પણ પોતાના દેશીઓને સસ્તી દવા આપવા માટે હિંદ અને સીલોન માટેના હક તો ભિસેએ પોતાની પાસે જ રાખ્યા.

આ ઍટોમિડીને શંકરરાવને જગતવ્યક્તિત્વ અર્પ્યું. તે પછી તેઓ અમેરિકામાં જ સ્થાયી થયા, અને પાંચેક માસ પર હમણાં ૬૮ વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધીનું પોતાનું શેષ આયુ ત્યાં જ ગાળ્યું. ઇ. ૧૯૨૭માં એમનો સાઠમો જન્મોત્સવ ઉજવાયો તે પ્રસંગે અમેરિકાએ એમને પીએચ. ડી. અને ડી. એસસી.ની ડિગ્રીઓથી નવાજી એમનું બહુમાન કર્યું.

ડૉ. ભિસેને પણ આ કદરથી જીવનના શેષ ભાગમાં સંપૂર્ણ સુખ અને સંતોષ થએલાં. આત્મવૃત્તાંતમાંના એ વિષેના એમના ઉદ્ગારો જ આ લેખને અંતે ટાંકીએ:

'પ્રભુકૃપાથી બાળવયે કરેલા નિશ્ચયને વળગી રહી હું જીવનને આટલું વિજયી બનાવી શક્યો છું તેમાં, તેમજ પછાત ગણાતા હિંદ દેશમાંથી આવેલા અને આપબળે ઊંચે ચડેલા પુરુષ તરીકે અંતે જગતના આ અગ્ર દેશમાં એક વૈજ્ઞાનિક તથા શોધક તરીકે કીર્તિ પ્રાપ્ત થતાં હિંદી તરીકે હું ઊંચે મુખે ફરું છું એમાં મારા જીવનનું પરમ સુખ માનું છું.' (સંકલિત)



એરોપ્લેનની આ વિવિધ જાતો ઓળખી રાખવા જેવી છે. પૃ. ૩૦૦ ઉપરનો લેખ પણ જુઓ



રાખડી
ચિત્રકાર• કનુ દેસાઈ



Courtesy : The Illustrated London News

એરોપ્લેનમાં આકાશવિહાર

(એક મનોરમ દૃશ્ય)

એરોપ્લેનની સફરે

લેખક મનુભાઈ ઉત્તમચંદ પારેખ

એરોપ્લેન
કેમ
ચાલે
છે તે બહુ જ સહેલી રીતે સમજાવતો
આ લેખ કહે છે કે સાઈકલ ચલાવવી
તેના કરતાં એરોપ્લેન ચલાવવું
વધારે
સહી
સલા
મત
છે
નથી માનતા?
તો વાંચો


આજ લગભગ સાડા અગિયાર વરસથી તમે 'કુમાર' વાંચો છો, પણ કદી એરોપ્લેનની સફરે ગયા છો? નહિ? તો આજે ચાલો. જુઓ, આ સામે પડ્યું તે જ આપણું એરોપ્લેન. પણ રહો; ઉપર ઊડતાં પહેલાં હું તમને તેને વિષે થોડીક માહિતી આપું.

પહેલાં તો તેના મુખ પાસેથી જ શરૂઆત કરીએ. આ સામે રહ્યો તે તેનો પંખો (ચિત્ર નં. ૧) એ જ તેને ખેંચે છે. તમે કોઈક દિવસ તો પતંગ જરૂર ચગાવ્યો હશે. આ એરોપ્લેનને પણ તમે પતંગ અને તેના આ પંખાને તેની દોરી સમજો. જેમ દોરી વિના પતંગ ઊંચે ન જાય તેમ જ આ પંખા વિના એરોપ્લેન નકામું.


પંખાની પાછળ જે આ છે તે તેને ગતિ આપનારૂં એન્જિન. તેમાં અને આપણી ચાલુ મોટરકારના એન્જિનમાં કાંઈ ખાસ તફાવત નથી. પછી તેની પાછળ રહ્યું તે આખું એરોપ્લેનનું શરીર (ચિત્ર નં ૨) જેમાં બેસવાની સગવડ હોય છે. તેની બંને બાજુઓએ પાંખો બેસાડેલી હોય છે. આ આપણા એરોપ્લેનને બે જોડ પાંખો છે. એક જોડ ઉપર અને એક જોડ નીચે. તેથી તેને Biplane (બાઇપ્લેન) કહે છે. પણ કેટલાંક એક પાંખવાળાં એરોપ્લેન હોય છે તેમને મૉનોપ્લેન (Monoplane) કહે છે. આ પાંખો અને આગળનો પંખો એ બંને મળીને જ આખા એરોપ્લેનને અદ્ધર રાખે છે.

હવે ચાલીએ પાછળ. આ તેની પૂંછડીએ રહ્યું તે ટેઇલપ્લેન (Tailplane) એટલેકે પાછળની પાંખો (જુઓ ચિત્ર નં. ૩); અને તેને જે નાની, ઉપરનીચે થઇ શકે તેવી પાંખો જોડેલી છે તેનું નામ એલીવેટર. એ એલીવેટર વડે એરોપ્લેન ઉપર કે નીચે લઇ જઇ શકાય છે. તેની પાછળ રહ્યું તે સુકાન–રડર (Rudder). એરોપ્લેનને જુદીજુદી કોઇપણ દિશામાં વાળવાનું તે વડે.

આ તો તમને એરોપ્લેનના વિવિધ ભાગોની સમજણ આપી. હવે એ એરોપ્લેન હવામાં કેમ અદ્ધર રહે છે તે જોઇએ. તમે એરોપ્લેનની પાંખ તો જોઇ. તે તદ્દન સપાટ નથી, પણ તેનો ઉપલો ભાગ સહેજ ગોળાકારવાળો અને નીચલો ભાગ તદ્દન સપાટ છે. આ પાંખોને જો હવામાં જોરથી ફેરવવામાં આવે તો તેનો ઉપલો ભાગ ગોળાકાર હોવાને લઇને તેની સાથે અથ-



ચિત્ર નં. ૧ એરોપ્લેનની પાંખો અને એન્જિન



ચિત્ર નં. ૩ એરોપ્લેનનો પાછળનો ભાગ




ચિત્ર નં. ૨ : ઉપર-નીચે બે પાંખોની જોડ ધરાવતું બાઇપ્લેન—તેના વિવિધ ભાગો બતાવતું સમગ્ર દૃશ્ય

કાતી હવા ઊંચે ચડી જાય છે (ચિત્ર નં. ૪), અને તેનો નીચેનો ભાગ સપાટ હોવાને કારણે, ત્યાં હવા તેના સરસી ઘસાઇને જાય છે. એટલે પાંખના ઉપરના ભાગમાં હવાનું દબાણ ઓછું થયું અને નીચેના ભાગમાં વધારે થયું. આથી જ તે હવામાં રહી શકે છે. આ જાતનો અખતરો જો તમારી પાસે વીજળીનો ટેબલપંખો હોય તો તેના વડે તમે ઘરમાં પણ કરી શકશો. ચિત્ર નં. ૫ માં બતાવ્યા મુજબ પાતળા પૂઠામાંથી પાંખનો આકાર બનાવો અને તેને દોરી વડે પંખાની જાળી સાથે બાંધો. પંખો બંધ હશે ત્યારે તે પોતાના વજનથી નીચે પડ્યો રહેશે, પણ જેવો પંખો ચાલુ કરશો કે તરતજ તે હવામાં તરતો થઇ જશે. આ જ સિદ્ધાંત એરોપ્લેનની પાંખમાં સમજવો. તેને પણ પૂરતી ગતિમાં હવા મળે કે તરત જ તે હવામાં તરતું થાય એટલે તો તેને હવાની પૂરતી ગતિ મેળવવા જમીન પર થોડું દોડવું પડે છે.

આ પરિચય પછી, ચાલો હવે તેને ઉપર-નીચે લઇ જનારા એલીવેટર દોસ્તોને મળીએ. આ એલીવેટર પૂંછડીની નાની પાંખો સાથે જોડેલા હોય છે, અને તે તેને ચલાવનાર કૉન્ટ્રોલ સ્ટિક (કે જેની સાથે તારથી તેનું જોડાણ કરેલું હોય છે તે) વડે ઉપર-નીચે કરી શકાય છે. પાઇલટની બેઠક પાસેની આ કૉન્ટ્રોલ સ્ટિકને આપણે આગળ ધકેલીએ. જુઓ, તેમ કરવાથી એલીવેટર નીચે ગયા (ચિત્ર નં. ૬ ક) અને તેના નીચા જવાથી હવાનું જોર તેની નીચેની સપાટી પર લાગ્યું, એટલે એરોપ્લેનની પૂંછડી ઊંચે ચડી ને તેનું મોઢું નીચે આવ્યું. હવે જો કૉન્ટ્રોલ સ્ટિકને પાછળ ખેંચીએ તો એલીવેટર ઉપર જાય (ચિત્ર નં ૬ ખ) અને ઉપરના ભાગ પર હવાનું દબાણ આવતાં એરોપ્લેનની પૂંછડી નીચે આવે અને મોઢું ઉપર જાય. ત્રાજવામાં તમે એક તરફ વજન મૂકો તો એક પલ્લું ઉપર અને એક નીચે જાય તે પ્રમાણે જ આ એલીવેટરની રચનાનું સમજવું.

હવે જોઇએ સુકાન. તે તો તમે આગબોટો, વહાણ વગેરેમાં કદાચ જોયું પણ હશે; અગર તેનું કાર્ય તો જાણતા જ હશો. એરોપ્લેનના સુકાનનો સંબંધ, ચલાવનારના પગ પાસેના પૅડલ સાથે તારથી જોડેલો હોય છે અને પાઇલટ સુકાનને પોતાના પગથી ચલાવી પોતે ઇચ્છે છે તે દિશામાં એરોપ્લેનને વાળી શકે છે. હવે રહ્યા એઇલરોન. તે મુખ્ય પાંખોના પાછલા ભાગમાં




જોડેલા હોય છે. એ પણ કૉન્ટ્રોલ સ્ટિક વડે ઉપર-નીચે થઇ શકે છે. તેનું કામ મુખ્યત્વે વળાંક લેવામાં મદદ કરવાનું જ હોય છે.

ચાલો ત્યારે, બેસો હવે અંદર. મારી બેઠક સામે જે સંખ્યાબંધ ઘડિયાળો જડેલું આ છે તે ઇન્સ્ટ્રુમેન્ટ બોર્ડ. તેમાં જડેલાં ઘડિયાળોની હકીકત પણ જાણવી જરૂરી છે. આ ડાબા હાથ પર રહ્યું તે રેવોલ્યુશન ઇન્ડિકેટર. એન્જિન એક મિનિટમાં કેટલા આંટા ફરે છે તે આ બતાવે છે. તેની નીચે છે તે એર સ્પીડ ઇન્ડીકેટર. તે હવાની ગતિ એક કલાકના કેટલા માઇલની છે તે બતાવે છે. તેની બાજુમાં છે તે ઓઇલ પ્રેશર ગેજ; અને આ જમણા હાથ પર રહ્યું તે ઍલ્ટીમીટર, જે આપણે હવામાં કેટલા ફીટ ઊંચા છીએ તે બતાવે છે. તેની બાજુમાં છે તે તો સાદું વખત બતાવનારું ઘડિયાળ છે, અને તેની નીચે છે તે દિશા બતાવનારું કંપાસ (હોકાયંત્ર) છે, જે દિશા બતાવે છે.

આ કૉન્ટ્રોલ સ્ટિકને આગળપાછળ કરવાથી એલીવેટર ઊંચાનીચા થઇ શકે છે એ તો આપણે જાણી ગયા. તેને જ બાજુમાં ધકેલવાથી એઇલરોનને ઉપર-નીચે કરી શકાય છે. મારા પગ આગળ જે આ બે પૅડલ દેખાય છે તે રડર-બાર, જેનાથી સુકાન ફેરવી શકાય છે; અને છેલ્લું આ મારા ડાબા હાથ પાસે છે તે પેટ્રોલ લીવર, જેનાથી વધારે-ઓછું પેટ્રોલ રાખીને એન્જિનની ગતિ ઓછી કરી શકાય છે.

ચાલો, આપણું એન્જિન હવે પૂરતું ગરમ થઇ ગયું છે અને ઉપર વાદળા પણ ઘેરાય છે, એટલે વરસાદ પડતાં પહેલાં આપણે આપણી સફર પૂરી કરી લઇએ

એરોપ્લેન ઉપર જતી વખતે કે નીચે આવતી વખતે હમેશાં સામા પવનનો જ ઉપયોગ કરે છે, કારણકે તેમ કરવાથી થોડા જ વખતમાં ઉપર જઇ શકાય છે અને થોડી જગ્યામાં ઊતરી શકાય છે. તમને નવાઇ લાગશે, પણ પાછલા પવને ઊતરવું યા ચડવું એ એરોપ્લેન માટે બહુ જ જોખમકારક છે! જુઓ હવે હું પેટ્રોલ-લીવર દાબું છું. વાહ, શું સરસ એન્જિન છે! કેટલો તાલબદ્ધ અને સુંદર એનો છગ-છગાટ છે! એક-બે-ત્રણ . . . . જુઓ! જુઓ, આપણે જમીન તો ક્યારની યે છોડી દીધી! આ નીચે




ચિત્ર નં. ૫

દેખાય તે સ્ટેશન; અને તેની બાજુમાં રેલવે લાઇન તો જુઓ! જાણે કોઇ મહાનાગ. અને નીચે દેખાતા આપણા શહેરનાં મકાનો તો રમકડાં જેવાં જ લાગે છે.

જુઓ, આપણું ઍલ્ટીમીટર કહે છે કે આપણે ૨૦૦૦ ફીટ ઊંચે છીએ અને આપણે જવું છે ૫૦૦૦ ફીટ. કારણકે હું ધારું છું તેમ આપણાં પેલાં વાદળા દોસ્તો લગભગ તેટલી જ ઊંચાઇ ઉપર છે. હવે આ મારી કૉન્ટ્રોલ સ્ટિક હું થોડી પાછળ લઉં છું. તેમ કરવાથી આપણા એરોપ્લેનની પૂંછડી નીચે અને મોઢું ઉપર થયું. જુઓ, હવે ઍલ્ટીમીટર કૂદકે ને ભૂસકે આગળ વધે છે. ત્રણ હજાર . . . ચાર હજાર . . . અને . . . આ પાંચ! અરે વાહ! શું સરસ દૃશ્ય છે. નીચે નજર તો કરો, દોસ્તો! અરે રખે રખે તમે કૂદતા તેના પર—રૂના ઢગલા સમજીને. એ તો વાદળાં છે.

હું ધારું છું કે હવે થોડા વખતમાં જ સૂર્યોદય



ચિત્ર નં ૬


થવો જોઇએ. ચાલો, તેટલો વખત જરા આ વાદળાં પર ચક્કર લગાવીએ. જુઓ, આ મારી ડાબી બાજુનું પૅડલ દાબતાં જ એરોપ્લેન ડાબી તરફ ફરવા લાગ્યું, કંઇ યે મુશ્કેલ નથી. ફક્ત એક જ ઇશારો કરો અને એરોપ્લેન તમને જવાબ આપશે. પણ રખે કોઇ દિવસ તેની અણછાજતી છેડતી કરતા! એરોપ્લેનના અકસ્માતના ૯૦ ટકા તો પાઇલટ અથવા ગ્રાઉન્ડ એન્જિનીઅરની બેદરકારી અથવા મૂર્ખાઇથી જ થાય છે. તમે ગગજના ઠંડા હો અને સંભાળપૂર્વક કામ કરો તો સાઇકલ ચલાવવી તેના કરતાં એરોપ્લેન ચલાવવું વધારે સહીસલામત છે!

જુઓ જુઓ દોસ્તો, આ ભગવાન સવિતાનારાયણની સવારી પધારે. કેટલું રમણીય ને ભવ્ય દૃશ્ય છે! વાદળ પરનો આવો સૂર્યોદય જોવાને તો શોખીન કલાકારો જાન પણ કુરબાન કરે; જોકે તે જોવા માટે તમારે તો ફક્ત ઊંઘને જ કુરબાન કરવી પડી છે.

છક છીંક . . . . છીંક . . છક! અરે! આ શું? એન્જિન આમ છીંકો કેમ નાખે છે! અરે, અરે, અરે, આ તો બંધ પડી ગયું!

શું કરો છો, મુસાફર દોસ્તો? પ્રભુને યાદ કરો છો? અરે વાહ! તમે શું એમ ધારો છો કે એન્જિન બંધ પડી ગયું તેથી આપણે બધા ભફ કરતાક ને નીચે પડી પછડાઇને મરી જઇશું? એવો કશો યે ડર નહિ રાખતા. જુઓ, એન્જિન વિના પણ હું તમને આસાનીથી નીચે લઈ જઇ શકું છું. હા, એટલું ખરું કે આ સ્થિતિમાં આપણે માત્ર આગળ અથવા ઉપર નથી જઇ શકતા. પણ એન્જિન ખરાબ થાય કે તૂટી જાય તોપણ આજુબાજુમાં સપાટ જમીન હોય તો જરૂર સહીસલામત ઊતરી શકાય,—વાળ પણ વાંકો થયા વિના. પણ જો તમારાં નસીબ જ વાંકાં હોય અને નીચે પહાડ કે દરિયો હોય તો થયું. પણ ના, સારો પાઇલટ તો કોઇ પણ દિવસ સાધારણ એરોપ્લેન લઇને પહાડ અથવા દરિયો નહિ ઓળંગે.

અરે, વાતોમાં તો આપણે ઘણા નીચે આવી ગયા. મને લાગે છે આ આપણી ડાબી બાજુનું ખેતર આપણને ઊતરવા માટે પૂરતું મોટું છે.



હવે જોવું રહ્યું હવાનું, કે કઇ દિશામાંથી તે ફૂંકે છે. જુઓને, આ મીલનો ધુમાડો પશ્ચિમમાંથી પૂર્વ દિશા તરફ જાય. ચાલો દોસ્તો પાછા દુનિયામાં.

કેમ, જોયુંને? એન્જિન વિના પણ સલામત નીચે ઊતરી શકાય છે. હવે મને તપાસવા દો કે એન્જિન કેમ બંધ થયું. અરે, આ તો મૅગ્નેટનો લો ટેન્શન વાયર છૂટો પડી ગયો છે. તે બરાબર બેસાડેલો છે કે નહિ તે જોતાં તો હું ઉતાવળમાં ભૂલી જ ગએલો. જો નીચે દરિયો કે પહાડ હોત તો આ નાની ભૂલનું કેવું ગંભીર પરિણામ આવત! હું ઇચ્છું છું કે તમે આવી ભૂલ કોઇ દિવસ નહિ જ કરો.

આ મુસાફરીમાં તમને ગમ્મત આવી તે તો જાણ્યું; પણ તમારામાંથી જેઓને હમેશાં આવી સફર કરવાની ઇચ્છા હોય તેઓને નીચેની હકીકત ઉપયોગી થશે.

એરોપ્લેન ચલાવવા માટે આપણા દેશમાં બે જાતનાં લાઇસેન્સ મળે છે. એક A અને બીજું B. A લાઇસેન્સ વાળા ફક્ત ખાનગી જ એરોપ્લેન ચલાવી શકે છે, જ્યારે B લાઇસેન્સ વાળા ધંધાદારી પાઇલટ બની શકે છે, ક્યાંય પણ નોકરી કરી શકે છે અથવા પોતે ભાડે એરોપ્લેનની સર્વિસ ચલાવી શકે છે A લાઇસેન્સ લેવા માટે લગભગ ૭૦૦ થી ૮૦૦ રૂા.નો ખર્ચ થાય છે, પણ B લાઇસેન્સ માટે તો લગભગ ૬૦૦૦થી ૮૦૦૦નો ખર્ચ થાય છે. A લાઇસેન્સની પરીક્ષા બહુ અઘરી નથી, તેમજ લગભગ બે માસમાં તે શીખી શકાય છે; પરંતુ B લાઇસેન્સ લેવા ઇચ્છનારે સાંચાકામની, નૌકાશાસ્ત્રની, વાયુશાસ્ત્રની અને ઊડવાની પરીક્ષાઓ પાસ કરવી પડે છે અને એના કુલ અભ્યાસને લગભગ દોઢથી બે વર્ષ લાગે છે.

આપણા દેશમાં મુંબાઇ, કલકત્તા, દિલ્હી, કરાચી વગેરે સ્થળોએ ફ્લાઇંગ કલબો છે જે A અને B બંને લાઇસેન્સનું શિક્ષણ આપે છે. અત્યારે B લાઇસેન્સ લેવા માટે મુંબાઇની ફ્લાઈંગ કલબ સારી ગણાય. તે વખાણવાલાયક કામ કરી રહી છે. B લાઇસેન્સ લેવા ઇન્ટર આર્ટ્સ અથવા ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યો હોય તો વધારે સારું વારુ ત્યારે, સલામ દોસ્તો. વળી મળીશું કોઇવાર.



રુદ્રમાળનાં ખંડિયેરનો તોરણસ્થંભ



જરાં સારી હાલતમાં (નં.૨ વાળા) અવશેષ



રુદ્રમાળ અવશેષ (નં ૪) ટેકવી રાખેલા


ઉત્તર ગુજરાતના ઐતિહાસિક અવશેષો

નાના હતા અને ગુજરાતનો ઇતિહાસ શીખતા ત્યારથી જ ગુજરાતની પ્રાચીન સમૃદ્ધિના સાક્ષીભૂત ઊભેલા એના પ્રાચીન અવશેષો તરફ આકર્ષાએલા. જેમજેમ વાચનની વધુ સગવડો મળતી ગઇ તેમતેમ તે તરફ વધુ ખેંચાતા ગયા અને છેવટે તે પ્રત્યક્ષ નિહાળવા માટે ઉનાળાની રજાઓમાં અમે મિત્રવર્ગે પ્રવાસ ગોઠવ્યો.

મહેસાણાથી દસ વાગ્યે નીકળી સિદ્ધપુર અગિયાર વાગ્યે અમે પહોંચ્યા. સ્ટેશન બહાર નીકળી, 'કઇ જાતના છો? ક્યાંના છો? યાત્રા કરવા આવ્યા છો?' એવી એવી ગોરમહારાજોની પ્રશ્નાવલિના પંજામાંથી જેમતેમ છૂટી, અમારા મિત્રોને ઘેર ગયા. બપોરે જમી આરામ લઇ સાડાત્રણ વાગ્યે રુદ્રમાળનાં ખંડિયેરો જોવા ગયા.

રુદ્રમાળનાં ખંડિયેર ગામને એક છેડે છે. હાલમાં P.W.D. (જાહેર બાંધકામના સરકારી ઇજનેરી) ખાતા તરફથી તેની આસપાસ કોટ ચણાવી બાગ બનાવ્યો છે અને તે દરેકને માટે ખૂલ્લો મૂકયો છે. કૅમ્પાઉન્ડમાં ચાર અવશેષો છે; અને પાછળ મસ્જિદના કૅમ્પાઉન્ડમાં ત્રણ ઉપ-મંદિરોની બનાવેલી મસ્જિદ, એક ઉપમંદિર અને સૂર્યકુંડ છે. મુખ્ય દરવાજેથી દાખલ થતાં સામે જ તોરણસ્થંભ નજરે પડે છે. (જુઓ ચિત્ર) એ હજી સુધી સારી સ્થિતિમાં છે. તેને કોઇ ઠેકાણેથી મરામત કરવામાં આવ્યો નથી અને તેનું કોતરકામ હજુ સચવાઇ રહ્યું છે. તોરણસ્થંભના જમણી બાજુના થાંભલામાં ગણેશની મૂર્તિ કોરેલી છે જેની પૂજા હજી સુધી થાય છે. ત્યાં આગળ ગોરાણી રુદ્રમાળનો રાસ સંભળાવી યાત્રાળુઓ પાસેથી દક્ષિણા મેળવે છે.


તેની સામે પશ્ચિમે બે અવશેષો છે. બન્ને બે મ-




જલાના છે. બીજા નંબરનો અવશેષ ઘણો જ જીર્ણ થવાથી તેને મોટા ઓટલા બાંધી રક્ષવામાં આવ્યો છે, તેથી તેનું નીચેનું શિલ્પ દટાઇ ગયું છે; જ્યારે પ્રથમ મજલાનું થોડું અને બીજા મજલાનું સુંદર ભાસ્કર્ય જોઇ શકાય છે. ત્રીજા અવશેષને પણ લોઢાના ગર્ડરોથી રક્ષવામાં આવ્યો છે. રુદ્રમાળના બધા અવશેષો કરતાં આ અવશેષના સ્થંભોનું ભાસ્કર્ય ઘણું ઝીણવટવાળું અને સુંદર છે. બધા કરતાં આની ઊંચાઇ પણ વધારે છે. ઉપરના મજલામાં કેગરના લાકડાની સળંગ પાટલી છે; તે સિવાય તે બીલકુલ સાદો છે અને ત્યાં કોઇ પ્રકારનું બીજું શિલ્પકામ નથી. તેની સામે ચોથો અવશેષ છે તે બે મજલાનો છે. બધા કરતાં તેમાં વધુ થાંભલાઓ અને તોરણો છે; તેમજ બધા કરતાં જીર્ણાવસ્થામાં પણ તે ઘણો જ વધારે છે. આથી ઘણે ઠેકાણેથી તેને રક્ષવામાં આવ્યો છે ઉપરના મજલાના શિલ્પભર્યા પથ્થરો તો આજે પડે, કાલે પડે, એવી સ્થિતિમાં એકબીજાને આધારે ટકી રહ્યા છે (જુઓ ચિત્ર).


તે જોઈ અમે મસ્જિદના કૅમ્પાઉન્ડમાં ગયા. મસ્જિદ રુદ્રમાળના ખંડિયેરની પાછળ જ છે; પણ તેને કોટ બાંધી જુદી પાડી છે તેથી થોડું ફરીને જવું પડ્યું. ત્રણ મંદિરોમાં જોઇતો સુધારો કરી આ મસ્જિદ બનાવવામાં આવી છે એમ ઝીણવટથી જોનારને તરત દેખાઇ આવે છે. આ બાબતનું સાક્ષીભૂત ઊભેલું ચોથું મંદિર મસ્જિદની હારમાં જ પાંચ ફૂટ છેટે છે. તેનું શિલ્પકામ હજી સુધી સચવાઇ રહ્યું છે, પણ તેમાં દેવમૂર્તિને બદલે કરોળિયાનાં જાળાંનાં દર્શન થાય છે. મસ્જિદમાં એક ભોંયરૂં છે તે ક્યાં નીકળે છે તે હવે તો કોઇ જાણતું નથી. મસ્જિદની સામે જ એક સૂર્યકુંડ છે તે પણ મુસલમાનોના કબજામાં છે. સિદ્ધપુરનો રુદ્રમાળ જેટલો જાણીતો છે તેટલાં આ મંદિર અને કુંડ નથી, કેમકે સિદ્ધપુર આવનારાનો મોટો ભાગ શ્રાદ્ધ સરાવી નદીમાં નાહી, અવકાશે રુદ્રમાળનો આંટો મારી આવી રવાના થઈ જનારો. પ્રાચીન ગુજરાતની સમૃદ્ધિને કલાદષ્ટિથી જોનારા થોડા છે. એટલે ઘણાઓને તો સૂર્યકુંડ, મંદિર અગર મસ્જિદની ખબર પણ નથી હોતી.

ત્યાંથી અમે નદી તરફ જવા રવાના થયા. નદીનો જૂનો ઘાટ તોરણસ્થંભની સામે જ છે, પણ કોટ થવાથી થોડું ફરીને જવું પડે છે. ઘાટને ત્રીસેક પગથિયાં છે તે ઊતરી અમે નીચે આવ્યા. ઘાટની ઉત્તરદક્ષિણે મજબૂત પથ્થરનાં હારબંધ પાવડીઆં છે. તેમાં ઉત્તરની હાર થોડે દૂર જઇ અટકી જાય છે, જ્યારે દક્ષિણનાં પગથિયાંની હાર હાલના નવા ઘાટ સુધી લંબાય છે. પ્રથમ સરસ્વતી નદીનું વહેણ આ બાજુથી હતું અને તે ઘણા જ વખતથી બદલાઇ ગયું છે એટલે આ ઘાટ અત્યારે બીલકુલ વપરાશમાં આવતો નથી. ઘાટ હજુ મજબૂત છે અને તે વખતના સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.


રુદ્રમાળ સાથેના વર્ણનમાં આવતા નં. ૩ ના અવશેષ



બિન્દુ સરોવર સિદ્ધપુર


નીચે: કેવળપુરીની થળી









ગથાળેથી (૧) ચંદ્રાવતી જતા રસ્તામાં આવતો શેત્રાલણ (ચંદ્રાવલી) નદીનો પૂલ; (૨) ચંદ્રાવતીનાં ખંડિયેરોનું દૂરથી દૃશ્ય; (૩) ખંડિયેરોનો એક ભાગ; (૪) મંદિરની પ્રાચીન ભવ્યતા બતાવતી આરસપહાણની એક કુંભી



ચંદ્રાવતી મંદિરના રંગમંડપનો સ્તંભ. આ સ્તંભનું મોટું ઉઠાવદાર ચિત્ર કુમારના ૮૫મા અંકની આર્ટપ્લેટ-માં આવી ગયું છે.



કલાના આવા ખંડિત અવશેષો ચંદ્રાવતી આગળ ઢગલાબંધ આડફેટે પડેલા છે.

ત્યાં થઇ અમે નવા ઘાટે ગયા. નદીમાં પાણી થોડું હતું. બધી ધાર્મિક ક્રિયાઓ અહીં થાય છે. અહીં બે ઘાટ છે જેમાંનો નવો અહલ્યાબાઇએ બંધાવ્યો છે. ઘાટની સામે નદીને પેલે પાર 'કેવળપુરીની થળી' એ નામથી ઓળખાતાં મંદિર છે અને તેની આગળ પણ ઘાટ છે. એ મંદિર ચોતરફથી કોટથી રક્ષાએલું છે અને રુદ્રમાળની પછી તરત બંધાયું હોય એમ લાગે છે (જુઓ ચિત્ર). હાલમાં તો તે દશનામી અતીતોના દેવસ્થાન તરીકે વપરાય છે. એની આગળનો ઘાટ પણ અહલ્યાબાઇએ બંધાવ્યો કહેવાય છે. નદીના પટમાંથી ઉત્તરે પથરાઇ રહેલું અરવલ્લીની ગિરિમાળાનું દૃશ્ય સાંજના આછા પ્રકાશમાં રમણીય લાગે છે.

બીજે દિવસે સવારે આઠ વાગ્યે અમે રવાના થયા. ગામમાંથી સીધી સડકે ભાગ્યે જ એકાદ માઇલ દૂર બિંદુ સરોવર, જ્ઞાપી વાવ, અલ્પા સરોવર અને કપિલાશ્રમ







ઉપર : હાલનું જીર્ણોદ્ધાર પામેલું મધવાજીનું શૈવમંદિર; વચ્ચે મંદિરના સંગ્રહસ્થાનમાંની શંખ-ચક્ર-ગદા ધારી શ્રી કૃષ્ણની પ્રાચીન મૂર્તિ; જમણી બાજુ : મંદિરનો આરસપહાણનો જૂનો તોરણ સ્થંભ; નીચે : મંદિરના સંગ્રહસ્થાનમાં પ્રાચીન સમયનાં આભૂષણ બતાવતી મૂર્તિ

—એ બધાં એકબીજાની નજીકમાં આવેલાં છે. અલ્પા સરોવર કરતાં બિંદુ સરોવર ઘણું જ નાનું છે અને તેની પશ્ચિમ-દક્ષિણ બાજુએ મંદિરો છે. પૂર્વે ધર્મશાળા છે અને ઉત્તરે જ્ઞાની વાવ છે (જુઓ ચિત્ર). જ્ઞાની વાવ હાલ તો તદ્દન જીર્ણ થઇ ગઇ છે અને અંદરનું પાણી પણ ગંદું છે. અહીં દરેક સંપ્રદાયનાં મંદિર હોવાથી સવારસાંજ દર્શનાર્થે વધુ ભીડ રહે છે.

આ બધું જોઈ અગિયાર વાગ્યે અમે પાછા વળ્યા અને આખો દિવસ રોકાઇ રાતના દોઢની ગાડીમાં ચંદ્રાવતી જવા રવાના થયા.

ચંદ્રાવતી

ચંદ્રાવતી જવા માટે આબુ રોડથી ચાર માઇલ ચાલીને જવું પડે છે એમ વાંચેલું, પણ તપાસ કરતાં માવલથી એક ટૂંકો રસ્તો હોવાની ખબર મળી, તેથી આબુરોડ ન ઊતરતાં અમે માવલ ઊતર્યા. પ્રાતઃકાળ થવાને હજી વાર હતી તેથી અમે સ્ટેશન નજીક સૂઇ રહ્યા. બરોબર છ વાગ્યે બધો સામાન સ્ટેશને મૂકી અમારા પ્રવાસની શરૂઆત કરી.

સવા માઇલ ચાલી અમે શેવાલણ—જે અત્યારે તો ચંદ્રાવતીના નામથી ઓળખાય છે—નદીના પુલ પાસે આવ્યા (જુઓ ચિત્ર). નદીમાં પાણી થોડું હોવાથી અમે નદીના પટમાંથી જ ઊતર્યા. નદીને સામે કિનારેથી ખંડિયેર શરૂ થતાં હતાં. નદીના પટમાં તેમજ કિનારે શિલ્પયુક્ત ઢગલાબંધ પથ્થરો પડેલા છે. અમારે શૈવ મંદિરના મુખ્ય ખંડિયેરે પહોંચવાનું હતું, પણ રસ્તાના ભોમિયા ન હોવાથી મુશ્કેલી નડી. નદીકિનારેથી પાંચ છ કેડી શરૂ થતી હતી તેથી વધુ ગૂંચવાયા. આખરે પથ્થરની નિશાનીઓ જોતાં (જે રસ્તામાં ઠેરઠેર ઓછા-વત્તા પ્રમાણમાં મળ્યા જ કરે છે.) અમે મુખ્ય ખંડિયેરે પહોંચ્યા. ખંડિયેરની આસપાસ એટલું ઘાસ છવાએલું હતું કે એક જ ફર્લાંગ દૂરથી પણ તે જોઇ શકાતું નહિ (જુઓ ચિત્ર). તેની નજીક બેત્રણ ઝૂંપડાં છે, થોડે દૂર એક વખત પૃથ્વી ઉપર વડા ગણાએલા પરમારોના વંશજોનું નિવાસસ્થાન ચંદ્રાવતી છે. વસ્તી જૂજ છે અને તેનો મુખ્ય ધંધો ખેતીનો છે.



ચંદ્રાવતીની સમૃદ્ધિની સાક્ષીરૂપ રહેલા અવશેષોમાં મુખ્ય તો શૈવ મંદિરના રંગમંડપનો સ્થંભ છે (જુઓ ચિત્ર. મોટા ચોખ્ખા ચિત્ર માટે જુઓ કુમાર અંક ૮૫મો) એની આસપાસ એવા બીજા ભાંગી ગએલા સ્થંભોના ટુકડાઓ રઝળે છે. રંગમંડપના એ સ્થંભનું શિલ્પ હજી સુધી સચવાઇ રહ્યું છે; પણ તે સ્થંભ જ હવે સચવાઇ રહેશે કે કેમ તેની શંકા છે. મંદિરની લંબાઇ પહોળાઇ દર્શાવતાં ચારે ખૂણાનાં નિશાનો હજુ કાયમ છે, અને તેની આજુબાજુ શિલ્પભર્યાં અગણિત ટુકડાઓ રઝળે છે. મંદિર આરસથી બાંધવામાં આવેલું છે એમ તેના અત્યારના રહ્યાસહ્યા અવશેષ ખાત્રી પૂરે છે. ખંડિયેરની મધ્યમાં પથ્થર ગોઠવી ગર્ભાગારનો ભાગ બતાવવા પ્રયાસ કરેલો છે, પણ એ અસલનો નથી એમ જોતાં વેંત જ ખાત્રી થઇ જાય છે. રંગમંડપના સ્થંભનું કોતરકામ, આજુબાજુ પેલા પથ્થરોમાં કોતરેલી મૂર્તિઓ વગેરે જોતાં એમ લાગ્યું કે તે વખતે અસ્તિત્વ ધરાવતાં શૈવ મંદિરોમાં આ મંદિર અગ્રસ્થાને હશે. મંદિરની જગ્યાની આસપાસ હાલમાં ખેતી થાય છે અને તેની સુગમતા માટે પથ્થરો જ્યાંત્યાં ફેંકી દેવામાં આવે છે. શેવાલણનો પૂલ બાંધતાં આ મંદિરનો નાશ થયો. વધેલા પથ્થરો સંગ્રહવાને બદલે જ્યાંત્યાં ફેંકી દેવામાં આવ્યા. વળી ગયે વર્ષે અહીંથી ગાડાં ભરીને સારા પથ્થરો મધવાજીના શૈવ મંદિરના જીર્ણોદ્ધાર માટે લઇ ગયા. તેમ છતાં પણ ખંડિયેરની આજુબાજુ અને ઠેઠ નદીના પટ સુધી તેમજ પટમાં ઘણા સુંદર શિલ્પયુક્ત પથ્થરો પડેલા છે. તે બધાને ખંડિયેરના સ્થાને ભેગા કરી સંગ્રહવાની ખાસ જરૂર છે. નહિ તો પછી સૌ સૌને ફાવે તેમ બધું જ ઉઠાવી જશે અને પ્રાચીન કલાવૈભવના એ રહ્યાસહ્યા અવશેષ પણ પૃથ્વી ઉપરથી તદ્દન નાબૂદ થઇ જશે.

મંદિર અને તેની આજુબાજુનો પ્રદેશ જોઇ અમે ગામ જોવા ગયા. ગામમાં એક જૂની વાવ છે પણ તે વપરાશ વિનાની પડી છે. ગામમાં બીજું કાંઈ ખાસ જોવા જેવું નથી. ત્યાંથી અમે સીધે રસ્તે પૂલ પાસે આવ્યા અને નાસ્તો કર્યો. નદીનું પાણી ઘણું જ મીઠું છે. ત્યાં સાંધાવાળા સાથેની વાતચિતથી જણાયું કે અહીં બે વર્ષ પહેલાં અમદાવાદના માણસો જોવા આવેલા ત્યાર પછી કોઇ આવ્યું નથી! ત્યાંથી અમે સ્ટેશને આવ્યા. સાડા બારે ગાડી આવી તે દરમ્યાન મળેલા વખતમાં અમે સ્ટેશન માસ્તરને મધવાજી સંબંધી માહિતી પૂછી લીધી અને ત્યાં જવાનું આબુરોડથી સુગમ પડશે એવી એમની સલાહ ઉપરથી અમે એક વાગે આબુરોડ ઊતર્યા.

મધવાજી

ગાડીમાંથી ઊતરી અમે અમારા એક સંબંધી સ્ટેશન નજીક રહેતા હતા તેમને ત્યાં ધામા નાખ્યા. તેમને મધવાજીના રસ્તા સંબંધી માહિતી પૂછી લીધી અને સવારે વહેલા સાથે ભોમિયો લઇને જવાનું રાખ્યું.

બીજે દિવસે સવારે પ્રવાસ શરૂ કર્યો. બનાસ નદી ઓળંગી દક્ષિણ-પશ્ચિમ પાંચ માઇલ ગીચ જંગલમાં ચાલી અમે નવ વાગે મધવાજી પહોંચ્યા.

ઊંચાં તાડનાં ઝુંડોની વચમાં એક ટેકરા ઉપર મધવાજીનું શૈવ મંદિર આવેલું છે. તેની ચોતરફ કોટ છે. કોટના મુખ્ય દરવાજેથી દાખલ થતાં જ સન્મુખ સંગેમરમરનો તોરણસ્થંભ નજરે પડે છે. તે ઊંચાઇ અને પહોળાઇમાં રુદ્રમાળથી અરધો, ઘાટમાં તોરણ સિવાય લગભગ રુદ્રમાળને મળતો અને ભારકર્યમાં ચંદ્રાવતીના સ્થંભને આબેહૂબ મળતો છે. એ તોરણસ્થંભ મૂકી જૂના જર્જરિત થઇ ગએલા એક દ્વારમાંથી અંદર જતાં સામે જ હાલનું જીર્ણોદ્ધાર પામેલું શૈવ મંદિર છે (જુઓ ચિત્ર). એના શિખર અને ગર્ભાગારનો ભાગ જૂનો છે જ્યારે બાકીના બધા ભાગો જોઇતા પ્રમાણમાં સુધારવામાં આવ્યા છે. મંદિરની સામે નવો મંડપ છે. મંદિર મહંતના કબજામાં છે. બંને બાજુએ ધર્મશાળા છે અને પાછળની બાજુ પાંચ છ મૂર્તિઓ ગોઠવી સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યા છે. આ મંદિર પરમાર વંશની રાણીએ બંધાવેલું એમ ત્યાંના મહંત સાથેની વાતચિત ઉપરથી લાગ્યું કહે છે કે ચંદ્રાવતી બાર ગાઉના વિસ્તારમાં હતું અને મધવાજી ચંદ્રાવતીથી ફક્ત પાંચ જ માઇલ થાય; તો આ મંદિર ચંદ્રાવતીના કબજાનું અને તેના વિસ્તારનું જ હોય એમ માની શકાય છે.

મંદિરની સામે મંદિરના કબજાનો એક બાગ છે. ત્યાં બેત્રણ નાનાં મંદિરો અને બેત્રણ સમાધિઓ છે. અહીં ઊંચાં ઝાડોની ઘટા ઠીક છે, તેથી અમે અહીં જ બેસીને નાસ્તો કર્યો અને કલાકેક વિશ્રાંતિ લઇ પાછા ફર્યા. એક વાગે તો અમે આબુરોડ પહોંચી ગયા.

શાન્તિલાલ સલુભાઈ સંઘવી

સ્મરણયાત્રા

આપણે હાથી ખરીદીએ

એકવાર અમે સાંગલી જઇને મીરજ પાછા ફરતા હતા. સાંગલીના રાજમહેલની આસપાસ અમે કેટલા યે હાથી બાંધેલા જોએલા. હાથીઓ કોઈ કાળે શાંત ઊભા રહેતા નથી. શરીરનો ભાર જમણી બાજુથી ડાબી બાજુ અને ડાબી બાજુથી જમણી બાજુ ફેરવવા આખો સમય ડોલ્યાં જ કરે છે. આમ ઝૂલવું એ હાથીની શોભા છે. લોકમાન્યતા એવી છે કે હાથી જો આમ ઝૂલે નહિ તો છ મહિનાની અંદર એના માલિક મરી જાય. ન ઝૂલનાર અશુભ હાથીને કોઇ ખરીદે પણ નહિ. હાથીના લાંબાલાંબા દાંત કાપીને એમાં સોનાનું કડું ભેરવેલું હોય છે. છતાં એ પૂરતા લાંબા તો હોય જ છે. હાથીનાં બધાં જ હાડકાં હસ્તિદાંત તરીકે વપરાય છે, પણ આ લાંબા દંતૂશળના કકડા એ જ ઉત્તમ હાથીદાંત હોય છે અને એની કિંમત પણ ખૂબ આવે છે. હાથીની પીઠ પાછળની બાજુ ઊતરતી હોય તો એ હાથી વધારે રૂપાળો ગણાય છે. સાવ સપાટ હોય તો એ હાથી મામૂલી ગણાય છે.

ઘોડાની પેઠે હાથી પણ રાત્રે સૂતો નથી અને બેસતો પણ નથી એવી એક માન્યતા છે. હાથી સૂએ તો એના કાનમાં અથવા સૂંઢમાં કીડી ઘૂસી જાય છે અને એને કરડે છે; અને કીડી કરડે કે એ જ ક્ષણે હાથી મરી જાય છે એવી પણ માન્યતા લોકોમાં રુઢ છે. આવડા મોટા હાથીનું મોત કીડીના હાથમાં છે એવો બોધ કાઢવા પૂરતી આ માન્યતા ઠીક છે; પણ હાથી બેસે છે અને જરાક સૂઇ પણ જાય છે એ વાતની મેં ખાત્રી કરી લીધી છે. હાથી સૂઇ જાય છે ત્યારે પોતાની સૂંઢમાં કાંઈ ઘૂસી ન જાય એટલા માટે સૂંઢ મોઢાની અંદર લઇને સૂઇ જાય છે એમ કહેવાય છે. પણ પછી એ શ્વાસ કેવી રીતે લેતો હશે?

મીરજમાં પ્રવેશ કરતાં રસ્તા ઉપર એક નાનકડો હાથી વેચવા કાઢેલો અમે જોયો. આ હાથીની કિંમત કેટલી હશે એમ મેં પિતાશ્રીને પૂછ્યું. અમને રાજી રાખવા ખાતર પિતાશ્રીએ ગાડી ઊભી રખાવી અને ગાડી પર બેઠેલા પટાવાળાને કહ્યું કે હાથી કેટલામાં વેચાય છે એ સહેજ પૂછી આવ. પટાવાળાએ આવી કહ્યું, એ તો પાંચસોમાં જાય એમ લાગે છે. બસ! મેં અને કેશુએ હઠ લીધી કે આપણે હાથી ખરીદીએ. પિતાશ્રીએ કહ્યું, 'આપણાથી તે હાથી ખરીદાતો હશે?' મેં કહ્યું, 'પાંચસો રૂપિયાનો જ સવાલ છે. તમારો બે મહિનાનો પગાર આપો એટલે બસ થશે.' પિતાશ્રીએ દલીલ કરી, 'પણ હાથી લઇને કરીએ શું?' ભાઉએ કહ્યું, 'એના ઉપર બેસીશું અને ફરવા જઇશું.' પિતાશ્રીએ વાત ટૂંકાવવા કહ્યું, 'આવી ઘેલી વાતો કરો મા. હાથી તો રાજા લોકો જ ખરીદે. આપણા જેવા હાથી રાખે તો દુનિયા હસે.' પણ આટલાથી કેશુનું કે મારૂં યે સમાધાન ન થયું. અમે એક જ નાડું પકડી રાખ્યું,—'આ પ ણે હા થી ખ રી દી એ.'

એટલામાં અમારી ગાડી ઘેર આવી પહોંચી. પિતાશ્રીએ વિચાર કર્યો હશે કે છોકરાઓને સારો પાઠ ભણાવવાની આ તક છે. એમણે કહ્યું, 'ચાલો, હું હાથી ખરીદવા તૈયાર છું. માત્ર આપણે હાથી લઇએ તે પહેલાં તે દરરોજ શું ખાય છે, કેટલું ખાય છે, એના માવતને દર મહિને કેટલો પગાર આપવો પડે છે, એને સારૂ "ખંભારો" બાંધવા માટે કેટલો ખર્ચ આવે છે એ બધી વસ્તુની તપાસ કરી ગણત્રી કરો, અને પછી મારી પાસે આવો.'

અમે તો ઊપડ્યા અને અનેક ઠેકાણે ફરી માહિતી મેળવી,—અને છક થઇ ગયા! હાથીને રોજ ઘઉંનો મલીદો ખવડાવવો પડે છે. આટલાં ગાડાં ઘાસ, વડનાં પાંદડાં, અને શેરડી મળે તો શેરડી આટલી, પખાલો ભરીને પાણી તેમજ ગોળ ઘી વગેરે હાથીને આપવાનું હોય છે. એની ગજશાળા તો આટલી ઊંચી હોય. એની સાથે મહાવતનું રહેવાનું ઘર, હાથીનો ખોરાક રાખવાની ઓરડીઓ. ગજશાળા ધોઇને રોજ સાફ કરવા ખાસ નોકર, હાથીને નહવડાવવો હોય ત્યારે મહાવતની મદદમાં આટલા લોકો. ચાલ્યું; હાથીનું બજેટ વધતું જ ગયું. અને હાથી મદમાં આવે ત્યારે ચારે પગે એને મોટી મોટી સાંકળોથી બાંધી રાખવો

પડે. એક જ સાંકળ હોય તો તે તોડી ગામમાં ઉત્પાત મચાવે એવી એવી વિગતો પણ અમે જાણી લીધી. હિસાબ કરતાં જોયું કે હાથીને ખવડાવીશું તો આપણે માટે ખાવાનું કશું રહેશે નહિ અને એને માટે ઘર બાંધતાં આપણું ઘર વેચી નાખવું પડશે. અને આટલું કરીને હાથી રાખીએ તો યે એનો ઉપયોગ શો? એકાદ દિવસ ઉપર બેસી ફરી આવવાનું એટલો જ. અને ફરવા માટે પણ હાથીને લાયક મોટી ઝૂલ અને અંબાડી તો હોવી જોઈએ. અમે અમારી મૂર્ખાઈ જાણી ગયા અને હવે હાથીનું નામ પિતાશ્રી આગળ કાઢવું જ નહિ એવો ડહાપણભર્યો નિશ્ચય કર્યો.

પણ બીજે દિવસે પિતાશ્રીએ પોતે જ વાત છેડી. અમારે અમારો બધો હિસાબ રજૂ કરવો પડ્યો. અમને ભોંઠા પડેલા જોઈ એમણે એ વાત ત્યાં જ પડતી મૂકી. પછી માહિતી તરીકે એમણે અમને કહ્યું: 'તમને ખબર છે? જીવતા હાથી કરતાં મરેલા હાથીની કિંમત વધારે હોય છે. જીવતો હાથી જેટલું ખાય એના પ્રમાણમાં આપણે ત્યાં કામ નીકળતું નથી, એટલે પ્રમાણમાં એની કિંમત ઓછી હોય છે. મરેલા હાથીનાં હાડકાંની કિંમત જીવતા હાથી કરતાં યે વધારે ઉપજે છે. માત્ર એ હાથી પુખ્ત ઉમરનો હોવો જોઈએ.' આ છેલ્લું વાક્ય શા અભિપ્રાયથી એમણે કહ્યું હશે તે તો કોણ જાણે!

પછી કોકે સીઆમના રાજાના ધોળા હાથીની વાત કહી. સીઆમના રાજા પાસે એક પવિત્ર ધોળો હાથી હોય છે. એ રાજાનો અને પવિત્ર હોવાથી એની પાસેથી સેવા તો લેવાય જ નહિ. સીઆમના રાજાની પોતાના કોઈ સરદાર ઉપર અંદરથી ગેરમરજી થઈ એટલે રાજાએ દરબારમાં એનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું કે જાઓ મેં ખુશ થઈને મારો ધોળો હાથી તમને ભેટ આપ્યો. રાજાનો હાથી એટલે એને સરસ ખવડાવવું પીવડાવવું જોઈએ; એની અખંડ સેવા થવી જોઈએ; અને એટલું કરતાં સરદારનું તો દેવાળું જ નીકળી જાય! આજે પણ નફા વિનાની ખર્ચાળ પ્રવૃત્તિ કોઈ વહોરી લે ત્યારે લોકો કહે છે કે એણે ધોળો હાથી બારણે બાંધ્યો છે. કામ ન આપે અને પગાર ખૂબ લે એવો નોકર, પ્રધાન કે વજીર હોય તો એને પણ ધોળો હાથી કહે છે.

ઉપલી વાતને ત્રણેક વરસ વીત્યા પછી કારવારમાં મેં જાણ્યું કે ત્યાં કોયલુ કરીને એક ખ્રિસ્તી વેપારી છે એણે જંગલમાંથી મોટાં મોટાં લાકડાં ઊચકી લાવવા હાથીઓ રાખ્યા છે. એમની પાસેથી એમના ખોરાક કરતાં યે એ વધારે કામ લે છે અને ખૂબ નફો કરે છે. આ હાથી જ્યારે એક દિવસ મેં જોયા ત્યારે મને અત્યંત દયા છૂટી. રજવાડાના હાથીઓ જેવા એ હાથીઓ ભરેલા દેખાતા નહિ. એમનાં લમણાં અને કપાળ તો જાણે મોટા મોટા ઊંડા ગોખલાઓ!

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ભાઈ માણલાલ પટેલ (અમદાવાદ)ના ફોટો-ચિત્ર 'ધાણી'ને પહેલું ઇનામ મળે છે. હિંદની બદલાતી પરિસ્થિતિ વખતનાં આવાં છેલ્લાં ચિત્રો પ્રજાનો બહુ ઉપયોગી સંગ્રહ બનશે. અસલી રીતે ચાલતા ધંધા અને તેનાં પાત્રોમાં દેશની વાસ્તવિકતા દર્શાવતાં તત્ત્વો હોવાથી અચૂક આકર્ષણ રહે છે ભાઈ પટેલે આ ચિત્રમાં નવા યુગની છાયા પડવા દીધા વિના જ સ્પષ્ટ ચિત્ર પકડ્યું છે. 'તોફાનની આગાહી' એ નામનું ભાઈ પ્રતાપરાય શાહ (ખાર)નું ફોટો-ચિત્ર બીજા ઇનામને પાત્ર ઠરે છે. ઘેરાતાં વાદળાંની છાયામાં ઝાડની ડાળીઓના ગુચ્છા સરસ ડિઝાઇન ઉપજાવે છે એટલેકે બધા આકારો પૂરતી જગ્યા ઘેરે છે. પ્રિન્ટની ટેકનીક સહેજ મોળી છે. કાં તો પ્રિન્ટ ઓવર-એક્સ્પોઝ છે અગર તો નેગેટિવની પારદર્શકતાને અનુકૂળ ગ્રેડનો પ્રિન્ટિંગ પેપર વાપરવામાં આવ્યો નથી. તે જ કારણે ચિત્રના ધોળાકાળા વર્ણ—ગ્રેડ બરાબર દેખાતા નથી.

ત્રીજું ઇનામ મેળવનાર ભાઈ નરેન્દ્ર રાવળ (અમદાવાદ)ના ફોટો-ચિત્રમાં 'સુશોભન'ની શોભાભરી રચના છે, પરંતુ ભાઈ રાવળની દક્ષતા વસ્તુસંયોજનામાં મોળી પડે છે. ચિત્રનું મુખ્ય લક્ષ્ય ફૂલો છે, પણ બંને ફૂલોનો આકાર અને પ્રકાશ સરખો હોઈ જોનારનું ધ્યાન વેરાઈ જાય છે અને વિષયની એકતા સધાતી નથી વળી બૅકગ્રાઉન્ડ અને ફોરગ્રાઉન્ડના વર્ણ (ટોન) એકબીજાથી સાવ સામા છેડાના હોવાથી ચિત્રમાં કોમળતાનો અભાવ લાગે છે. બે ફૂલોની રચના જરા મુશ્કેલ છે, પણ વધુ ફેરફારો કરી જોવાથી અનુકૂળ ચિત્રવિધાન કરી શકાય.

ભાઈ જયન્તીલાલ પટેલ (સુરત)ને તેમના ફોટો-ચિત્ર 'શ્રમજીવી' માટે ઉત્તેજના પારિતોષિક મળે છે. ચિત્રરચના, છાયાપ્રકાશ અને વસ્તુગૂંથણી રૂચિકર છે, પણ ચિત્રાંકન સ્પષ્ટ નથી. ક્રિયા અને ક્રિયાનાં સાધનો સમજાતાં નથી.

ભાઈ એમ. જી. સંપત(મુંબાઈ)નું 'અણસમજાતી ઉકેલ', ભાઈ

જ. કે. દવે (રતલામ)નું 'ગલોટિયું' અને ભાઇ લક્ષ્મીદાસ ખટાઉ (મુંબાઇ)નું 'પ્રભાત' નોંધપાત્ર ચિત્રો છે ભાઇ સંપતના ફોટો-ચિત્રનું ટ્રિમીંગ તેમણે ગોઠવ્યા પ્રમાણે બરોબર છે; માત્ર પગની લંબાઇ ધ્યાન ખેંચતી હોવાથી અરૂચિનો અંશ આવી ગયો છે. 'ગલોટિયું' લેતાં, ઝડપથી ચાંપ દાબવાની ચાલાકી માટે ભાઇ દવેને શાબાશી ઘટે છે; પણ ચિત્રયોજના સાચવી શકાઈ નથી. જો થોડાં ડગલાં ડાબી તરફ ખસીને ફોટોગ્રાફ લીધો હોત તો બૅકગ્રાઉન્ડમાં જણાતો કપડાં ધોવાનો પથ્થર અને ચિત્રનું મુખ્ય લક્ષ્ય ગલોટિયું ખાનાર બંને ભળી જાત નહિ અને ગલોટિયાંનું ખુબીદાર વલણ ઝટપી શકાત. એ જ ભાઈનાં બીજાં ત્રણ ચિત્રો સારી ફોટોગ્રાફીના નમૂના છે, પણ સાર્વજનિક રસ ઉત્પન્ન કરે એવી ચિત્રયોજના થઇ નથી. છતાં તેમનું કામ આગળની આશા આપે એવું છે. ભાઇ ખટાઉના 'પ્રભાત'માં ડિઝાઇનના અંશ સમાએલા છે, પણ આકારોની વહેંચણી બરોબર થઈ નથી તેથી ચિત્ર અનાકર્ષક નીવડયું છે. આ જ વિષયને જુદા સ્વરૂપમાં ગોઠવી નવો પ્રયત્ન કરી શકાય. તે ઘાટકોપરવાળા ભાઇ ચતુર્ભુજ પાસે ચિત્રયોગ્ય ક્ષેત્ર મોટું પડેલું છે, પણ બહુ પાત્રો લેવાના લોભે ચિત્રમયતાનો ભોગ અપાય છે.

બલવન્ત ભટ્ટ



પવન અને પુષ્પ

(એક કાલ્પનિક સંવાદ)

પવન (પુષ્પને): તમે સૌરભના ભારથી દબાઇ જતાઓ છો. લાવો તમારા એ ભારને હું વહન કરૂં.

પુષ્પ (માથું હલાવીને): નહિ, એથી મને નતિ (નમ્રતા) મળે છે; અને તે નતિનો મને ગર્વ છે.

પવન(પુષ્પને એક ધીમી અને મીઠી ટપલી મારીને): નમ્રતાનો તે વળી ગર્વ? બહુ વિચિત્ર વાત કરી! હાં હાં, સમજ્યો; તમે માત્ર ચાર દિવસને માટે ખીલો છો તેથી જ તમારી બુદ્ધિ આવી થઇ ગઇ છે.

પુષ્પ : અને તમે પારકો ભાર વહન કરીને જ મસ્ત થઇને ફરો છો ને?

પવન: પારકો ભાર વહન કરવામાં પ્રસિદ્ધ થવું એ તો સ્વાભાવિક છે.

પુષ્પ: પણ, જરા વિચાર તો કરો; તમે જ્યારે બીજાના ગૌરવથી આમ મ્હાલો છો; તો પછી હું મારા પોતાના જ આમોદથી મસ્ત કેમ ન રહું?

પવન: તો શું નતિ ગૌરવને જન્મ આપવા માટે હોય છે?

પુષ્પ : નહિ, ગૌરવમાંથી જ નમ્રતાનો ઉદ્ભવ છે.

પવન: અને તમે મને તે ગૌરવથી જ વંચિત રાખવા ઇચ્છો છો?

પુષ્પ : ધ્યાનમાં રાખજો ભાઈ, પારકી મહત્તાને ઓઢીને જો તમે મોટા થવાની ઇચ્છા રાખશો તો તમારી ગતિમાં મંદતા જરૂર આવી જશે.


પવન : તમે ગમે તેમ મારી ટીકા કરો, પરન્તુ હું તો તમારા સૌરભને અખિલ વિશ્વમાં ફેલાવવાનો ને ફેલાવવાનો જ.

પુષ્પ : ના, મારો જન્મ તો કેવળ એટલા માટે છે કે હું ચાર દિવસ માટે આ શાખા પર નાચું; નિજ સૌરભથી મસ્ત થઇને અહીં જ મ્હાલું; અને પછી શાન્તરીતે અણપ્રીછાયું માતા ધરિત્રીની ગોદમાં ચિરકાલ માટે વિશ્રામ કરૂં. મારો આમોદ તમે હરી લો છો ત્યારે તે બીચારો મારી ખોજમાં ક્ષણેક્ષણે ને સ્થળે સ્થળે ભટકયા કરે છે. માટે જ કહું છું કે ભાઇ, મારા આમોદને મારા હૃદયથી વેગળો પાડશો નહિ.

પવન: તો પછી શું હું અહીંથી ચાલ્યો જાઉં?

પુષ્પ : હા ભાઇ, તમે મારી ચાર દિવસની શાન્તિનો ભંગ ન કરો.


[એટલામાં જ પવનની એક લહેર આવી અને પુષ્પની પાંખડીઓ વીખરાઇને ક્ષણભર અન્તરિક્ષમાં ઊડીને ધરાશાયી થઇ ગઇ]



શંકરદેવ વિદ્યાલંકાર

(રાય શ્રી કૃષ્ણદાસજીના એક હિંદી લેખ ઉપરથી અનુવાદિત)

આપણે સ્વાદ કેમ કરીને લઈએ છીએ



આપણી સ્વાદેન્દ્રિય કેમ કામ કરે છે તે ઉપર બતાવ્યું છે. આપણા ઉપલા તાળવા ને જીભ પરના ભીના પડને લીધે સ્વાદ ઉત્પન્ન થાય છે. આપણી જીભ પાપિલી નામના અસંખ્ય બારીક ટોચાઓથી છવાએલી છે. જીભના પાછલા ભાગમાં તો એ મોટા છે. એ દરેક ટોચાની ચારે તરફ ખાઈ જેવા ખાડા હોય છે. આ ખાડામાં અને નાના ટોચાઓ ઉપર સ્વાદકળીઓ હોય છે (જુઓ નીચલે જમણે ખૂણે મોટી કરીને બતાવેલી આકૃતિ). આ એકેએક સ્વાદકળી ઉપર વાળ જેવા ભાગ ઉગેલા હોય છે તે આપણા મોંમાં કોઈપણ ચીજ પડતાં વાર ચેતના પામે છે, ને તે, પોતાની સાથે જોડાએલા જ્ઞાનતંતુઓ દ્વારા આ સ્વાદનો સંદેશો મગજના સ્વાદ-ખાનાને પહોંચાડે છે. મીઠો સ્વાદ મોટે ભાગે જીભના ટેરવા વડે પામી શકાય છે, કડવો જીભના પાછલા ભાગ વડે, ને ખાટો મધ્ય ભાગ વડે.

ડ્રેસડન યુવકગૃહ
૧૮મી ઑગસ્ટ ૧૯૩૪

જ્યાં જુવાન જર્મનીનું હૃદય

પ્રવાસ દરમિયાન અનેક પ્રવૃત્તિઓમાં પત્ર લખવાનો વખત મેળવવો ઘણો મુશ્કેલ પડે છે. નોંધપોથી રાખવાનું પણ ઘણું અઘરૂં લાગે છે. જે થોડોઘણો સમય ફુરસદનો મળે છે તે બધો જર્મન યુવાનો સાથે વાતો કરી નવ-જર્મનીનું હૃદય ઓળખવામાં ગાળવાની લાલચ કેમે કરી રોકી શકાતી નથી. જર્મન વિદ્યાર્થીના નેતૃત્વ તળે અને અંગ્રેજ યુવક-યુવતીઓના સાથમાંકરેલા આઇફેલ રહાઇનલૅન્ડ(ર્હાઇનલૅન્ડ—Eifel and Rhineland)ના પ્રવાસને શરૂ કર્યે આજ બે અઠવાડિયાં થયાં. એક રવિવાર ગયો. અને કાલે બીજો રવિવાર આવશે. અમારી ટોળી ભેગી મળી અને ગઇ કાલે છૂટી પણ પડી.

બે સૌજન્યસ્મરણ

કૉલન (Koln) સાથે મને કોઇ ખાસ લહેણું હશે, એટલે બેએક અઠવાડિયાં ઉપર બીજી વાર હું કૉલન ગયો. અને વળી પાછો યુવકગૃહમાં જ ઊતર્યો. મારો યુવકગૃહનો કાર્ડ હું મ્યુનિચમાં ભૂલી ગયો હતો. ફાધરે (યુવકગૃહના વડીલે) મ્યુનિચ યુવકગૃહ પર પત્ર લખ્યો અને મને બે ત્રણ દિવસ રહીને કાર્ડ પાછો મળ્યો એ દરમ્યાન એ વડીલની ચિઠ્ઠી વડે જ કામ ચલાવ્યું. કૉલનમાં એક યુવાન હંગેરીઅનની ઓળખાણ થઇ. મારી માફક એને પણ પ્રવાસ કરવાનો શૉખ ખૂબ હોય એમ લાગ્યું. એ બેએક મહિનાથી યુરપના દક્ષિણ અને પશ્ચિમના દેશોમાં ફક્ત પહેરેલે કપડે શેર-બશેરની એક ઝોળી સાથે અને કૅમેરા લઇ રખડતા'તા. એની સાથે જ આખેન (Aachen અથવા Aix-la-Chapelle) જવા બીજે દિવસે નીકળ્યો. પણ ટિકિટ કલેક્ટરે આપેલા ગાડીના વખત વિષે કાંઇ ગેરસમજૂત થવાથી અમારી નજર આગળથી ગાડી ઊપડી તે જવા દીધી અને પછીથી અમારી ભૂલ જોઇ. આખેન અમારી પાર્ટી પહોંચે તે વખતે હવે પહોંચી શકાય એમ નહોતું, એટલે એમને તાર કરી સ્ટેશન પર રોકાવાનું જણાવવું યોગ્ય ધાર્યું, પણ ત્યાં એમને તાર કોણ આપે? આ મુશ્કેલીમાંથી અમને સ્ટેશન માસ્તરે બચાવ્યા. એમણે આખેનના સ્ટેશન માસ્તરને ટેલીફોન કરી બધી હકીકત જણાવી અને N.U.S. (National Union of Students)ની પાર્ટીનું વર્ણન આપી એમને મારે માટે રોકાવાનું જણાવવાની વ્યવસ્થા કરી. આ માટે અમારે પાઇ પણ આપવી પડી નહિ. આ જર્મન સ્ટેશન પરનાં માણસોનો પ્રવાસીઓને મદદ કરવાની કાળજીનો એક નમૂનો.

પુરાતન આખેન

આખેન યુવકગૃહ શહેર બહાર લગભગ અરધા કલાકને રસ્તે હતું. અને તડકામાં સામાન સાથે ત્યાં સુધી ગયા એટલે એના ઓરડાઓ અને બગીચાનું શીતળ વાતાવરણ ઘણું પ્રિય લાગ્યું. આ યુવકગૃહ બીજાં ગૃહો કરતાં એક બાબતમાં વધુ પ્રામાણિક લાગ્યું. બધે 'ગરમ' પાણીના નળમાંથી પણ ઉનાળામાં ઠંડુ પાણી જ નીકળતું. અહીં ગરમ પાણીના નળ જ નહોતા.

પ્રખ્યાત સમ્રાટ્ શાર્લમાન (Charlemagne)ના માનીતા આ શહેરમાં ઘણી જોવા જેવી પ્રાચીન વસ્તુઓ છે. અંદરથી આગ્રા કે દિલ્હીની કોઇ મસ્જિદ જેવા લાગતા ખૂબ શણગારેલા એના દેવળમાં જૂના વખતના સોના ચાંદી અને ઝવેરાતના ખજાના દીઠા. પણ ફક્ત બેત્રણ વર્ષ પર જ બાંધેલું એક સાદું અર્વાચીન (મૉડર્ન) દેવળ અમને વધારે ગમ્યું. આખેનમાં ઊના પાણીના ઝરા છે અને હવા ખાવાના સ્થળ તરીકે એની ખ્યાતિ જાણીતી છે એટલે જર્મનીના ઘણા પૈસાદાર માણસો ત્યાં જઇ વસે છે. રવિવારે સાંજે આખેનના બગીચામાં તો જાણે મેળો ભરાયો લાગ્યો.

કોઇનું પાકીટ

આખેનથી રેલમાં પાછા ડૅરેન ગયા. અને ત્યાં બૅંકમાં પૈસા વટાવી દુકાનોમાંથી ખરીદી કરી. લગભગ ચાર આને શેરનાં સરસ મોટા પીચનો સ્વાદ ચાખી ટ્રામમાં શહેર બહાર ગયા. ત્યાંથી જર્મન બેનરો વચ્ચે થઇને ઝાડોની ઘટાઓથી શણગારેલા રસ્તા પર ચાલતા જતા'તા એવામાં એક માણસે સાઈકલ પર આવી અમને જર્મન ભાષામાં કહ્યું કે અમારામાંથી કોઇક પૈસાનું પાકીટ ટ્રામમાં ભૂલી ગયું'તું અને ટ્રામકંપનીના માણસે પાકીટ ઑફિસમાં રાખી એની સાથે આ સંદેશો મોકલ્યો'તો. અમે બપોરે Nideggenના યુવકગૃહમાંથી ફોન કરી એ પાકીટ પોસ્ટમાં મંગાવ્યું પૈસા બધા મળ્યા.

ધબકે છે ત્યાં–જર્મનીનાં યુવકગૃહોમાં

યુવકગૃહો ક્યાંક્યાં?

જૂનાં ઘરો, ઊંચા દેવળની ટોચ અને એક ડુંગર પર જૂનો કિલ્લો,—આ બધાંનું બનેલું આ નાનું રમણીય ગામડું આઇફેલ ડુંગરોની ગોદમાં છુપાએલાં એવાં અનેક ગામડાંઓમાંનું એક છે. અને આવાં ગામડાંઓમાં કે નાનાં શહેરોમાં જ્યાંજ્યાં યુવકગૃહો હોય છે ત્યાંત્યાં એ માટે સૌથી સરસ જગ્યા પસંદ કરવામાં આવે છે. જર્મનીનાં બે હજાર ઉપર યુવકગૃહોને રાજ્ય તરફથી ખૂબ ટેકો મળે છે, એટલે આ પ્રમાણે સારાં સ્થળો પર અને સારાં મકાનોમાં યુવકો રાત ગાળી શકે છે.

અને કેવી સગવડતાવાળાં! કેવાં સુંદર!

ઘણાંખરાં યુવકગૃહો ઘણી અર્વાચીન ઢબનાં મૉડર્ન છે અને સ્થાપત્યના સુંદર નમૂનારૂપ છે. એની અંદર બધી વાતની સગવડ મળે છે. ર્હાઇન નદી પર Rudesheimના યુવકગૃહમાં તો ફોટોગ્રાફી માટે ડાર્કરૂમ પણ અમને મળ્યો. કેટલેક સ્થળે જૂનાં મકાનોને યુવકગૃહમાં ફેરવેલાં અમે જોયાં. માયેન (Mayen) માં કિલ્લા જેવા, શહેરના જૂના કોટના દરવાજા (City-gates)નું યુવકગૃહ બનાવવામાં આવ્યું છે નાની ગોળ સીડી પર થઈ ચાર માળ ચડીએ ત્યારે સૂવાના ઓરડામાં જઇ શકાય છે. અમારી બારીમાંથી આખા શહેરનાં છાપરાંઓ દેખાતાં હતાં. આ યુવકગૃહમાં આરામ અને સગવડ ઘણાં થોડાં મળે એ સ્વભાવિક જ હતું. પણ એ જ પ્રકારનું ર્હાઇન નદી પરનું બાખારાખ (Bacharach)નું યુવકગૃહ અમને ઘણું ગમ્યું. સ્ટીમર ઉપરથી પણ ડુંગરની ટોચ પર એ શહેરનો જૂનો કિલ્લો જોઇ શકાય છે. બહારથી જુઓ તો કિલ્લાનાં ખંડિયેરો, પણ અંદરથી તદ્દન અર્વાચીન (મૉડર્ન) ઢબનું બધી સગવડવાળું. યુવકગૃહની અંદર બધું નવું બાંધકામ કર્યું છે, પણ બહાર એમાંનું કાંઇ પણ દેખાતું નથી—એટલેકે પ્રાચીન ખંડિયેરોનું બાહ્ય સૌંદર્ય પણ બીલકુલ બગાડવામાં આવ્યું નથી. અને આ કિલ્લા ઉપરથી કે સૂતાંસૂતાં બિછાના પરથી પણ બાખારાખ શહેર અને ર્હાઇન નદીનો દૂર દૂર સુધીનો પટ અને દ્રાક્ષવેલીઓથી ઉભરાતા એના ફળદ્રુપ કિનારાઓ એટલા સુંદર તમે નિહાળી શકો કે ફક્ત એટલા ખાતર જ આ યુવકગૃહમાં જવું પણ ગમે. અહીં કલાકારનો હાથ બધે જ દેખાતો. ભીંત પર બધે સુંદર ચિત્રો દોર્યાં'તાં. અસંખ્ય દીપકોથી ઝગમગતી ર્હાઇન નદીનું સૌંદર્ય જ્યાંથી નિહાળી શકાય એવી ઊંચી અટારીમાં રોજ રાત્રે આ યુવકગૃહના વડીલ સંગીતની મજલિસ ભરતા અને મૅન્ડૉલિનના સૂર સાથે ર્હાઇનની અનેક કહાણીઓ ગાતા અને ગવડાવતા. આટલી કલામયતા ને સૌંદર્યપ્રેમ સાથે પણ નિયમન રહી શકે એ આ યુવકગૃહમાં અમે જોયું. દસ વાગ્યા પહેલાં સંગીતના સૂરો બંધ થતા અને દસ વાગે તો અંધારમય શાંતિમાં બધા નિદ્રાદેવીનું ધ્યાન ધરતા.

આવાંઆવાં તો અનેક યુવકગૃહોનો અનુભવ અમને મળ્યો છે, પણ એક બપોરે સાદું પણ સરસ જમણ જમ્યા પછી કુતૂહલથી અમારી આસપાસ ભેગી થએલી એક જર્મન નિશાળની છોકરીઓ સાથે વાતો કરતાં Nideggen(નિડેગેન)ના યુવકગૃહ પરથી આસપાસના ડુંગરોનું અને ખીણોનું જે દૃશ્ય અમે જોયું છે, તે હજી દૃષ્ટિ આગળથી ખસતું નથી. અહીં એક રમૂજી બનાવ બન્યો: મોટા ફરકતા સ્વસ્તિક વાવટા સાથે યુવકગૃહની છબી લેવાનું કેટલાકને મન થયું. છબી લેવાની તૈયારી કરી ત્યારે વાવટો થાંભલાની આસપાસ વીંટળાઇ ગયો'તો. એટલે એને ફરકતો કરવાને હું એ લીસા લોખંડના થાંભલા ઉપર, આપણે નાળિયેરી પર ચડીએ છીએ તેમ ચડ્યો, મને આમ ચડતો જોઇ જર્મન યુવાનો સહેજ આશ્ચર્યથી—સહેજ Suspenseથી મને જોઇ રહ્યા, અને અંગ્રેજ યુવાનોએ આવું દૃશ્ય કદી જોએલું નહિ એટલે યુવકગૃહ યુવકગૃહને ઠેકાણે રહ્યું અને થાંભલા પર ચડતા H.J.G. (લેખક)ની છબી લેવાઇ!

જ્યાં સાધુઓ ખેતી કરે છે

સાંજે પાછા ખેતરોમાં થઇને આગળ ચાલ્યા. Maria Walt Monastery (મઠ)માં વર્ષોથી મૌન સેવતા ત્યાંના સાધુઓને જોવા અને એમની નાનકડી દુકાનમાં મઠની પોતીકી ભઠ્ઠીમાં બનેલો બીર પીવા કે નાસ્તો કરવા અમારી ટુકડી થોભી. પાસેનાં ખેતરોમાં સાધુઓને કામ કરતાં જોઇને મને સહેજ કુતૂહલ થયું. એક સ્થળે એક ખાનગી ખેતરમાં ખેતરનું રક્ષણ કરતો



અમારી ત્રિપુટી : ડાબી બાજુથી–ગૉલી (હું); હૅરૉલ્ડ ને બિલી

સ્વસ્તિક વાવટો જોયો. ઉફ્ફ્ટ-ઝી નામના સરોવરને કિનારે માઇલોના માઇલો સુધી પથરાએલા ડુંગરો અને દેવદારનાં જંગલોમાં થઇને ચાલ્યા. અને પછી ત્યાંથી ઉતાવળ કરી સ્ટીમ ફેરી (વરાળથી ચાલતી હોડી) પકડી સામે કિનારે ગયા. મોડી રાત્રે ગ્રેમ્યુન્ડ ગામના યુવકગૃહમાં પહોંચ્યા. કેટલાક થાકી ગયા'તા તેમણે અરધે રસ્તેથી ધીમે ધીમે જતી એક જૂની ઘોડાગાડી કરી લીધી. અમે થોડા—ખાસ કરી ત્રણ જણની અમારી ટુકડી (ઑક્સફર્ડની બેલિયલ કૉલેજનો વિદ્યાર્થી બિલી, લંડનમાં ઍકાઉન્ટન્ટ તરીકે જિંદગી શરૂ કરતો હૅરોલ્ડ અને હું—ગૉલી—હમેશાં આગળ રહેતા અને ખૂબ ચાલતા કે ડુંગરાઓ ચડવા તત્પર રહેતા.

અમારો જર્મન નેતા

પહેલે દિવસે અમને લાગ્યું કે અમારા જર્મન નેતામાં કાંઇ દમ નથી અને એને અમારી ટૂરમાં રસ પડતો નથી કે આ સ્થળો વિષે બહુ જ્ઞાન નથી, પણ પછીથી અમે અમારો અભિપ્રાય બદલવો પડ્યો. અમારો એ જર્મન નેતા ઘણો જ સરસ માણસ નીકળ્યો. બધાને તે જોઇએ તેટલી છૂટ આપતો, અને છતાં યે પોતાનો કાર્યક્રમ બધા પાસે અનુસરાવતો. ખૂબ tact (ચતુરાઇ—હિકમત)થી એ કામ લેતો. પછી તો અમારા બધાનો એ એટલો માનીતો થઇ પડ્યો કે કેટલેક સ્થળે જમતી વેળા પોતપોતાના ટેબલ પર એને સાથે લેવા માટે અમારી ટુકડીઓ લડતી. અમે છૂટા પડ્યા ત્યારે બધાએ મળી એક સરસ જર્મન કૅમેરા એને ભેટ આપ્યો અને ખૂબ ભારે હૈયે એની વિદાય લીધી. હું તો સાંજે પાંચ ને પચાસની ગાડી પર ઘણાખરાને કૉલન સ્ટેશને વળાવીને, કૉલન યુનિવર્સિટીના વિદ્યાર્થી અમારા એ નેતા તથા અમારી પાર્ટીમાંના ચાઇનીઝ યુવક (Woo)ના સાથમાં સાંજે નદીકિનારે ફરવા ગયો અને રાત્રે અમે સાથે જમ્યા. પછી એ બંને મને રાત્રે ડ્રેસ્ડન જતી ગાડી પર વળાવવા આવ્યા.

અમારી ટુકડી

અમારી ટુકડીમાં પંદર જણ હતા, અને સોળમા આ જર્મન વિદ્યાર્થી. બે મૅન્ચેસ્ટરની યુવતીઓ, બે ઑક્સફર્ડની જૂની વિદ્યાર્થિનીઓ, બે સ્કૉચ યુવતીઓ અને બે લંડનની યુવતીઓ; યુવકોમાં મૅન્ચેસ્ટર, લંડન અને ઑક્સફર્ડના વિદ્યાર્થીઓ હતા. ઑક્સફર્ડના અમે બે (બિલી અને હું), લંડનથી પૉલિટિક્સનો વિદ્યાર્થી 'Tony' (ટૉની) હતો. અમે ખૂબ વાતો કરતાં અને એની સાથે ઘણીવાર હિંદી રાજપ્રકરણ વિષે કે બીજા વિષયો પર ચર્ચા થતી. લંડનમાં વૈદકનું શીખતો નાનો છોકરવાદી મૉન્ટી એની બહેન લ્યુસી સાથે આવ્યો હતો. આ ભાઇ બહેન અને મૅન્ચેસ્ટરના મિ. ડંકન (જે ફોટોગ્રાફી, સંગીત અને જર્મન પણ સારૂં જાણતા), એ ત્રણ ઘણુંખરૂં સાથે જ ફરતા. અમારી ત્રિપુટીમાંના મિ. હૅરોલ્ડ પણ લંડનના જ હતા. એ ભાઇ સાથે પણ ખૂબ ચર્ચા અને ખૂબ મજાક અમે કરતા.

અમને ત્રણને તો ખાસ બનતું અને કાંઇ પણ સાહસ ખેડવાને અમે તત્પર રહેતા. કેટલી યે વખત ટોળીનું નેતૃત્વ જાણે અમારા હાથમાં હોય એમ લાગતું. હાથમાં આઇફેલનો સરસ નકશો લઇને Compass (હોકાયંત્ર) તરફ જોઈ રસ્તો શોધતાં અમે કહીએ કે આ રસ્તો લેવાનો છે એટલે બધા અનુસરતા. જોહાન (અમારો જર્મન નેતા યોહાનિસ રેમી—Johannes Remmy) સાથે પણ અમને ખૂબ બનતું. અને અમે ચાર પાંચ જણ બધો કારભાર કરતાં. મન્ચેસ્ટરમાં 'ભૂસ્તરશાસ્ત્ર'નો અભ્યાસ કરતા ચાઇનીઝ વિદ્યાર્થી વૂ પણ અમને હમેશા અનુસરતા. આખી ટુકડીમાં અમે બે (હું અને વૂ) અને જર્મન નેતા સિવાયના બધા અંગ્રેજો જ હતા, પણ અમારા ચાર દેશો કોઇ દિવસ માહેમાંહે લડાઇ કરતા નહિ!

(ચાલુ)

હીરાલાલ ગોદીવાળા



મધુકરી

કવિ મકતના નથી થઇ જવાતું એ સત્ય છે:
વિરાટ વપુ થૈ, મહા લઘુક પ્રાણનાં સ્પંદનો
રહે છ ધણકારવાં હ્રદયમાંહિ વેગે મહા,
વ્યથા સ્મિત દયા ઘૃણા પ્રખર વાસનાઓ તણાં;
ધરી અતૂટ મૌન જેથી કવન ધ્વનિ પૂર્ણ થૈ
રચી ખચી હિયે સજીવ ગુપ્ત અર્થ આનંત્યમાં.

—સ્વપ્નસ્થ

ગણત્રીયંત્રનો શોધક—બરોઝ

*** માત્ર ચાળીસ વર્ષનું જ આયુષ્ય ભોગવી એ ઈ સ. ૧૮૯૮માં ગુજરી ગયો; પણ પોતાની પાછળ જગતને માટે તે એક મહાન શોધ, અને તેથી યે મહાન, સ્વપ્ન-સિદ્ધિની પાછળ સતત પ્રામાણિક મથન કરવાની અ-પરિહાર્ય શક્તિનું સ્મારક મૂકતો ગયો.

વિલિયમ સ્ટુઅર્ડ બરોઝ હતો તો એક બૅન્કનો સામાન્ય કારકૂન બૅન્કમાં આખો દિવસ આંકડાઓનો સરવાળો કરી-કરીને તેને બહુ જ કંટાળો આવતો. તે માનતો કે આથી મનુષ્યની ઘણી ઉત્તમ શક્તિનો હ્રાસ થાય છે; એટલે જો કોઇ એવી યાંત્રિક યુક્તિ શોધી કાઢવામાં આવે કે જે વડે આ કડાકૂટિયું કામ કરી શકાય તો જનસમાજને અને ખાસ કરીને વેપારી આલમને જરૂર મોટો લાભ થાય. આ વિચારથી પ્રેરાઇ તેણે એક ગણત્રીયંત્ર બનાવવાનો વિચાર કર્યો. તેનો બાપ યંત્રશાસ્ત્રમાં નિષ્ણાત હતો એટલે તેનું જ્ઞાન અને સંસ્કાર એનામાં પૂરેપૂરા ઊતર્યાં હતાં તેના મિત્રોએ તો આ વાત સાંભળતાં વેંત જ હસી કાઢી. તેઓએ તો ઊલટું કહ્યું કે એવાં તે ક્યાંય વળી યંત્રો શોધાતાં હશે કે જે મનુષ્યની બુદ્ધિ કરતાં પણ વધુ ચોક્કસરીતે સરવાળા, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકાર કરી શકે?

પણ પોતાના મિત્રોની આ ટીકા ઉપર તેનં ધ્યાન સરખું આપવાની ફુરસદ નહોતી. તે તો પોતાની ધૂનમાં જ રત હતો. તેણે કામ શરૂ કર્યું ચાર વખત પ્રયત્ન કરવા છતાં તે નિષ્ફળ ગયો. પરંતુ જરાપણ હતોત્સાહ ન થતાં તેણે પોતાનું કામ અવિરતપણે ચાલુ જ રાખ્યું અને છેવટે અગિયાર વરસના સતત પરિશ્રમને અંતે પાંચમી વખત તે સફળ થયો. એક દસકાના આ અવિશ્રાન્ત પ્રયત્ન પછીથી પણ તેનું એ યંત્ર તેના પોતાના સિવાય બીજાના ઉપયોગમાં આવી શકે તેવી સ્થિતિમાં



મિ બરોઝ અને એનું ગણત્રીયંત્ર

ન હતું. એ ચલાવવા માટે જે ચોકસાઇથી ડેસી ચલાવવી પડતી તે કાવટ બધાના હાથમાં ક્યાંથી હોય? આમ તે યંત્ર સર્વ-સામાન્ય વ્યાપારી ઉપયોગ માટે અવ્યવહારૂ નીવડ્યું.

હવે બરોઝે આ મુદ્દા પર ભેજું કસવા માંડ્યું. ત્રણ દિવસ ને ત્રણ રાત સુધી લાગટ, કોઈપણ જાતનો આરામ લીધા સિવાય, આ મુશ્કેલી દૂર કરવા તે પોતાના કામ કરવાના ટેબલ પર બેસી રહ્યો અને આખરે તેને ફતેહ મળી.

જે મિત્રોને શંકા હતી તેમને તેણે એ બતાવીને કહ્યું, 'તમે તો કહેતા હતા કે એ બનવું અશક્ય છે; પણ મેં આ યંત્ર બનાવી તે શક્ય કર્યું છે.'

આમ, અંતે તેણે વ્યાપારી દૃષ્ટિએ સફળ થાય તેવું એ ગણત્રીયંત્ર બહાર પાડ્યું અને જગતને આશ્ચર્યચકિત કરી મૂક્યું. પહેલાં તો તેણે ધારેલું કે માત્ર બૅન્કો તેનો ઉપયોગ કરશે. એ વેળા અમેરિકામાં આઠેક હજાર બૅન્કો હતી; એટલે એ યંત્ર બનાવવાની કંપની બરોઝે કાઢી ત્યારે મનમાં જરા અંદેશો હતો કે એટલાં યંત્રો બન્યા પછી કદાચ ઘરાકી ભાંગી પડશે. પરંતુ એ યંત્રની આશ્ચર્યચકિત કરનારી કામગરી અને તેની ઉપયોગિતા જગતના મનમાં એટલી તો ઊતરી ગઇ કે લગભગ એકેએક ધંધાદારી તેનો ઉપયોગ કરવા લાગ્યો ને ટાઇપરાઇટરની માફક બધી પેઢીમાં તેનો વાપર શરૂ થયો; અને આજે તો એટલી હદે એ વપરાશ પહોંચ્યો છે કે કંપની કોઇકોઇવાર મહિનાનાં દસ હજાર મશીનો બનાવે છે.

એકારી

*** એવી જ અણનમ અને પ્રામાણિક, તથા સંતોષ અને સ્થૈર્યવાળી મનઃશક્તિ ધરાવતો બીજા પ્રકારનો દૃષ્ટાંત જે આ નીચે આપ્યો છે તે પણ એક અમેરિકનનો છે.

સવારના પહોરમાં પોતાના ઘરનો દરવાજે ખોલવા માટે વાગેલી ઘંટડી સાંભળી, તે ખોલતાં અમેરિકાના કાન્સાસ શહેરની એક ગૃહિણીએ પોતાના ઉંબરમાં જોડાની દોરી વેચનારો એક ફેરિયો જોયો. સામાન્યરીતે તે આવા ફેરિયા પાસેથી કોઇ પણ વસ્તુ ખરીદતી નહિ; પરંતુ આ ફેરિયાએ તો તેની દિલસોજી આકર્ષી. પોતાનો જમણો હાથ ફક્ત એક જ આંગળીવાળો અને ડાબો હાથ તો સમૂળગો ન હોવા છતાં પણ એનો ચહેરો અને ધીરજ એટલાં આકર્ષક હતાં—અને એ પોતે પણ પાછો એટલો સુઘડ હતો કે એની તરફ લાગણીવશ ન થવું એ લગભગ અશક્ય હતું!

વીસ વરસની વાત પર એ ઑકલાહોમા અને ટેક્સાસ પરગણામાં તેલની પેઢીઓમાં કામ કરતો; પરંતુ કસનસીબે એક અકસ્માતથી તેના બંને હાથને ઈજા પહોંચી અને એના શેઠીઆઓને એ કાંઇ કામનો ન રહ્યો, એટલે બાકીની જિંદગી ટકાવી રાખવા માટે કોઇપણ જાતનું કામ મેળવવાની મુરાદથી એ કાન્સાસમાં આવ્યો હતો. પણ ત્યાં કોઇપણ જાતનું કામ ફાજલ હતું, અને તેમાં યે એના જેવા અસહાય અને પરેશાન થએલા માટે હોય તો યે મેળવવું લગભગ અશક્ય હતું.

બૂટલેસની જોડી ખરીદ્યા પછી પેલી ગૃહિણીએ એની સાથે થોડીક વાર વાત કરી ત્યારે એણે કહ્યું કે 'આવા બધા યે પ્રતિકૂળ સંજોગોથી હું ઘેરાએલો હોવા છતાં, મારી જાતને હીણપત ન લાગે એવું કોઈપણ કામ ખોળી લઈ, શહેરને ભારે ન પડવાનો મેં નિશ્ચય કર્યો હતો, અને એટલે જ મેં જોડાની દોરીઓ વેચવી શરૂ કરી. . . .

'અને સાચ્ચે! એક જમાનામાં મારા હાથ નીચે ચાળીસ ચાળીસ માણસો કામ કરતા એ સાંભર્યેથી. આ કામ કરતાં પહેલાં તો મને મારૂં સન્માન ઘવાતું લાગ્યું પરંતુ મર્યાદાનું ખાઇ જીવન ગુજારવું એના પ્રમાણમાં તો આ ધંધાથી મારૂં સ્વમાન એટલું જ અણનમ રહ્યું. આજે તો હું ગુજરાન ચલાવી શકું એટલી રોજી આ બૂટલેસના વેચાણમાંથી મેળવી શકું છું.'

'પરંતુ આવા જ હસમુખા અને આનંદિત તે રોજ શી રીતે રહી શકાતું હશે?' એવો સવાલ પૂછાતાં જ એણે જવાબ વાળ્યો કે 'મને ખાવાનું પૂરતું મળે છે; વળી સુવાને શાંત જગ્યા અને પહેરવાને તદ્દન સ્વચ્છ કપડાં મળે છે; અને મારા કરતાં યે ઘણી કઢંગી સ્થિતિનાં ઘણાં માણસો જગતમાં છે; એટલે મારે તો અસંતોષનું કાંઇ જ કારણ નથી.'

પોતાની જાતને સુઘડ રાખી શકાય એવાં જાતજાતનાં નાનાં સાધનો એની પાસે હતાં પોતાના એકના એક હાથની એકાકી એક આંગળી વડે પકડી શકાય એવો, છેડે વીંટીવાળો અસ્તરો, કાંસકી જડેલું એક પાટિયું અને પોતાનાં કપડાંને બટન દઈ શકાય એવું લોખંડી તારનું એક સાધન, એની સ્વચ્છ અને સુઘડ રહેવાની જહેમતની, બલ્કે જે જહેમતને એ જીતી શક્યો હતો, એ અણનમ સ્વભાવની ઝાંખી કરાવતાં હતાં.

એની સુરત પર વિષાદની એકકેય રેખા નહોતી શૂલેસની ફેરી ફરતાં એ સીટી વગાડતો અને સંગીતના સૂર લ્હેરાવતો જતો હતો. જેઓને ઘણા ઘણા સુભાગી કહી શકાય એવા અનેકને એનો નિષ્કલંક આત્મા એક પ્રેરણા છે. (અંગ્રેજીમાંથી)

લઘુ ભારત ગુજરાત

*** આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવે ભાવનગરમાં આપેલા 'ગુજરાત અને કેળવણી' નામના મનનીય વ્યાખ્યાનમાં ગુજરાતના માનવકુળના ઘડતરની એક અતિ-સંક્ષિપ્ત પણ સર્વગ્રાહી અને સુંદર સમાલોચના કરીને આપણા પ્રાંતને લઘુ ભારત સાબિત કર્યો છે. એ પૅરૅગ્રાફ અભ્યાસનીય હોવાથી . . . . . .

ગુજરાત એટલે હિન્દુસ્તાનની મધ્ય-પશ્ચિમે આવેલી ભૂમિ નહિ, પણ એ ભૂમિમાં વસતી પ્રજા. જડ ભૂમિ કરતાં એમાં વસતું માનવકુળ વધારે મહત્ત્વનું છે, અને પૂર્વકાળમાં અનેક દેશોનાં નામ એમાં વસતી પ્રજા ઉપરથી પડ્યાં છે એ ઉચિત જ થયું છે. ગુજરાતી તરીકે આપણે અભિમાન ધરીએ તો આપણી પ્રિય ભૂમિને એ અભિમાનમાંથી વીસરીએ

નહિ, પણ આપણી માનવકુળની વિશિષ્ટતાને એ કરતાં પણ અધિક સ્પર્શીએ. ઋગ્વેદના સમયથી જ આર્યો દ્રાવિડો સાથે ભળેલા હતા એ આપણે શબ્દશાસ્ત્રના પ્રમાણથી જાણતા જ હતા, પરંતુ એમાં યે ગયા દસકામાં સિન્ધુ નદીના પ્રદેશમાં થએલાં ખોદાણથી જે હકીકત બહાર આવી છે એણે એ વાતની ખાતરી કરી આપી છે. જેમ જેમ એ પ્રજા ગંગા-યમુનાના પ્રદેશમાં પૂર્વ તરફ વિસ્તરતી ગઇ તેમ તેમ દ્રાવિડ અને બીજાં તત્ત્વો એમાં વધતાં અને ઉમેરાતાં ગયાં. ઉત્તર હિન્દુસ્તાનને એક ગાય રૂપે કલ્પો તો એના આંચળમાંથી ત્રણ સેરો દક્ષિણ તરફ પડતી જણાશે. એક તો સિન્ધુ નદીના મુખ તરફ અને એની દક્ષિણે પશ્ચિમ સમુદ્ર-તટના પ્રાંતોમાં વિસ્તરતી; બીજી એ જ પ્રમાણે હિંદુસ્તાનને પૂર્વ કાંઠે ગંગાના મુખથી દક્ષિણ તરફ પ્રસરતી; અને ત્રીજી એ બેની વચમાં, પ્રયાગથી માંડી દક્ષિણમાં જતી. આ ત્રણમાં પશ્ચિમ સેર ગુજરાતમાં આવેલી. તે પછી ગંગા-યમુનાની ખીણમાંથી એક આર્ય-દ્રાવિડ સેરે આનર્ત અને સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો, અને એ પછી અતિ પુરાણા કાળમાં છેલ્લો પ્રવેશ કર્યો શ્રીકૃષ્ણે અને યાદવકુળે, જેમણે દ્વારકામાં રાજધાની સ્થાપી. યાદવો પછીના અંધાધુંધીના કાળમાં અનેક શસ્ત્રજીવી લોકો આ પ્રાંતમાં પેઠા. તે પછી મૌર્ય સમયમાં એ પ્રાચીનતર અને પ્રાચીનતમ લોક સાથે કાંઇક પરદેશી લોક શકયવનાદિક, અને કાંઇક પૂર્વ અને ઉત્તર હિંદુસ્તાનની મૌર્ય સામ્રાજ્યની પ્રજા તથા બિહાર બંગાળાના જૈનો, જેમણે વઢવાણ, પાવાગઢ અને ચાંપાનેર નગરનાં નામ પાડ્યાં છે—એ સહુ મળીને ગુજરાતની વસ્તી બંધાઇ, તેમાં આભીરો-જેમણે ઉત્તર મધ્ય અને પશ્ચિમ હિંદુસ્તાનમાં મહારાજ્ય સ્થાપ્યું હતું એમનો પણ થોડો ભાગ નથી. આનર્ત અને સૌરાષ્ટ્ર તે નર્મદાની ઉત્તરનું ગુજરાત અને વર્તમાન કાઠીઆવાડ: પણ આપણું હાલનું ગુજરાત આનર્ત સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ મળીને થએલું છે, તેમાં નર્મદાના દક્ષિણનું ગુજરાત તે લાટ, જેમાં ભરૂચ વગેરે પ્રાચીન ધર્મ અને વેપારમાં બહુમાન્ય થએલાં નગરો આવેલાં છે. વલભી રાજ્ય એ મધ્ય ગંગા પ્રદેશના ગુપ્ત મહારાજ્યનો ફાંટો હોઇ પંજાબ ઉપરાંત પૂર્વના ગંગાકાંઠાની વસ્તી પણ આપણા પ્રાન્તમાં આવેલી છે. અને એ દરમિયાન તેમ તે પછીના સમયમાં પંજાબ અને રજપુતાનામાંથી ગુર્જર લોક પણ અત્રે આવી વસ્યા, જેમના નામ ઉપરથી ગુજરાતનું અત્યારનું સુપ્રસિદ્ધ નામ પડ્યું છે એ સૌ જાણે છે. તે પછી અનેક રાજપૂત વંશો ચાલ્યા તેમાં ઉત્તરમાંથી દક્ષિણમાં ગએલા અને દક્ષિણમાંથી પાછા ઉત્તર તરફ ધસેલા રાષ્ટ્રકૂટ વંશજો મુખ્ય છે. આ રાજપૂત સમયમાં યજ્ઞાદિ કર્મ માટે નિમંત્રેલા ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણો અત્રે આવી વસ્યા તેમજ દક્ષિણ રાષ્ટ્રકૂટની સાથે દક્ષિણી બ્રાહ્મણો પણ નર્મદાતટ સુધી આવી વસ્યા હશે એમ અનુમાન થાય છે. આ પ્રમાણે હિંદુસ્તાનના અનેક પ્રાંતોની વસ્તીમાંથી—તે પછીના સમયમાં મૂળે મુસલમાન અને મુસલમાન થએલા હિંદુઓ તે જ પ્રકારના ખ્રિસ્તીઓ અને શુદ્ધ પારસીઓ મળીને તથા આપણા વર્તમાન ગુજરાતની વસ્તી બનેલી છે.

આ આપણી ગુજરાતની વસ્તી જેમ બહુ પ્રાંતમાંથી ગુજરાતમાં એકઠી થઇ છે, તેમ એ ગુજરાતમાંથી વેપાર અર્થે બહુ પ્રાંતમાં ફેલાઇ પણ છે. આ વિસ્તૃત ગુજરાતને જેમ 'બૃહદ્ ગુજરાત' કહેવાની પ્રથા પડી છે, તે જ પ્રમાણે બહુ પ્રાન્તમાંથી અત્રે આવીને વસેલી વસ્તીનો મેં જે વૃત્તાંત આપ્યો એ ધ્યાનમાં લેતાં ગુજરાતને 'સંક્ષિપ્ત હિંદુસ્તાન' વા 'લઘુ ભારત' કહીએ તો તે ખોટું નથી.

હિંદનાં છાપખાનાંનો ઇતિહાસ

હિંદુસ્તાનનું પહેલું વર્તમાનપત્ર કલકત્તાનું 'બેંગાલ ગૅઝેટ' કહેવાય છે. ઇ.સ. ૧૮૧૬માં ગંગાધર ભટ્ટાચાર્યજીએ તે શરૂ કર્યું હતું અને એક વર્ષ સુધી પ્રગટ કર્યું હતું. મિ. ડગલાસ મેકમરી કહે છે તેમ આજે તેનો એક પણ અંક મળી શકતો નથી અને તેની ભાષા સંબંધી પણ ચોક્કસ નિર્ણય થઇ શકતો નથી. ૧૮૧૮ના એપ્રિલમાં બંગાળી માસિક 'દિગ્દર્શન' શરૂ થતાં હિંદી વર્તમાનપત્રકારિત્વનું પ્રકરણ શરૂ થયું કહી શકાય. કલકત્તા નજીક સીરામપોરના મિશનમાંથી તે પ્રગટ થતું હતું. માતૃભાષામાં છાપવાનું કામ સીરામપોરમાં તો ઇ.સ. ૧૮૦૦ થી ચાલતું હતું. આ માસિક ફતેહમંદ નીવડતાં ૧૮૧૮ના મે માસની ૨૩મી તારીખે મિશને પહેલું બંગાળી વર્તમાનપત્ર 'સમાચાર દર્પણ' શરૂ કર્યું. આ વર્તમાનપત્રનું તંત્ર જાણીતા ઇતિહાસકાર તથા પાદરી જે. સી. માર્શમૅનની દેખરેખ નીચે હતું એ એકવીસ વર્ષ ચાલ્યું: પરંતુ તેની વ્યવસ્થા હમેશ માટે યુરોપીઅનોના હાથમાં હતી.

સંપૂર્ણ દેશી દેખરેખ નીચેનું હિંદમાં પહેલું વર્તમાનપત્ર 'સંવાદ કૌમુદી' હતું તે અંગ્રેજી અને બંગાળી બને ભાષામાં પ્રગટ થતું હતું. ઇ.સ ૧૮૨૧ના ડિસેમ્બરની ૪થી તારીખે તે શરૂ થયું બાબુ તારાચરણ દાસ તથા બાબુ ભુવનીચરણ બંદોપાધ્યાય તેના તંત્રીઓ હતા અને રાજા રામમોહનરાય તેમાં લેખો લખતા તથા તેને ઉત્તેજન આપતા. તે ૧૮૫૨ સુધી ચાલ્યું. ઉદારમતવાદીઓનું તે મુખપત્ર હતું.

રામમોહનરાયે એક દ્વિભાષી માસિક પણ ૧૮૨૧ માં શરૂ કર્યું તેનું નામ 'બ્રાહ્મણીકલ મૅગેઝીન' હતું, અને તેનું ધ્યેય 'સમાચાર દર્પણે' કરેલા હુમલા સામે હિંદુ ધર્મનો બચાવ કરવાનું હતું આ માસિક લાંબો સમય જીવ્યું નહિ; પણ પછી રામમોહનરાયે 'મિરત-અલ-અખબાર' નામનું ફારસી ભાષામાં વર્તમાનપત્ર ૧૮૨૨માં શરૂ કર્યું. ૧૮૨૩ની વર્તમાનપત્રો પ્રત્યેની કડક નીતિને અંગે તે પણ બંધ પડ્યું. ફરી ૧૮૨૯માં 'બંગાળી હૅરલ્ડ' સ્થાપવામાં રામમોહનરાયે મદદ કરી. તે અંગ્રેજી, બંગાળી, ફારસી તથા નાગરી ભાષામાં પ્રગટ થતું હતું!

ઉદારમતવાદીઓના પત્ર 'સંવાદ કૌમુદી'ની સામે થવા તથા સતીની પ્રથાને ટકાવી રાખવા ચુસ્ત સનાતનીઓનું એક પત્ર ૧૮૨૨માં શરૂ થયું તેનું નામ 'સંવાદ ચંદ્રિકા' હતું લગભગ તે જ સમયે એક અંગ્રેજી પેઢીએ ફારસી ભાષામાં બીજું પત્ર 'જામે જહાં' ઇ.સ. ૧૮૨૨ની ૨૬મી માર્ચે પ્રકટ કર્યું. સીરામપોરમાં પ્રગટ થતાં મિશનરીનાં પત્રો બાદ કરતાં આ બધાં પત્રો કલકત્તામાં જ પ્રગટ થતાં હતાં.

૧૮૨૨ના જુલાઇની ૧લી તારીખે મુંબાઇમાં 'મુંબઈ સમાચાર' પ્રગટ થયું. જેમ બને તેમ વધારે ઉપયોગી થઈ પડવાના હેતુથી પારસી તથા હિંદુ બંનેને અનુકૂળ પડે તેવી ગુજરાતી ભાષામાં તે પ્રગટ થતું હતું. ફરદુનજી મર્ઝબાન નામના પારસીએ તે શરૂ કર્યું. માત્ર પશ્ચિમ હિંદમાં જ પત્ર પ્રગટ કરનાર જ નહિ પણ ગુજરાતી ભાષામાં છાપનાર પણ તે પહેલા હતા. તેમનું મુંબાઈનું છાપખાનું હિંદમાં પહેલું દેશી છાપખાનું હતું. ૧૮૧૨માં તે છાપખાનું શરૂ થયું અને 'મુંબાઇ સમાચાર'ની શરૂઆત પછી દસ વર્ષ સુધી મર્ઝબાને તે ચલાવ્યું. તે પછી ઘણાં પત્રો નીકળ્યાં, પણ આજે એ આગલાં દેશી વર્તમાનપત્રોના અવશેષ રૂપ માત્ર 'મુંબઈ સમાચાર' અને જામે જમશેદ જ બાકી રહ્યાં છે. બાકીનાં ઘણાંખરાં માત્ર થોડાં જ વર્ષ ચાલ્યાં હતાં.

(પુસ્તકાલય) —છોટાલાલ માનસિંગ કામદાર

નિદ્રાના સમયમાં ફેરફાર

* * * રાત્રિના પહેલા પ્રહરમાં સૂઇ જઇને છેલ્લા પ્રહર પહેલાં પથારી છોડવાનો આદેશ તો આર્ય જીવનનો મૂળથી જ છે. પણ આજનું વિજ્ઞાન અખતરો કરીને એથી યે એક ડગલું આગળ વધે છે. પ્રયોગ કરી જોવો છે? વાંચો તો ખરા . . . કદાચ મન થશે.

હૉલૅન્ડના જર્મન વૈજ્ઞાનિકો જેમણે નિદ્રાના વિષયનાં પુસ્તકોનો ખૂબ અભ્યાસ કર્યો છે તથા તે સંબંધમાં જાતે પ્રયોગો પણ કરી જોયા છે તેઓ દાવો કરે છે કે મનુષ્યજાતિની માનસિક તથા શારીરિક શક્તિમાં વધારો કરવો હોય તો મનુષ્યોએ નિદ્રા લેવાના તથા જાગૃત થવાના સમયનો અદલોબદલો કરવો જોઇએ! આ સંબંધમાં ૧૫ પ્રયોગો કરવામાં આવ્યા છે અને તે ઉપરથી એમ પુરવાર કરવામાં આવ્યું છે કે નિદ્રા માટેનો આદર્શ સમય તો મધરાત પહેલાંનો છે, અને જો મધરાત પહેલાં સારીરીતે પુષ્કળ ઊંઘ લેવામાં આવે તો અત્યંત લાભ થાય તેમજ માનસિક તથા શારીરિક શક્તિમાં પુષ્કળ વૃદ્ધિ થાય. આ ઉત્તમ નિદ્રાના સમયનું પ્રમાણ તે મધરાત પહેલાં ચારથી પાંચ કલાકનું ગણાય છે. આ સંબંધમાં જુવાન વિદ્યાર્થીઓએ પ્રયોગો કર્યા હતા અને જે વિદ્યાર્થીઓએ આવા પ્રયોગો કર્યા હતા તેમને સૌને એમ લાગ્યું હતું કે જો તેઓ સાંજે ૭ વાગે નિદ્રા લેવા જતા હતા તો કુદરતી રીતે જ રાત્રિના ક. ૧૧ અને ૨૦ મિનિટે તેમનાથી ઊઠી જવાતું હતું; અને ત્યાર પછી તેઓ ૨૪ કલાકમાંના બાકી રહેલા તમામ સમય દરમિયાન પોતાનો સમય અભ્યાસમાં તથા બીજા કામમાં વ્યતીત કરી શકતા હતા, એટલું જ નહિ પરંતુ તેમનું કામ આ સમય દરમિયાન વધારે સારી રીતે થઇ શકતું હતું, છતાં તેમનાં મન કે શરીર ઉપર થાકની નિશાની જણાતી ન હતી. આ પ્રયોગ તેમણે ૬–૧૨ મહિના સુધી ચાલુ રાખ્યો, અંતે તેમને માલૂમ પડયું હતું કે તેમની ભૂખ ઊઘડી હતી તથા તેમની તંદુરસ્તી સુધરી હતી. (પ્રજાબંધુ)

બોરડી

* * * તમે બોર ખાવા જ્યાં અનેકવાર ગયા હશો અને જેને કેટલીયે વાર ઝૂડયાં હશે એ ઝાડ વિષે આટલી વિગતથી જાણતા હતા?

બોરડીને સંસ્કૃતમાં બદરી, મરાઠીમાં બોર, હિંદુસ્તાનીમાં બેર અને અંગ્રેજીમાં જુજુબ ટ્રી કહે છે. આ ઝાડ આખા હિંદુસ્તાનમાં વ્યાપી રહેલું છે. બોરડીની ઘણી જાત થાય છે એના ફળને બોર કહે છે. ચણીબોર, રાંદેરી બોર, કોંકણી બોર, અજમેરી બોર એમ બોરની ઘણી જાતો આવે છે.

એ ઝાડની ડાળીઓ પર કાંટા હોય છે. આ કાંટાઓની હમેશાં જોડી હોય છે અને તેમાંનો એક સીધો અને બીજો વળેલો હોય છે. પાનનો આકાર ઇંડાના જેવો અને તેની કોરણ કરવતના દાંતા જેવી હોય છે તથા દાંડી હમેશાં ટૂંકી હોય છે. પાંદડા પર ત્રણ મુખ્ય નસો હોય છે અને તે નસો જ્યાં આગળ પાન દાંડી સાથે જોડાય છે ત્યાંથી નીકળી બીજા છેડા તરફ જાય છે.

બોરડીનાં ફૂલ નાનાં ને લીલાશ પર પડતાં પીળાં હોય છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધીમાં તે ફૂલ બેસે છે. ફળ નારંગી રંગનાં અથવા રાતાં હોય છે અને ખાવામાં તેનો ઘણે ઠેકાણે છૂટથી ઉપયોગ થાય છે. બોરની અંદર એક ઠળીઓ હોય છે તે જ તેનું બી હોય છે.

બોરડીનું ઝાડ ગમે તે ઠેકાણે સહેલાઇથી ઊગી શકે છે. બોરડીના ઝાડ પર લાખ થાય છે અને આ બોરડીની લાખ રંગ બનાવવાના તેમજ બીજા ઉપયોગમાં ખૂબ વપરાય છે.

બોરડીનું લાકડું ઘર બાંધવાના કામમાં વપરાતું નથી, પણ હળ તથા ગાડાં બનાવવાના કામમાં તો તે ઠીક વપરાય છે. બોરડીનાં સૂકાં પાંદડાં (પાલો) ઢોરના ખાવામાં વપરાય છે.

બોરડીના ઝાડ ઉપર કાંટા હોવાથી તે પર ચઢવું ઘણું અઘરું હોય છે. આપણી બાજુ જે ચણીબોર થાય છે તેનાં ઝાડ તો નાના છોડ જેવાં થાય છે. તેની પર કાંટા પણ પુષ્કળ જ હોય છે. ચણીબોર હાથવતી તોડવાં ઘણાં કપરાં હોય છે કારણ તેમ કરવા જતાં તરત જ કાંટો હાથમાં વાગી જાય છે. આ અનુભવ તમારામાંના તો કોઇકને જ નહિ થયો હોય. આથી ચણીબોર હમેશાં લાકડી વતી ઝૂડીને નીચે પડાય છે ને પછી તેને નીચે જમીન પરથી વીણીને એકઠાં કરાય છે. ઘણા

લોકો ખેતરમાં બોરડીના નાના નાના છોડની વાડ પણ કરે છે.

બોરડીનાં પાંદડાં અને ઉબરાનાં પાંદડાં બારીક વાટી તેની ગોળી બનાવી વીંછી કરડ્યો હોય તે જગ્યાએ મૂકી ઉપરથી પાટો બાંધી દેવાથી ડંખની વેદના થોડા વખતમાં ઓછી થઇ જઇ ઝેર ઊતરી જાય છે. —રતિલાલ વિ. દલાલ.

ગોરખ મઢી અને પ્રાચી

*** આપણાં વિવિધ આકર્ષક સ્થાનોનો પરિચય આપતા આવા નાના લેખોની અમારી માગણીનો સારો જવાબ મળ્યો છે. સૌ વાચકો એમાં ભાગ લે.

પ્રભાસપાટણથી પ્રાચી જતાં રસ્તામાં ગોરખમઢી નામનું નાનું ગામ આવે છે. આ ગામને ગુરુ ગોરખનાથના નામ ઉપરથી ગોરખમઢી કહે છે. ગામ નાનું પણ સ્વચ્છ અને રળિયામણું છે અને તે ગોરખનાથના ચેલાઓથી ઊતરી આવેલા બાવાઓનું છે. ત્યાંના રાજમહેલના ચોગાનના ભોંયરામાં ગોરખમઢી આવેલી છે. એ સ્થળ બતાવનાર બાવો દીવો લઇને આપણી આગળ ચાલે છે. ભોંયરામાં પ્રવેશતાં જ પથ્થરનાં પગથીઆં છે. દસ બાર પગથીઆં ઊતર્યાં પછી ડાબા હાથ તરફ વિશેષ અંધારાવાળા ભાગમાં થોડાં વધુ પગથીઆં ઊતરતાં સામે ગોરખનાથની મઢી દેખાય છે. તેમાં ફક્ત ગોરખનાથની સમાધિ છે. એ સમાધિ આગળ ઘીના અખંડ દીવા બળ્યા કરે છે. ભોંયરાનો રસ્તો ખૂબ સાંકડો તથા અંધારાવાળો હોવાથી પાંચ સાત કરતાં વધારે માણસોએ એકીસાથે નીચે ઊતરવું સારૂં નથી, કારણકે અંદર હવા ઉજાસ માટે પૂરતી સગવડ ન હોવાથી વધારે વખત રોકાતાં ગૂંગળાઇ જવાનો સંભવ છે. બહારના ભાગમાં, રાજમહેલના ચોગાનમાં જ મત્સ્યેન્દ્રનાથની સમાધિ છે અને તેની પાસે અખંડ ધૂણી ધખ્યા કરે છે. ઘણા ભાવિકો અહીં શ્રીફળ વધેરી ધૂણીમાંથી ભભૂતિ (રાખ) લઇ કપાળે લગાવે છે.

અહીંથી પ્રાચી જતાં રસ્તાની બંને બાજુએ પુષ્કળ ઝાડી આવે છે. આસપાસ ડુંગરાઓની ધારો અને ચોપાસ ફૂલીફાલી રહેલી વનવાટિકા જોઇ આ કુદરતી સૌંદર્ય નિહાળતાં મન ધરાતું જ નથી, કારણકે આ સ્થળ ગીર પ્રદેશની બરાબર મધ્યમાં આવેલું હોઇ ખૂબ રમણીય છે. પ્રાચીમાં એકાદ બે ધર્મશાળા, એક બે દુકાન અને હૉટેલ સિવાય બીજું કંઇ નથી. અહીં શિવાલયો અને બીજાં દેવળો ઘણાં છે, પણ તેમાંનાં ઘણાંખરાં ખંડિયેર સ્થિતિમાં છે. અહીં સરસ્વતી નદીના વહેણમાં જ માધવરાયની શ્યામસુંદર મૂર્તિ છે. આ નદીમાં કદી પાણી ખૂટતું જ નથી એમ મનાય છે. પાસે કુંડો બાંધેલા છે તેમાં યાત્રાળુઓ સ્નાન કરી પીપળાને પાણી રેડે છે. જેઓ પ્રભાસ-ત્રિવેણીમાં શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરે છે તેઓ પિતૃઓની સદ્‌ગતિને અર્થે ખાસ કરીને આ પીપળાને પાણી રેડવા જ અહીં આવે છે. દર ભાદરવી અમાસે અહીં મેળો ભરાય છે અને ત્યારે આજુબાજુનાં ગામડાંના ભરવાડ, રબારી, કોળી, અંત્યજો વગેરેની પુષ્કળ માનવમેદની એકઠી થાય છે. તેઓ સ્નાન કરે છે, પીપળે પાણી રેડે છે, ખાયપીએ છે અને એ રીતે આનંદ મેળવતાં બધું વાતાવરણ પવિત્ર બનાવે છે; અને પછી 'બેઠા નદીમાં જઇ રે માધવરાય' એ લોકગીત લલકારતા દાંડીઆરાસની રમઝટથી ગીરપ્રદેશને ગજવી મૂકે છે.

(જાફરાબાદ) —કેશવલાલ જટાશંકર મહેતા

કાઠિયાવાડના ગૃહઉદ્યોગો

*** યુરોપના ભલભલા દેશોના માલની હરીફાઈ કરીને દુનિયાને ખૂણેખૂણે પગપેસારો કરનાર જાપાની માલની ફતેહનું એક કારણ તેના ગૃહઉદ્યોગો છે. હિંદના ગૃહઉદ્યોગોને પણ ખીલવવામાં આવે તો બીજું તો કાંઈ નહિ, પણ આ તેત્રીસ કરોડની વસ્તીના દેશને પરદેશી ચીજો પર આધાર રાખવો ન પડે. એ રાષ્ટ્રદૃષ્ટિથી આ ઉદ્યોગોની માહિતી ઉપયોગી છે.

મહુવાનાં લાકડાનાં રંગીન રમકડાં આખા ગુજરાત-કાઠિયાવાડમાં મશહૂર છે. અહીંના સંઘાડીઆ કેરી, કેળાં, કાકડી વગેરે ફળો અને શાકભાજીથી માંડી તજ, લવીંગ, એલચી વગેરે અનેક જાતની વસ્તુઓ લાકડામાંથી સંઘેડા ઉપર ચઢાવીને આબેહૂબ રંગની બનાવી આપે છે.

આવાં રમકડાં બનાવવાનાં અહીં છ સાત કારખાનાં છે અને તેમાં લગભગ પંદર સંઘેડા ફરે છે. રમકડાં બનાવવામાં ફક્ત પંદર માણસો રોકાયા છે. ઉપરાંત દરેક જેટલા મજૂરો સંઘેડા ફેરવવાનું કામ કરે છે. એક સંઘેડા ઉપર દરરોજનું આશરે બે રૂપિયાનું કામ થાય. તેમાંથી આઠ આના તો મજૂરને આપવાના હોય છે.

આજે તો આર્થિક મંદીને કારણે લોકોને રમકડાંનો શોખ ભારે પડ્યો છે; એટલે જ્યાં પહેલાં ચારચાર પેટી માલ ખપતો ત્યાં આજે એક પેટી પણ ખપતો નથી. ઉપરાંત જાપાનનાં પરદેશી રમકડાંએ પણ મહુવાના આ ઉદ્યોગને જબ્બર ફટકો (મરણતોલ કહીએ તો ચાલે) લગાવ્યો છે.

રમકડાં બનાવવામાં વપરાતું લાકડું પોચું જોઇએ. તેને માટે 'દૂધીઉં' લાકડું વપરાય છે, જેમાંથી રમકડાં ઉતારવાં બહુ સહેલાં પડે છે. કાઠિયાવાડમાં પાલીતાણા તથા ગીરના પ્રદેશોમાં આવી જાતનું લાકડું ઉત્પન્ન તો થાય છે, પણ તે બજારમાં મળતું નથી; એટલે મહુવામાં તો વલસાડથી લાકડું આવે છે. સંઘાડીઆઓ લાકડું સીધું વલસાડથી ન મંગાવતાં સ્થાનિક વેપારીઓ પાસેથી દર વરસે આશરે ૨૦૦ ખાંડી જેટલું ખરીદે છે. જો બધા સહકાર કરીને સીધો માલ મંગાવે તો કારીગરોને ખાંડીએ લગભગ ૫ થી ૭ રૂપિયાનો ફેર પડી જાય.

અહીંનાં રમકડાં વધુ પ્રમાણમાં તો ગુજરાત કાઠિયાવાડમાં જાય છે. મ્હૈસુર, બૅંગલોર વગેરે સ્થળોએ લાકડાનો માલ થાય છે, પણ તે અહીંના જેવો નહિ. (ગુજરાત સમાચાર)

વૈજ્ઞાનિક વાયુની સહાયથી નુકસાનકારક જંતુઓનો નાશ

ઝાડપાનને લાગુ પડતી જીવાત, પાળેલાં પ્રાણીઓનાં અંગ પર ચડતા જાતજાતના જંતુઓ, વહાણમાં પેઠેલા નુકસાનકારક પ્રાણીઓ અને ઘરમાં જામી ગએલા ચાંચડ, માકડ અને જૂ જેવી જીવાતોનો નાશ કરવા સારૂ આજ સુધીમાં જાતજાતના પ્રયોગોની અજમાયશ કરવામાં આવી છે. તંબાકુ, મોરથુથુ, સાબુ અને હીંગનું પાણીમાં તૈયાર કરેલું દ્રાવણ ઝાડપાનને લાગુ પડેલી જીવાતનો નાશ કરવા માટે બાગબગીચામાં છંટાય છે; ગાયોની છાપરીમાં ફિનાઇલ, ડામર કે ઘાસલેટ છંટાય છે; અને ઘરમાંના જંતુઓનો નાશ કરવા માટે આજે વપરાતી ફ્લિટ કે પોયઝા અસ્તિત્વમાં આવ્યાં એ પહેલાં અગરબત્તી, ઇસેસનો ધૂપ કે કડવો લીંબડો બાળવામાં આવતાં હતાં. પરંતુ ઉપર જણાવેલા પદાર્થો મોટે ભાગે દ્રવરૂપ હોવાથી તેના સંસર્ગમાં જ આવનારા જીવજંતુઓનો નાશ થતો અને ખુણે-ખાંચરે કે લાકડાની ફાટ વગેરેમાં લપાઈ રહેલા જીવજંતુઓને કોઇપણ જાતની અસર થતી નહિ. જ્યારે વાયુના છંટકાવથી એથી ઊલટી જ અસર થાય છે. જેટલી મોકળાશ હોય એ સઘળી વાયુથી ભરાઈ જાય છે અને તેની બેવડી અસર થાય છે. એક તો કેટલાક વાયુ વિષમય હોવાને કારણે શ્વાસમાં ભળતાં વારને જ જંતુ મરી જાય છે અને બીજું કેટલાકનો ગુણધર્મ દાહક હોવાથી પ્રાણીઓના શરીરના બાહ્ય ભાગ પર તેની અસર થતાં તે નાશ પામે છે.

ઝેરી અથવા દાહક વાયુની અસરથી પ્રાણીમાત્રને ઇજા થવાનો સંભવ હોવાથી આ દવાનો ઘણી સાવધાનીથી ઉપયોગ કરવો પડે છે. આપણામાં ગંધકનો ધૂપ કરવાની પ્રથા ઘણી જૂની છે, અને ગંધકનો વાયુ સલ્ફર ડાયૉકસાઇડ ગૅસ ઘણા થોડા પ્રમાણમાં માણસોને નુકસાનકારક હોવાથી, બંધ બારી-બારણે કરવામાં આવેલા ધૂપથી કાંઇ ઝાઝી હાનિ નથી; પરંતુ એથી બધી જાતનાં જંતુઓનો નાશ ન થતો હોવાથી એ ધૂપનો વાયુ એટલો બધો અગત્યનો નથી.

પહેલું તો જે ઘરમાં ઝેરી અગર દાહક વાયુનો છંટકાવ કરવો હોય તેની ભીંત અગર છતમાં વાયુ બહાર નીકળી જવા માટે લેશ માત્ર માર્ગ હોવો ન જોઇએ. પરંતુ દરેક બાબતમાં એમ નથી. યુરોપમાં ઘોડા અને કૂતરાંના શરીર પરના જંતુઓ વિશિષ્ટ પ્રકારના હોવાથી એમને અપાતો ગંધકના ધૂપનો વાયુ એમનાં મોને અસર ના કરે એવી રીતે આપવામાં આવે છે. આવી રીતે કાર્બન ડાયસલ્ફાઇડ નામના પદાર્થનો ઉપયોગ પણ કરવામાં આવે છે; પરંતુ એ સહેલાઇથી સળગી જાય એવો હોવાથી અને તેની વરાળ અને બહારની હવાનું મિશ્રણ સ્ફોટક હોવાથી તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં સહેલાઇથી થઈ શકતો નથી. પરંતુ એને બદલે એરેજિનાલ નામનો વાયુ જલદીથી સળગી ઊઠે એવો ન હોવાને કારણે અને જંતુનાશક હોવાથી તે બહુ વપરાય છે. એ જ પ્રમાણે લાકડાની વસ્તુઓ, કપડાં વગેરેને ઉધઇ જેવી જીવાત લાગે એટલા માટે પહેલાં વપરાતી ડામરની ગોળીઓને બદલે પેરાડાયક્લોર બેન્ઝી નામનો પદાર્થ વપરાય છે અને તે ગ્લો બૉલ તરીકે વેચાય છે. ડામરની ગોળીઓ કરતાં એ જલદીથી ઊડી જાય એવો હોવાથી કબાટ, પેટીપટારા વગેરેમાં તેની વાસ જલદીથી વ્યાપે છે અને જીવાતનો નાશ કરે છે.

હાઇડ્રો સાયનિક અને એથિલીન ઑક્સાઇડ (ટી ગેસ) નો પણ જંતુઓનો નાશ કરવા માટે વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે, પરંતુ આ જંતુઘ્ન વાયુઓ ઘણા ઝેરી હોવાને લીધે એનો વપરાશ બહુ સાવચેતીથી કરવો પડે છે. ખૂણેખૂણામાં ભરાયેલા જંતુઓનો નાશ કરવામાં હાઇડ્રો સાયનિક અથવા પ્રુસિક આલ્મ એટલો તો અસરકારક છે કે બરાબર સાવચેતીથી લોટ દળવાની ઘંટીઓના મકાનમાં, લોટના કસ્તરમાં જામી ગએલા જંતુઓ મારવા અને વહાણમાં ઉંદર વગેરેને નાશ કરવામાં એ વપરાય છે. પ્રુસિક આલ્મ કરતાં ટી-ગૅસ વધુ હાનિકારક હોવાને કારણે ગૅસમાસ્ક વગેરે સાહિત્યની સહાયથી જ વાપરી શકાય છે.

ઝાડને લાગુ પડતી જીવાત મારવા પ્રુસિક આલ્મ વપરાય છે. યુરોપમાં તો જે ઝાડને જીવાત લાગુ પડી હોય તેની સઘળી બાજુઓ ઉપરથી તંબૂ ખેંચી ઢાંકી દેવામાં આવે છે અને પછી જરૂરીઆત પ્રમાણે દ્રવરૂપ પ્રુસિક આલ્મનો ફુવારો છોડવામાં આવે છે. કોઇ વખત સોડિયમ સાયનાઇડ અને સલ્ફ્યુરિક આલ્મનું દ્રાવણ પણ વપરાય છે, પરંતુ હાલ તો બહુધા કૅલ્સ્યમ સાયનાઇડ નામનો પદાર્થ વપરાય છે. આ પદાર્થની પૂડ ધીમેધીમે નાશ પામી તેમાંથી પ્રુસિક આલ્મ નીકળતો હોવાથી યુરોપનાં ગ્રીન હાઉસો (બગીચાઓમાંના ગ્રીષ્મગૃહો વગેરે)માં એ બહુ વપરાય છે. ગ્રીનહાઉસના ક્ષેત્રફળ અને આકારના પ્રમાણે એ કેટલો વાપરવો એનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. (અંગ્રેજી ઉપરથી)

વૈશ્વકિરણ

જેને આપણે 'ક્ષ' કિરણો તરીકે જાણીએ છીએ, એ ઍક્સ રે અથવા પારાયણી કિરણો ઇ. ૧૮૧૫માં દુનિયામાં જાણીતાં થયાં ત્યારે તેના પારદર્શીપણા માટે ઘણાને કુતૂહલ થયું. સામાન્ય પ્રકાશકિરણ કાચ અથવા પાણીમાંથી પાર જતાં હતાં, પરંતુ લક્કડપાટી કે પતરાની પાર જઈ શકતાં નહિ, જ્યારે 'ક્ષ' અથવા પારાયણી કિરણો લોઢાલાકડાની કોઇપણ વસ્તુમાંથી આરપાર જઇ શકતાં.

પરંતુ તેમાં યે એક ખામી હતી. એ કિરણો બીજી બધી ચીજોમાંથી પસાર થાય છે, પણ એલ્યુમિનિયમ જેવી હલકા વજનવાળી ધાતુનાં પતરાંની આરપાર જઇ શકતાં નથી. આપણે જેની વાત કરી રહ્યા છીએ એ કૉસ્મિક રેઈઝ તો એલ્યુમિનિયમના પતરાને પણ ભેદી શકે છે! પરંતુ એ 'ક્ષ' કિરણો

કરતાં વધુ ઘન પદાર્થોને ભેદી શકતાં હોવા છતાં પાછાં લોખંડનાં પતરાં કે પથ્થરને ભેદીને એ આરપાર જઈ શકતાં નથી!

એ કૉસ્મિક રે—વૈશ્વકિરણ—ની શોધ અજાણરીતે થઇ હતી. ઇ. ૧૯૦૨માં રથરફોર્ડ અને કૂકસે સીસાનાં અઢેક ઇંચ જાડાં પતરાંની આરપાર જઇ શકે એવું એક વધુ ઘનતર કિરણ શોધ્યું હતું. જ્યારે આ કિરણ શોધાયું તે વેળા એ બે શોધકો રેડિયમ ધાતુમાંથી નીકળનારી રેડિઓ ઍક્ટિવ (રદનશીલ) ધાતુ પર પ્રયોગ કરી રહ્યા હતા. પોતાની પ્રયોગશાળામાં એ ધાતુનો સર્વત્ર સંપર્ક હોવાને કારણે તેઓનું એવું માનવું હતું કે આ કિરણ એ રેડિયો ઍક્ટિવ ધાતુમાંથી જ નીકળ્યું હશે. પરંતુ કેટલાક દિવસ બાદ એમની અજાયબી વચ્ચે એમને માલૂમ પડ્યું કે જે સ્થળે એ રદનશીલ ધાતુનો સંપર્ક સુદ્ધાં નહોતો ત્યાંથી પણ પેલું કિરણ ફૂટી નીકળ્યું હતું!— અને ત્યાર પછી તો એ ક્યાંથી ફૂટી નીકળ્યું એ કોયડાનો ઉકેલ મુશ્કેલ થઈ પડ્યો.

છેલ્લા મોટા વિશ્વયુદ્ધ બાદ ઘણા વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ વધુ ઘનતર ભેદક કિરણનું પ્રાગટ્ય સ્થાન શોધવા માટે પારાવાર જહેમત ઉઠાવી છે. દરેકનું દષ્ટિબિંદુ જુદું હોવાથી દરેકે પોતપોતાની રીતે ઉકેલ આણવા પ્રયત્ન કર્યો છે. પૃથ્વીના ભૂગર્ભમાંથી તો એ નહિ ફૂટી નીકળ્યું હોય? એવી શંકા કેટલાકને થતાં એમણે ભૂતલ પર ઊંચામાં ઊંચે ને ભૂગર્ભમાં ઊંડામાં ઊંડે ઊતરી એની તપાસ કરી છે. જો એ કિરણની ઉત્પત્તિ પૃથ્વીની સપાટી પરથી માનીએ તો તે ભૂગર્ભમાં કે ભૂતલ ઉપર ક્ષીણ હોવું જોઇએ, પણ એ વસ્તુસ્થિતિ નથી. જો એને સૂર્ય પરથી આવતું સ્વીકારીએ તો તે અહર્નિશ એકસરખું હોવું જોઇએ. પરંતુ એમ પણ નથી? ત્યારે એ શું છે? એ હજી કોયડો જ રહ્યો છે. (મરાઠી 'સૃષ્ટિવિજ્ઞાન' ઉપરથી)

વર્તમાન જગતના અગિયાર પ્રચલિત ધર્મો

(તેમના ઉત્પત્તિના કાલક્રમ મુજબ)

નામ	સ્થાપનારની જન્મ તારીખ	કોણે સ્થાપ્યો	કયા દેવને માને છે ?	આજે કયા કયા દેશમાં એ ધર્મને પાળનારાઓ વસે છે ?	એ ધર્મનાં શાસ્ત્રનું નામ	એ ધર્મ પાળનારાઓની આશરે સંખ્યા
હિંદુ ધર્મ	. . . . . .	. . . . . .	બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ને બીજા દેવતાઓ	હિંદ	વેદ ઉપનિષદ અને પુરાણો	૨૨ કરોડ
જૈન ધર્મ	. . . . . .	ઋષભદેવ	ચોવીસ તીર્થંકરો	હિંદ	જૈન આગમો	૧૨ લાખ
જ્યુડાઇઝમ	ઈ.સ પૂર્વે ૧૨૦૦	મોઝીઝ	જેહોવાહ	જુદાજુદા દેશમાં અર્ધોઅર્ધ તો રશિયામાં	ઓલ્ડ ટેસ્ટામેન્ટ	૧ કરોડ અને ૧૦ લાખ
શિન્ટો ધર્મ	ઇ.સ.પૂર્વે ૬૬૦	. . . . . .	કુદરત અને કેટલાયે દેવો	જાપાન	કો–જી–કી અને નિહોન્ગી	૧ કરોડ અને ૬૦ લાખ
ઝૉરૉસ્ટ્રીઅન ધર્મ (પારસીઓનો ધર્મ)	ઈ.સ.પૂર્વે ૬૬૦	ઝોરોસ્ટર	અહુરમઝ્દ	ઇરાન અને હિંદ	અવેસ્તા	૧ લાખ
તાઓઈઝમ	ઇ.સ.પૂર્વે ૬૦૪	લાઓત્ઝે	તાઓ	ચીન	તાઇ–તેહ–કિંગ	૪ કરોડ અને ૩૦ લાખ
બૌદ્ધ ધર્મ	ઇ.સ.પૂર્વે ૫૬૦	ગૌતમ બુદ્ધ	અગાઉ કોઇ નહિ પણ હાલમાં ગૌતમ બુદ્ધ	પૂર્વના બધા પ્રદેશો	ત્રિપિટક	૧૩ કરોડ અને ૭૦ લાખ
કન્ફ્યુશીઅન ધર્મ	ઇ.સ.પૂ. ૫૫૧	કન્ફ્યુશિયસ	સ્વર્ગ અથવા સ્થાપક	ચીન	. . . . . .	૨૫ કરોડ
ખ્રિસ્તી ધર્મ	ઇ.સ.ની શરૂઆત	ઇસુ ખ્રિસ્ત	ગૉડ–ઈશ્વર	ઘણું કરીને દેશોદેશમાં	બાઇબલ	૫૫ કરોડ અને ૭૦ લાખ
ઇસ્લામ ધર્મ	ઈ.સ. ૫૭૦	હ. મહમ્મદ પયગમ્બર	અલ્લાહ	મુસ્લીમ રાષ્ટ્રો	કુરાન	૨૩ કરોડ
શીખ ધર્મ	ઈ.સ. ૧૪૬૯	નાનક	સત્નામ	હિંદ	ગ્રંથસાહેબ	૩૦ લાખ

(સંપાદિત)


—ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

એક વખત કોઈ ભક્તે આપેલો શેરડીનો ભારો લઈ ઘેર આવતાં મહારાષ્ટ્રી સંત તુકારામને રસ્તે ઘણા ગરીબ માણસો મળ્યા તેમના પ્રત્યે દયા ઉપજવાથી તેમને એકેક સાંઠો આપતા આપતા ઘેર પહોંચ્યા ત્યારે તેમની પાસે એક જ શેરડી રહી. તેમની કર્કશા પત્નીને અગાઉથી જ આ સમાચાર પહોંચેલા હોવાથી તેનો પિત્તો ગએલો; એટલે તુકારામ આવતાં જ તેમના વાંસામાં તેણે એટલા તો જોરથી એ સાંઠો માર્યો કે તેના બે કકડા થઈ ગયા! છતાં તે સંતે હસીને કહ્યું કે 'સહધર્મિણીનો ખરો ધર્મ તેં પાળ્યો. મેં તને ખાવાને આખી શેરડી આપી, પણ તેં એકલીએ તે ન ખાતાં મને આપવા માટે તેના ભાંગીને બે કકડા કર્યા.'

અનેકાર્થી શબ્દ. **પદ**=પગ; પદવી–હોદ્દો–સ્થાન–દરજ્જો; બીરુદ–ઉપમાન; કાવ્ય પ્રબંધનો એક પ્રકાર; કવિત પંક્તિ માંહેલો કોઈપણ શબ્દ; ગણિતનો કોઈપણ સંખ્યાંક, મૂળ; ઉત્તરક્રિયા કે શ્રાદ્ધને અંગે અપાતું થાળી-વાડકા વગેરેનું દાન.

કહેવતોના અર્થ: 'વાંસને ઘસિયે વન બળે'=બે વાંસ ઘસાવાથી પ્રકટ થતા અગ્નિને લીધે દાવાનળ લાગી આખું વન બળી જાય છે એ ઉદાહરણનો ઉપયોગ, કોઇ બે માણસોના મામૂલી ક્લેશથી આખા કુટુંબને કે ઘણાં માણસોને નુકસાન થાય તે દર્શાવવા માટે થાય છે.

સંગ્રહણી (સ્પ્રુ)ના દરદીને બધો ખોરાક બંધ કરી કેવળ પંચામૃત (દુધ, દહીં, ઘી, મધ, સાકરના મિશ્રણ)ના માફકસર પાન ઉપર રાખવાથી આરામ થાય છે.



ઉપલી આકૃતિમાં લીટીઓના બતાવેલા જુદાજુદા વિભાગ બધા સરખા હોવા છતાં તેની આજુબાજુ મોરપગલાં જેવાં ચિહ્ન ઉલટાંસુલટાં કરવાથી જ તે નાનામોટા હોવાનો દષ્ટિભ્રમ થાય છે.



ચોમાસામાં રાત્રે કામ કરતી વખતે નાનાં કુદાં અને જીવડાં દીવા ઉપર આકર્ષાઇ આવીને જે ત્રાસ આપે છે તેનાથી મુક્ત થવા એક અમેરિકને ઉપરનો નુસખો અજમાવ્યો. બત્તીની પાછળ ત્રણ દોરી વડે એક ચીકટ કાગળ (ફ્લાઇ પેપર) લટકાવ્યો, જેના ઉપર બેઠેલાં જીવડાં કે માખી ફરી ઊડી જઇ નથી શકતાં.

બનાવટી રેશમનો એક ખાસ ગુણ ખ્યાલમાં રાખજો કે એ ભીનું થાય છે ત્યારે બહુ જ નબળું પડી જાય છે અને સુકાય છે ત્યારે પાછું હતું તેવું મજબૂત બની રહે છે; એટલે એને ધોતી વખતે ખૂબ કાળજી રાખવાની જરૂર છે: એ જ વખતે એને નુકસાન કે અઘટિત ઘસારો પહોંચવાનો સંભવ.

શિક્ષક: સૂર્ય અને ચંદ્રમાંથી વધુ ઉપયોગી કોણ?

વિદ્યાર્થી: ચંદ્ર, સાહેબ! કારણકે રાત્રે પ્રકાશની જરૂર હોય તે વખતે તે પ્રકાશે છે. દિવસે અજવાળું હોય તે વખતે સૂર્ય તો પ્રકાશે છે. એનો શો ઉપયોગ?

એક પાઈન્ટ પાણીએ એક ચમચો સરકો ફ્લાવરપૉટમાં નાખવાથી ફૂલ વધારે વખત તાજાં રહેશે. માત્ર ફૂલની દાંડીઓના છેડા રોજ થોડા કાપતા રહેજો.

લોખંડની અસ્ત્રી ઘણા જણ ઘેર વાપરે છે. તે વાપરીને પાછી મૂકતાં પહેલાં તે થોડી ગરમ હોય ત્યારે તેના તળિયા પર મીણબત્તી અગર થોડું મીણ ઘસજો. એથી કટાતી અટકશે અને બીજીવાર વાપરવી હશે ત્યારે તુરતાતરત ઉપયોગમાં લઈ શકાય એવી રહેશે.

ગણિત ગમ્મત

૧૨૩૪૫૬૭૮૯× ૯+૧૦=૧૧૧૧૧૧૧૧૧૧

૧૨૩૪૫૬૭૮૯×૧૮+૨૦=૨૨૨૨૨૨૨૨૨૨

૧૨૩૪૫૬૭૮૯×૨૭+૩૦=૩૩૩૩૩૩૩૩૩૩


અને આગળ

આપણાં ફેફસાં દસ પાઈન્ટ જેટલી હવા ભરી શકે છે. પણ સામાન્ય રીતે આપણે ઉપયોગમાં તો છ પાઇન્ટ હવા જ લઇએ છીએ.

ચોમાસામાં પલળેલા જોડાને નીતારી તેમાં લાકડાનો વહેર ઠાંસીને ભરી રાખવાથી બધી ભિનાશ ચુસાઇ જશે અને તેનો ઘાટ ચમડાઇને બગડી જશે નહિ. માત્ર તે અગ્નિ અથવા દેવતા આગળ ન રહે એટલી સાવચેતી રાખજો.

યુનાઇટેડ સ્ટેટ્સનું ટપાલખાતું રોજના બે કરોડ અને પાંસઠ લાખ કાગળો તથા બંડલોની સરેરાશ વહેંચણી કરે છે. હિંદના આંકડા તમે જાણતા હો તો લખી મોકલશો?









ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

(૧) ઘાણી—પાણલાલ પટેલ (અમદાવાદ), પહેલું ઇનામ; (૨) તોફાનની આગાહી—પ્રતાપરાય કે. શાહ (ખાર-મુંબાઇ), બીજું ઈનામ; (૩) સુશોભન—નરેન્દ્ર રાવળ (અમદાવાદ), ત્રીજું ઈનામ.

(વિગત માટે જુઓ પૃ. ૩૦૭)